॥ ॐ नमः शिवाय सर्वशिवोप ॥

स्मार्तमतोत्तेजकसभाप्रासनाधिप श्रीमत् परमहंस

परिव्राजकाचार्य स्वामिश्री आत्मानंद सरस्वतीजी

विरचित

श्रीमद्भगवद्गीतारहस्य.

(प्रमेयकथन नामक प्रथमपत्र).

अर्थात्

(श्रीमद्भगवद्गीता आपणने शुं कहे छे ए प्रश्ननो उत्तर).

"ગીતા ગંભીર ભારી ત્રિભુવનપતિ શ્રીવાસુદેવે કહી છે.

તેનું વ્યાખ્યાન સારૂં યતિપતિ ભગવત્પૂજ્યપાદે કર્યું છે.

આત્માનંદે ગુરૂના મુખથકી વિધિવત્ બોધપામી વિચારી,

કીધા ગીતારહસ્ય સુજન દ્વિજ ગ્રહો ગ્રંથ સારો વિચારી."

रचयिता प्रसिद्धकर्ता,

स्वामिश्री आत्मानंदसरस्वतीजी.

સ્થળઃ—

શ્રેયઃ સત્ર, મુ. નાંદોદ.

સંસ્થાન રાજપીપળા.

સંવત ૧૯૬૮—ઇ. સ. ૧૯૧૨.

આવૃત્તિ પેહેલી. પ્રત ૧૦૦૦

કિંમત આના ૭.

स्वामिश्री आत्मानंदसरस्वतीजी विरचित

वेदांत, न्याय, तर्क, मीमांसा तथा सांख्यशास्त्रना सरल गुजरातीग्रंथ.

ब्रह्मसूत्र-शारीरकभाष्यानुवादः—ભગવાન મહર્ષિ શ્રીવેદવ્યાસે ધર્મ-અર્થ-કામ-મોક્ષ-નામક ચતુર્વિધપુરૂષાર્થ પૈકી અત્યંત શ્રેષ્ઠ જે મોક્ષનામક પુરૂષાર્થ તેના સાધનભૂત બ્રહ્મવિદ્યાપ્રતિપાદક શ્રુતિશિરોરૂપ ઉપનિષદોનો યથાર્થ અર્થ જાણવા સારૂ ચતુરાધ્યાયાત્મક બ્રહ્મમીમાંસાશાસ્ત્ર-બ્રહ્મસૂત્ર-કરેલું છે અને તે બ્રહ્મમીમાંસાશાસ્ત્રનું યથાર્થરહસ્ય સ્પષ્ટ થવા સારૂ શ્રીમન્મહેશ્વરાપરાવતાર જગદ્ગુરૂ શ્રીમદ્ભગવત્પૂજ્યપાદાચાર્ય-શ્રી શંકરાચાર્ય-ભગવાનનું તેના ઉપર શારીરકભાષ્ય છે. એટલું જ એ ગ્રંથનું વર્ણન કરવાથી ગ્રાહક જનોને તેનું સ્વરૂપ દર્શાવવાને પુરતું છે. આ વેદધર્મની દિગ્વિજયપતાકારૂપ મહાન્ ગંભીર ગ્રંથનો વેદાંતવિષયાનુરાગી વિવેકીજનોને બોધ થવા સારૂ સરલ ગુજરાતી ભાષામાં અનુવાદ તૈયાર કરેલો છે. તે, **પ્રથમ બ્રહ્મસૂત્ર**, તેના નીચે **શારીરકભાષ્ય**, તેના નીચે **ભાષ્યાનુવાદ** અને તેના નીચે પદ-પદાર્થ વિગ્રહ-હેતુ-વિવરણ તથા તાત્પર્યબોધક **વિસ્તૃતટિપ્પણસહ** પ્રસિદ્ધ કરવામાં આવશે. આ પ્રમાણે પ્રસિદ્ધ કરતા તે આસરે ડોઢથી બેહજાર પાનાનો મોટો ગ્રંથ હોવાથી સર્વ સાધારણ જીજ્ઞાસુઓને અનાયાસે અલ્પ મૂલ્યમાં મળી શકવાના હેતુથી તેનું મૂલ્ય આગાઉ ગ્રાહક માટે રૂપિયા દસ રાખવામાં આવ્યું છે અને એ દસરૂપિયાની રકમ આગાઉ સામટી ન લેતા પાંચ હપ્તે વસુલ થવાના છે. એમ હોવાથી થોડી રકમમાં અને અલ્પ મુદતમાં સંપૂર્ણ ગ્રંથ મળી શકશે એ માટે નીચે દર્શાવ્યા પ્રમાણે વ્યવસ્થા ઠરાવેલી છે.

1 સંપૂર્ણગ્રંથ કાર્યની સગવડને અનુસરીને પાંચ ભાગમાંજ પુરો કરવામાં આવશે અને એકભાગનું વી. પી. મળ્યા પછી બીજા ભાગનું વી. પી ચાર માસની મુદત વ્યતીત થયા પછી મોકલવામાં આવશે.

2 ગ્રંથના પ્રત્યેક ભાગ બે રૂપિયાના વી. પી. થી ગ્રાહક ઉપર મોકલવામાં આવશે અને તે પ્રત્યેક ભાગ માટે થનારો ટપાલખર્ચ તેના ઉપર ચઢાવવામાં આવશે.

3 પ્રત્યેક ગ્રાહકે પોતાનું નામ આગાઉ ગ્રાહકની યાદીમાં દાખલ કરવા સારૂ દશ રૂપિયા પૈકી એક રૂપિયો પ્રથમ મોકલવો તે વિના નામ દાખલ કરવામાં આવશે નહી.

4 પ્રથમ સૂચના આપીને અત્રેથી મોકલવામાં આવેલું કોઈ પણ ભાગનું વી. પી. ન સ્વીકારનારના આગાઉ ગ્રાહકનાના સર્વ હક્ક રદ થયેલા ગણાશે અને ત્યારપછી એકેભાગ તેના ઉપર મોકલવામાં આવશે નહી.

ઓછામાંઓછા ચારસો સુધી આગાઉગ્રાહકની સંખ્યા થયા પછી ગ્રંથનું કામ શરૂ કરવામાં આવશે.

॥ ॐ नमः शिवाय सदाशिवाय ॥

स्वातंमतोपेजकलमाग्रासनाधिप श्रीमत् परमहंस

परिव्राजकाचार्य स्वामिश्री आत्मानंद सरस्वतीजी

विरचित

श्रीमद्भगवद्गीतारहस्य.

(प्रमेयकथन नामक प्रथमपत्र).

अर्थात्

(श्रीमद्भगवद्गीता आपणने शुं कहे छे ए प्रश्नो उत्तर).

" ગીતા ગંભીર ભારી ત્રિભુવનપતિ શ્રીવાસુદેવે કહી છે.
તેનું વ્યાખ્યાન સારૂ યતિપતિ ભગવત્પૂજ્યપાદે કર્યું છે.
આત્માનંદે ગુરૂના મુખથકી વિધિવત બોધપામી વિચારી.
કર્યો આ **गीतारहस्य** સુજન દ્વિજ ગ્રાહ્ય ગ્રંથ સારો વિચારી॥"

रची प्रसिद्धकर्त्ता,

स्वामिश्री आत्मानंदसरस्वतीजी.

સ્થળ:—
શ્રેય: સત્ર, મુ. નાંદોદ.
સંસ્થાન રાજપીપળા.

સંવત ૧૯૬૮—ઈ. સ. ૧૯૧૨.

આવૃત્તિ પેહેલી.

કિંમત આના ૭.

आ पुस्तक अमदावाद युनाइटेड प्रिन्टिंग ॲन्ड जनरल एजन्सी
कंपनी लीमीटेडना प्रेसमां मेनेजर रणछोडलाल
गंगारामे छाप्युं.

|| સરળ ગુજરાતી ભાષામાં શ્રીમદ્ભગવદ્ગીતા શાંકરભાષ્યાનુવાદ, મૂલ્ય રૂપિયા ત્રણ. ||

|| श्रीमद्भगवद्गीता शांकरभाष्यानुवाद, मूल्य ३ रु० ||

|| भगवद्गीता किंचिदधीता गंगाजललवकणिका पीता ||
|| सकृदपि यस्य मुरारिसमर्चा तस्य यम कि कुरुते चर्चा ||

श्रीभगवान भाष्यकार.



श्रीशांकर भाष्यानुवादकार.



जन्म	सन्यस्त	चित्र
स १९१०	१९३४	१९६६

|| गेयं गीतानामसहस्रं ध्येयं श्रीपतिरूपमजस्रम् ||
|| नेयं सज्जनसंगे चित्तं देयं दीनजनाय च वित्तम् ||

|| श्रीमद्भगवद्गीता शांकरभाष्यानुवाद, मूल्य ३ रु० ||

|| स्मार्तमतोत्तेजकसभाग्रासनाधिप श्रीमत्परमहंस परिव्राजकाचार्य स्वामी श्रीआत्मानंदसरस्वती, मु० नांदेड ||

प्रासंगिक.

શ્રીમદ્ભગવદ્ગીતાશાંકરભાષ્યનું અધ્યયન કરનારાને ભાષ્યના અધ્યયન સમયે સ્ફુરતી શંકા અને ગ્રંથની આકરતા દૂર થઇને ભાષ્યનો યથાર્થબોધ થવા સારૂ તથા અન્યટીકાકારોની ટીકાનું સમાલોચનપૂર્વક શ્રીશાંકરભાષ્યનુ સર્વોત્તમત્વ સ્થૂણાનિખનનન્યાયે દૃઢ કરવા સારૂ શ્રીમદ્ભગવદ્ગીતારહસ્ય નામક નિબંધ પ્રકટ થયેલો છે, એ શ્રીમદ્ભગવદ્ગીતાશાંકરભાષ્યાનુવાદની પ્રસ્તાવના તથા ગ્રંથોપસંહારથી વાચકોને સુજ્ઞાત છે. તે ગીતારહસ્યમાં પ્રમેયકથનાત્મક એક અને અઢાર અધ્યાયના પ્રતિઅધ્યાયાત્મક એક એક એમ મળીને કુલ ઓગણીસ પત્ર હોઇને તે સંપૂર્ણ ગ્રંથ શાંકરભાષ્યાનુવાદથી ત્રણ ગણો મોટો છે. એ ગ્રંથ પૈકી પ્રમેયકથનાત્મક પ્રથમપત્ર સર્વ સાધારણજનોને શ્રીગીતાજીનું યથાર્થ રહસ્ય જાણવામાં અને શ્રીભગવને આપણને કેવી રીતે વર્તવાનો શ્રીગીતાજીમાં બોધ કરેલો છે તથા આપણે કેવી રીતે વર્તિયે છિયે એનું યથાર્થ જ્ઞાન થવામાં અત્યુપયોગી હોવાથી **રા. રા. શિવલાલ હરિવલ્લભ મહેતા**ની ઉત્કટ જીજ્ઞાસાથીજ આ પુસ્તકરૂપે પ્રસિદ્ધ કર્યું છે. શેષ ગ્રંથ યોગ્ય સમયે પ્રસિદ્ધ થશે.

આ ગ્રંથના વાચન સમયે શ્રીમદ્ભગવદ્ગીતાશાંકરભાષ્યાનુવાદ ગ્રંથ પાસે રાખીને અવલોકન કરવાથી પ્રતિપાદિતવિષયનું રહસ્ય વિશેષ સ્પષ્ટ થશે અને તેના લીધે શ્રીગીતાજીના ગંભીર વિષયોમાં અનાયાસે બુદ્ધિનો પ્રવેશ થશે શ્રીગીતાજી માહેલું પ્રત્યેક સ્થલ ઉપલબ્ધ થવા સારૂ પ્રત્યેક વચનના આગળ ૧૨/૩ આ પ્રમાણે અંકનું ચિન્હ આપેલું છે. એ ચિન્હમાં ૧ એ સ્થલનો અંક શ્રીગીતાજી માંહેલો શ્લોકાંક છે, ૨ એ સ્થલનો અંક અધ્યાયાંક છે અને ૩ એ સ્થલનો અંક શ્રીમદ્ભગવદ્ગીતાશાંકરભાષ્યાનુવાદનો પત્રાંક છે એ ધ્યાનમાં રાખીને અવલોકન કરવાથી અલ્પકાલમાં સર્વસ્થલો કરામલકવત્ થઇ પડશે.


"ગુજરાતી એ તો સ્વભાષા છે, તેથી સર્વ સમજાય છે" એવો

ફાંકો રાખવો મિથ્યા છે. સાધારણ વ્યવહારિક બાબતોમાં નિત્ય વપરાતા સ્વભાષીય સામાન્ય વાક્યોનો મતલબ, પરિસ્થિતીનું પર્યાલોચન અને વાક્યસ્થ પદપદાર્થોનું મનન કર્યા વિના જ્ઞાત થતોજ નથી. એ અનુભવ જાગૃત છતાં શાસ્ત્રીય ગહન વિષયોના અનુવાદક સ્વભાષિય વાક્યો ઉપલખીયા વાચનથી અને પાના ફેરવી જવાથી "હું સમજી ગયો" એમ કહેવું એ અત્યંત અયોગ્ય છે. શાસ્ત્ર તે શાસ્ત્રજ છે. તેથી તેનું સૂક્ષ્મદષ્ટિએ મનન કર્યા વિના સ્વરૂપ જાણવું એ તદભ્યાસી કુશાગ્રબુદ્ધિ પુરૂષોથી પણ થઇ શકતું નથી. ત્યારે શાસ્ત્રસંસ્કારરહિત મોભાગ્રબુદ્ધિથી એકલા નામમાત્ર સ્વભાષાના બલ ઉપર તે ક્યાંથી થઇ શકે ? એમ હોવાથી બુદ્ધિને યોગ્યસંસ્કારવાળી કરીને મનન કરવાથી સર્વ રહસ્ય સમજાશે. એક વખત પાના ફેરવી જવાથી કાંઇ પણ લાભ થતો નથી એ સારી પેઠે ધ્યાનમાં રાખીને ગ્રંથાવલોકન કરવું ઉચિત છે. ઇતિ શિવમ્.

ગ્રંથકર્તા.

શ્રી નાંદોદનિવાસી ખડાયતાવૈશ્યજ્ઞાતિભૂષણ

રા. રા. શેઠ શિવલાલ હરિવલ્લભ મેહતા:-



આપની

શ્રીમદ્‌ભગવદ્ગીતા

વિષયક ભક્તિ

તથા

શ્રીમદ્‌ભગવદ્ગીતારહસ્ય

વિષયક

ઉત્કટ જીજ્ઞાસાના

અવલોકનથી અને

सत्यं तपो ज्ञानमहिंसता च विद्वत्प्रणामं च सुशीलता च ।
एतानियो धारयते स विद्वान्न केवलं यः पठते स विद्वान् ॥

એમ હોવાથી પ્રસન્નાંતઃકરણના લીધે

સંસ્મરણાર્થે

આપનું નામ આ ગ્રંથના સાથે જોડયું છે.

* * * * *

सर्वे भवंतु सुखिनः सर्वे संतु निरामयाः ।
सर्वे भद्राणि पश्यंतु मा कश्चिद्दुःखभाग्भवेत् ॥

* * * * *

पुञ्जीभूतं प्रेम गोपांगनानां मूर्तीभूतं भागधेयं यदूनाम् ।
एकीभूतं गुप्तवित्तं श्रुतीनां श्यामीभूतं ब्रह्म ते संनिधत्ताम् ॥

इति

आशिर्वचनम्.

॥ ॐ नमः शिवाय सदाशिवोम् ॥

શ્રીમદ્ભગવદ્ગીતારહસ્ય.

સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપ શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય આત્માનંદ સરસ્વતી સ્વામિનાં પરમપ્રિય સકલદૈવીસંપત્તિસમન્વિત જીજ્ઞાસુવર એતાનપ્રતિ પ્રત્યક્ બ્રહ્મૈક્યાનુસંધાનનિયતનારાયણસ્મરણસંસૂચિનાશિવસ્સમુલ્લસંતુતરામ્.

॥ विद्यया तारिताः स्मो यैः जन्ममृत्युमहोदधिम् ।
सर्वज्ञेभ्यो नमस्तेभ्यो गुरुभ्योऽज्ञानसंकुलम् ॥ १ ॥

॥ શ્રીમત્ કૃષ્ણમુખે કુરૂરણ વિષે જે સાંભળી અર્જુને
વ્યાસે જે ગ્રથી છે પુરાણમુનિયે મધ્યે મહાભારતે ।
અદ્વૈતામૃતવર્ષિણી ભગવતી અષ્ટાદશાધ્યાયિની
માતા નિત્ય વસો હૃદે શ્રીભગવદ્ગીતે ભવદ્વેષિણી ॥ ૨ ॥

॥ કર આઠ તથા પદ બાવિશ છે, શિર સાત અને સ્તન ચાર જ છે ।
પાંચ સુ પુચ્છ દિઠાં નયને, ભજ, મોહ તજી, ધર ધ્યાન હૃદે ॥૩॥

॥ अद्वैतोक्तिपटून्वटूनपि वयं बालान्नमस्कुर्महे
ये तु द्वन्द्ववदास्तदीयशिरसि न्यस्याम वामं पदम् ।
सिंहः स्वीयशिशून्निवेश्य हृदये सान्द्रादरादामृग-
त्यावेशेन भिनत्ति संभ्रमपदं मत्तभकुंभस्थलम् ॥ ४ ॥

શ્રીમદ્ભગવદ્ગીતાશાંકરભાષ્યાનુવાદનું અવલોકન કરવામાં સ્ફુરેલી જે શંકા આપે પત્રદ્વારા લખીને જણાવેલી છે તેમનું યથાનુક્રમે સમાધાન હવે આ ગીતારહસ્યથી કરિયે છિયે. “આ ગીતાશાસ્ત્રનું પ્રમેય શું ?” એ પ્રથમશંકાના સમાધાનાર્થે થયેલું આ લેખન શાંત ચિત્તે અવલોકનમાં લેશો.

ગ્રંથનું પ્રમેય જાણવા માટે પ્રથમ ઉપક્રમોપસંહાર ઉપર દ્દષ્ટી આપવી. कार्पण्यदोषोपहतस्वभावः पृच्छामि त्वां धर्मसंमूढचेताः । यच्छ्रेयः स्यान्निश्चितं ब्रूहि तन्मे शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ૭।૨ એમ ભગવાન્ શ્રીકૃષ્ણના શરણે થઈને અર્જુને નિશ્ચિત શ્રેયઃસાધન-

નો ઉપદેશ કરવા માટે પ્રથમ પ્રાર્થના કરેલી છે અને એ તેની પ્રાર્થનાને અનુલક્ષીને સમસ્ત ગુરૂઓના ગુરૂ ભગવાન્ શ્રીકૃષ્ણે તેને ઉપદેશ કરેલો છે. આ પ્રાર્થનાવિષયક શ્લોકમાં **धर्मसंमूढचेताः** એવું પદ સ્પષ્ટ છે અને ધર્મનિર્ણય કરવામાં મારૂં અંતઃકરણ અટવાઈ ગયું છે એમ તે પદનું તાત્પર્ય છે. **कच्चिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा । कच्चिदज्ञानसंमोहः प्रणष्टस्ते धनंजय** ૭૨/૧૮ એવો પ્રશ્ન ભગવાન્ શ્રીકૃષ્ણે અંતે અર્જુનને કરેલો છે અને એ પ્રશ્નનો ઉત્તર અર્જુને **नष्टोमोहः स्मृतिलब्धा त्वत्प्रसादान्मयाऽच्युत । स्थितोऽस्मि गतसंदेहः करिष्ये वचनं तव** ૭૩/૧૮ આ પ્રમાણે આપેલો છે. એમ હોવાથી ઉપક્રમ અને ઉપસંહાર ધ્યાનમાં લેતાં **अज्ञानमूलक मोहनुं निरसन करवा सारू अने श्रेयनुं -कल्याणनुं-निश्चित साधन दर्शाववा सारू श्रीमद्भगवद्गीताशास्त्रनी प्रवृत्ति थयली छे.**

શ્રીમદ્ભગવદ્ગીતાનો આરંભ **धृतराष्ट्र उवाच । धर्मक्षेत्रे कुरुक्षेत्रे** ૧/૧ એમ છે. **धृतं राष्ट्रं येन सः धृतराष्ट्रः** એ ધૃતરાષ્ટ્ર શબ્દની વ્યુત્પત્તી લક્ષમાં લેતાં રાષ્ટ્રનાં અભ્યુદયાર્થે અથવા હીનદશામાંથી રાષ્ટ્રનો ઉદ્ધાર કરવા માટેજ આ ગીતાશાસ્ત્ર છે એ પ્રથમપદથી દર્શાવેલું છે અને **धर्मक्षेत्रे कुरुक्षेत्रे** આ પદ પ્રથમશ્લોકારંભે હોવાથી ધર્મક્ષેત્ર અને કુરૂક્ષેત્ર એટલે **धर्माचरण** એજ રાષ્ટ્રના કલ્યાણને અવશ્ય હોવાનું કહેલું છે. **क्षेत्र** એટલે ભૂમી, પ્રદેશ, ખેતર, વિષય. **धर्म** એજ આ ગ્રંથ માંહેલો પ્રતિપાદ્ય વિષય છે એમ પ્રથમ શ્લોકના પ્રથમપદથી દર્શાવેલું છે અને **कुरुक्षेत्रे** એ પદ પ્રથમપદના સ્પષ્ટીકરણાર્થે છે અર્થાત્ કર્માચરણ, કર્માનુષ્ઠાન, સ્વકર્માવલંબન એજ ધર્મ એમ કુરૂક્ષેત્ર એ પદથી કહેલું છે. કથાસંદર્ભાનુસારે કુરૂક્ષેત્રનો અર્થ તો સુપ્રસિદ્ધ છે.

મોહનિરસન કરીને શ્રેયનો નિશ્ચિત માર્ગ દર્શાવવા સારૂ ગીતાશાસ્ત્ર કહ્યા પછી ભગવાન્ શ્રીકૃષ્ણે સર્વગુહ્ય માંહેલા અત્યંતગુહ્યત્વે જે પોતાના ઉપદેશનું સાર **मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु । मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे** ૬૫/૧૮ એમ કહેલું છે. મનન, ભક્તિ, યજન અને નમન એ ચાર ઈશ્વરપ્રાપ્તિને આવશ્યક હોવાનું આ વચનમાં દર્શાવેલું છે. એકલા ઈશ્વરચિંતનથીજ જો ઈશ્વરપ્રાપ્તિ થવી શક્ય હોત તો ઈશ્વરભજન, ઈશ્વરયજન અને ઈશ્વરનમન એ ત્રણેનું

વિધાન આ ઉપસંહાર વિષયક શ્લોકમાં કરત નહી. એમ હોવાથી કેવળ નામસ્મરણભક્તિથી અને કેવળચિંતનથી ઇશ્વરપ્રાપ્તિ થાય છે એમ માનવું એ શ્રીભગવાનના મતથી અત્યંત વિરૂદ્ધ છે. એ શ્લોકમાં કર્મયોગનિષ્ઠાનુ પરમરહસ્ય દર્શાવેલું છે તેથી ઈશ્વરપ્રાપ્તિને યોગની આવશ્યકતા છે. **મદ્યાજી** એટલે મદ્યજનશીલ એ પદ લક્ષ્યમાં લેતા એકજ વખત યાગ કરવાથી કાંઈપણ લાભ ન હોઇને ઈશ્વરપ્રીત્યર્થે નિરંતર યાગ કરતા રહેવાનું શીલ થવાની અત્યંત આવશ્યકતા છે એ સ્પષ્ટ છે. ને તેમજ **મદ્ભક્તः** એટલે મદ્ભજનશીલ પણ થવુંજ જોઇએ. એ ઈશ્વરભજનનો માર્ગ અથવા ઈશ્વરયજનનો માર્ગ શાસ્ત્રદષ્ટ હશે તોજ હિતાવહ થશે; અશાસ્ત્રીય અથવા શાસ્ત્રનિષિદ્ધમાર્ગે કરેલું ઇશ્વરયજન અથવા ઇશ્વરભજન હિતાવહ થતું નથી. એમ હોવાથી શાસ્ત્ર મુકીને જે ઇશ્વરભજનના અને ઇશ્વરયજનના માર્ગ પ્રચલિત થયેલા છે તે પરિણામે દુઃખદાયક થયાવિના રેહેશે નહી. ગાયત્ર્યુપદેશક અને વેદાધ્યાપક એ વિના ગુરૂપદ ધારણ કરીને શિશ્નોદરપરાયણ અનેક પુરૂષો મંદમતિજનોને ધૂતતા ફરે છે અને ધર્મબાહ્ય આચરણનો પ્રસાર કરીને દક્ષિણદિશાને માર્ગે ચઢાવે છે. મોક્ષોપદેષ્ટા એ ખરો ગુરૂ છે પરંતુ પોતે મુમુક્ષુ પણ નહી છતાં છટકેલી રાંડીરાંડોને અને ભોળા અજ્ઞાનીઓને ધૂતીને ગુરૂત્વના ડંકા વગાડનારા પુરૂષો આજકાલ કાંઈ થોડા રખડતા નથી. તેમના શિષ્યમંડળની ચાલ ઉપર દૃષ્ટી આપતાં એ સ્વાર્થૈકતત્પર ગુરૂના ચિત્રનું દર્શન તથા દાંભિકવૈભવના પુષ્ટ્યર્થે દ્રવ્યસમર્પણ એજ તેમનું વર્ણાશ્રમધર્માચરણ જણાઇ આવે છે. ભગવાન શ્રીકૃષ્ણે એવા આચરણને કયાંય પણ સંમતિ આપેલી ન હોઇને નિંદામાત્ર કરેલી છે. **यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः। न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम्। तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ। ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि** ૨૩-૨૪ $\frac{૧૬}{૪૦૮}$ વેદરૂપ જે શાસ્ત્ર તેના વિધિનિષેધસંજ્ઞક વિધીની પર્વા નહી કરતા સ્વેચ્છાથી વર્તનારાઓને પુરૂષાર્થયોગ્યતારૂપ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી, ઇહલોકે તેમને સુખ મળતું નથી, અને દેહપાત પછી સ્વર્ગરૂપ અથવા મોક્ષરૂપ ઉત્કૃષ્ટગતી પણ તેમને પ્રાપ્ત થતી નથી. એમ હોવાથી જ્યાં સુધી જ્ઞાનનિષ્ઠાધિકાર પ્રાપ્ત થયો નથી ત્યાં સુધી કર્તવ્ય કયું અને અકર્તવ્ય કયું એ ઠરાવવા સારૂ તેને શાસ્ત્રજ પ્રમાણ માનવું જોઇએ.

તસ્માત, શાસ્ત્રરૂપ વિધાનથી એટલે વિધિનિષેધરૂપ વિધાનથી ઉકત જે સ્વકર્મ તેજ કરતા રેહેવાનો તને અધિકાર છે એમ અર્જુનના મિષથી આપણને ઉપદેશ કરેલો છે. પુણ્ય અને પાપ એ અનુક્રમે સુખને અને દુઃખને કારણભૂત થનારા છે. પરંતુ પુણ્યમાર્ગ કયો અને પાપમાર્ગ કયો એ આ ધર્મસંમૂઢ-ચિત્તજનોના જાણવામાં આવતો નથી ને તેથીજ પોતાના મનને પ્રિય એવો પોતાના કરતાં કાંઇક વિશેષ જેનામાં એ માને છે તેનેજ એ ગુરૂ કલ્પિને તે કામપ્રયુક્ત ગુરૂ જેમ કહે છે તેમ વર્તે છે અને પોતાના ઇષ્ટમિત્રસહ આત્યંતિક દુઃખનો ભોગ થાય છે. શાસ્ત્રે પુણ્યફલ મુખ્યતઃ કયા કર્મસંબંધે દર્શાવેલું છે એ યોગમાહાત્મ્યપુરસ્સર ભગવાન્ શ્રીકૃષ્ણે **वेदेषु यज्ञेषु तपःसु चैव दानेषु यत्पुण्यफलं प्रदिष्टम् । अत्येति तत्सर्वमिदं विदित्वा योगी परं स्थानमुपैति चाद्यम्** ૨૮/૮ આ શ્લોકમાં કહેલું છે. એ ઉપરથી વેદાધ્યયન, યજ્ઞાનુષ્ઠાન, તપશ્ચર્યા અને દાન આ કર્મો મુખ્યતઃ પુણ્યફલ આપનારા છે એ સિદ્ધ છે. આ પુણ્યકર્મ પૈકી એકે કર્મ જેમના વિષે જોવામાં આવતું નથી અને યોગનો ગંધ પણ જેમને અડેલો નથી એવા શિષ્યવિત્તાપહારક ગુરૂએ ભગવદ્ભક્તિના મિષથી શ્રદ્ધાવાન્ અજ્ઞજનના મનધનનો દુરૂપયોગ કરવો એ ઉભયને દુર્ગતિદાયક છે. **यज्ञदानतपः कर्म न त्याज्यं कार्यमेव तत । यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् । एतान्यपि तु कर्माणि संगं त्यक्त्वा फलानि च । कर्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम** ૫-૬/૧૮ એમ યજ્ઞ, દાન અને તપ એ કર્મસંબંધે પોતાનું મત સ્પષ્ટ દર્શાવેલું છે. એ માંહેલા **निश्चित** અને **उत्तमं** એ જે બે વિશેષણો મતને આપેલાં છે તે લક્ષ્યમાં હતાં યજ્ઞદાનતપોરૂપ ત્રિવિધકર્મશૂન્યલોકોએ પોતાને ભગવદાનુયાયી કહેવું એ કેવળ ભગવાન શ્રીકૃષ્ણની મશ્કરીજ છે. મુમુક્ષુએ આ કર્મો અવશ્ય કરવાંજ જોઇએ એ આ વચન માંહેલા **इति** એ પદવડે દર્શાવેલું છે. પરંતુ દુર્દૈવના લીધે આ ભગવદ્વચન ઉપર તેમનું લક્ષ્ય જતું નથી. પોતાને સુશિક્ષિત કહેડાવનારા કેટલાએક આધુનિક લોકો યજ્ઞ, દાન અને તપ એ શબ્દોના સ્વબુદ્ધનુસાર વિપરીત અર્થ કરે છે. તેમના મતે યજ્ઞ એટલે સ્વાર્થત્યાગ; દાન એટલે પોતાને રૂચતી સંસ્થાને અથવા વ્યકતીને દ્રવ્યદ્વારા મદત; અને તપ એટલે પોતાને યોગ્ય જણાતું કાર્ય સિદ્ધ કરવા માટે પ્રયત્ન એ છે. આ પ્રમાણે

માનીને તે પૈકી કેટલાએક પોતાની પદ્વીને યોગ્ય ઠરનારા પગાર કરતા ઓછો પગાર લઇને પોતાને પ્રીય એવી સંસ્થાનો નોકર બને છે અથવા કાંઇપણ પગાર ન લેતા પોતાને પ્રીય એવી સંસ્થાનું સંમાનાર્થે કામ કરે છે અને એનેજ સ્વાર્થત્યાગરૂપ યજ્ઞ માને છે. વળી તે પૈકી બીજા કેટલાએક પોતાની પ્રાપ્તીમાંથી પોતાને પ્રીય એવી સંસ્થાને મદત કરવી એજ દાન માનીને કોઈ સ્મારક ફંડમાં રકમ આપે છે તો કોઈ કૌમારાવસ્થામાં કે વૈધવ્યાવસ્થામાં જારકર્મના લીધે ગર્ભધારણ કરનારી સ્ત્રીઓના ગર્ભનું ચુપચાપ પાલનપોષણ કરવા માટે સ્થાપન થયેલી સંસ્થાને દ્રવ્ય આપે છે અને એનેજ દાન માને છે. તપ એટલે સ્વધર્માચરણ-સંસ્કારાદિ કર્મનો અંતર્ભાવ સ્વધર્માચરણમાં છે. પરંતુ એ કર્મની સાંગતા તે પૈકી કેટલાએક હોમ, હવન, બ્રાહ્મણભોજન, ગોપ્રદાન, દ્વિજાર્ચન ઇત્યાદિ વિહિત કૃત્યોથી ન કરતા તે માટે ખર્ચ થનારી રકમ પોતાને પ્રીય એવી સંસ્થાને આપે છે. અને એનેજ દાન માને છે. સંસ્થાઓને મદત કરવી એ અયોગ્ય છે એમ અમારૂં કેહેવું નથી તો એ પ્રકાર ભગવતસંમત યજ્ઞદાનતપ નથી ને તેથી શાસ્ત્રવિધિનો ત્યાગ કરીને વર્તનારાને ઐહિક સુખ પણ મળતું નથી એટલુંજ કહેવું છે.

ગીતાશાસ્ત્રના અધ્યાય અઢાર છે. પરંતુ, ભગવદુકિત **अर्जुनविषाद योग** નામક પેહેલા અધ્યાયમાં નથી. તેથી **भगवद्गीता** એ નામ પ્રથમ અધ્યાય મૂકીને બાકીના સત્તર અધ્યાયનેજ યથાર્થ રીતે લાગુ પડનારૂં છે. ઉપક્રમ અને ઉપસંહાર આ જેમ તાત્પર્યનિર્ણયને આવશ્યક છે એજ પ્રમાણે અભ્યાસ-પુનરૂકિત-એકજ વાતનો અનેકવાર નિર્દેશ-એ પણ તાત્પર્યનિર્ણય માટે આવશ્યક છે. **सांख्ययोग** નામક બીજા અધ્યાયથી ગીતાશાસ્ત્રનું નિરીક્ષણ કરતા વર્ણાશ્રમવિહિત કર્માનુષ્ઠાનનોજ મુખ્યતઃ ઉપદેશ કરેલો છે.

કર્મબંધનિરસતપૂર્વક મોક્ષપ્રાપ્તિ એ જો કે ગીતાશાસ્ત્રનો મુખ્ય પ્રતિપાદ્યવિષય છે તોપણ મોક્ષપ્રાપ્તિને કર્મયોગની આવશ્યકતા કહેલી છે: અને કર્મયોગોપદેશમાંજ ગ્રંથનો વિશેષભાગ રોકાયેલો છે. **एषा तेऽभिहिता सांख्ये बुद्धिर्योगे त्विमां शृणु । बुद्ध्या युक्तो यया पार्थ कर्मबंधं प्रहास्यसि** ૩૯૫૨ **नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते । स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात्** ૪૦૫૨ આ પ્રમાણે કર્મયોગોપદેશનો ઉપક્રમ ભગવાને કરેલો છે. **एषा ते** એ શ્લોક માંહેલા **योगे**

એ પદનો અર્થ ઈશ્વરારાધનાર્થે કર્તવ્ય જે કર્મયોગ એટલે કર્માનુષ્ઠાન તે વિષે અને સમાધિયોગ વિષે એમ છે અને **नेहाभिक्रमनाशोऽस्ति** એ શ્લોક માંહેલા **इह** એ પદનો અર્થ આ મોક્ષમાર્ગરૂપ કર્મયોગનો એમ છે **यामिमां पुष्पितां वाचं** ૪૨ ૨/૬૫ ઇત્યાદિ વચનોથી જે નિંદા કરેલી છે તે સકામકર્મની નિંદા છે. **कर्मण्येवाधिकारस्ते** ૪૭ ૨/૬૯ અને **योगस्थः कुरु कर्माणि** ૪૮ ૨/૭૦ આ વચનોવડે તો ભગવાને નિષ્કામકર્માનુષ્ઠાનની જ આજ્ઞા કરીછે. અને સિદ્ધિ કિંવા અસિદ્ધિ એવિષે મન સમાન રાખવું એજ યોગનું લક્ષણ કહીને **योगः कर्मसु कौशलम्** ૫૦ ૨/૭૧ એ શ્લોકમાં તેજ યોગલક્ષણનો ખુલાસો કરેલો છે. સિદ્ધિ કિંવા અસિદ્ધિ વિષે ચાહે તે પ્રાપ્ત થાય તોપણ મન નિર્વિકાર રાખીને કર્મ આચરવું એજ નિષ્કામ કર્મ કરવું. **कर्मजं बुद्धियुक्ता हि** ૫૧ ૨/૭૨ આ શ્લોકમાં નિષ્કામકર્માનુષ્ઠાન પરંપરાથી મોક્ષપ્રાપ્તિનુ સાધન છે એમ સ્પષ્ટ કહેલું છે. **अशोच्यानन्वशोचस्त्वं** ૧૧ ૨/૨૯ એ શ્લોકથી શાસ્ત્રના મુખ્યભાગનો આરંભ થયેલો છે. અહિંથી તે અધ્યાયસમાપ્તિ પર્યંતના બાસઠ શ્લોકોમાં સ્વધર્માનુષ્ઠાનોપદેશવિષયક વચનો **स्वधर्ममपि चावेक्ष्य** ૩૧ ૨/૫૦ અહિંથી **कर्मजं बुद्धियुक्ता हि** ૬૧ ૨/૭૨ અહિં સુધીના પ્રથમ એકવીસ છે. **यदा ते मोहकलिलं** ૬૨ ૨/૭૩ આ શ્લોકમાં કર્મયોગાનુષ્ઠાનજન્ય ચિત્તશુદ્ધિથી જ્ઞાન ક્યારે પ્રાપ્ત થશે એ કહેલું છે; અને કર્મયોગજન્ય ફલ ક્યારે પ્રાપ્ત થશે એ **श्रुतिविप्रतिपन्ना ते** ૬૩ ૨/૭૪ એ શ્લોકમાં કહેલું છે. આ કર્મજન્યફલપ્રાપ્તિકાલવિષયક વચનમાં ભગવાને ‘ વિક્ષેપરહિત અને વિકલ્પરહિત એવું તારૂં અંતઃકરણ જ્યારે સ્થિર થશે ’ એમ કહેલું હોવાથી અંતઃકરણ સ્થિર થએલા પુરૂષોના લક્ષણ અર્જુને પુછયાં અને ભગવાને **प्रजहाति यदा कामान्** ૬૬ ૨/૭૫ અહિંથી તે અધ્યાયસમાપ્તિ પર્યંત તે કહેલાં છે. આ વચનોમાં સ્થિતપ્રજ્ઞ થવાની ઇચ્છાવાળાનાં સાધન પણ દર્શાવેલાં છે. સારાંશ એજ કે આ **सांख्ययोग** નામક બીજાઅધ્યાય માંહેલાં **अशोच्यानन्वशोचस्त्वं** એ વચનથી બાસઠ વચનો પૈકી બેતાલીસ વચનોની સાથે પ્રત્યક્ષ વા પરંપરાથી વર્ણાશ્રમવિહિત કર્મયોગનોજ સંબંધ છે. કર્મયોગજન્ય ફલ પ્રાપ્ત થયા પછી પણ લોકસંગ્રહાર્થે એટલે ઉન્માર્ગમાં લોકોની પ્રવૃત્તિ ન થવા સારૂ વર્ણાશ્રમવિહિત કર્માનુષ્ઠાન અવશ્ય કરવુંજ જોઇએ. પરંતુ, પાછા ન આવવાના નિ-

એથી નદી ઉતરીને સામે કાંઠે ગયેલાને પોતાના માટે નૌકાની આવશ્યકતા જેમ હોતી નથી એમજ કર્મયોગજન્યફલ પ્રાપ્ત થયેલા પુરૂષને કર્મયોગાનુષ્ઠાનની આવશ્યકતા હોતી નથી એ ખરૂં છે. તેથી લોકસંગ્રહાર્થે કર્માનુષ્ઠાન જો કે આવશ્યક છે તોપણ તે નહી કરવાથી કર્મયોગજન્યફલ પ્રાપ્ત થયેલા પુરૂષને પાતિત્ય આવતું નથી. એમ માનીને જો કોઇ શંખ ફૂંકીને ટકો ઉધરાવનારા પાખંડપ્રવર્તક ગુરૂની વકિલાત કરવાનું સાહસ કરશે તો તે ક્ષણમાત્ર પણ ટકશે નહી. કારણકે **प्रजहाति यदा** ૫૫ ૨/૬૫ **दुःखेष्वनुद्विग्नमनाः** ૫૬ ૨/૬૬ **यःसर्वत्रानभिस्नेह** ૫૭ ૨/૬૬ **तानि सर्वाणि** ૬૧ ૨/૬૮ **तस्माद्यस्य** ૬૮ ૨/૭૬ **आपूर्यमाणमचलप्रतिष्ठं** ૭ ૨/૭૬ **विहायकामान्यः** ૭૦ ૨/૭૭ આ વચનોમાં કહેલાં સર્વ લક્ષણ જ્યાંસુધી તેમના વિષે સ્પષ્ટ દેખાતા નથી ત્યાંસુધી કોઈપણ ગુરૂથી સ્વવર્ણાશ્રમવિહિત કર્મનો ત્યાગ કરી શકાશે નહી. એમ હોવાથી આ વચનોમાં કહેલાં લક્ષણ જેના વિષે નથી તે જો વર્ણાશ્રમવિહિત નિત્યકર્મ નહી કરતો હોય તો સાધુ–જ્ઞાની–ભગવાન્ રૂપે જો કે અસંખ્યલોકોને માન્ય હશે તોપણ તે નિઃસંશય પતિતજ છે. યજ્ઞદાનાદિ કર્મોનું અનુષ્ઠાન અવશ્ય કરવુંજ જોઇએ એમ પોતાનું નિશ્ચિત અને ઉત્કૃષ્ટમત ભગવાને કહેલું છે. કારણકે, ત્રૈવર્ણિકપ્રજા સહયજ્ઞ ઉત્પન્ન થયેલી હોવાથી હસ્તપાદાદિ અવયવસહવર્તમાન ઉત્પન્ન થયેલો પુરૂષ હસ્તપાદાદિ અવયવોથી રહિત થતાં જેમ જીવતો છતાં પણ મૃતવત્ થાય છે તેમ યજ્ઞસહ ઉત્પન્ન થયેલી પ્રજા યજ્ઞરહિત થતાં જીવતી છતાં પણ મૃતવત્જ છે. **सहयज्ञाः प्रजाः सृष्ट्वा** ૧૦ ૩/૮૫ આ ભગવદુક્તિથી એજ સિદ્ધ છે. **सहयज्ञैः प्रजासृष्ट्वा** કિંવા **यज्ञैः सहप्रजाः सृष्ट्वा** એમ પદયોજના થવાથી છંદોભંગનુ ભય નહી છતાં પણ **सहयज्ञाः** એ સમાસ યોજીને ભગવાને "પુરૂષને જેમ હસ્તપાદાદિ અવયવોની આવશ્યકતા છે તેમજ ત્રૈવર્ણિકોને વર્ણાશ્રમવિહિત કર્મરૂપયજ્ઞાનુષ્ઠાનની આવશ્યકતા છે." એમ દર્શાવેલું છે; અને એ ભગવાને આપેલી બ્રહ્મોક્તિ ઉપરથી સિદ્ધ છે. કારણકે, ઇષ્ટભોગપ્રાપ્તિના અને પાપનિરસનના સાધનત્વે બ્રહ્મદેવે વર્ણાશ્રમવિહિત કર્મરૂપ યજ્ઞાનુષ્ઠાન જ દર્શાવેલું છે એ **अनेन प्रसविष्यध्वम्** ૧૦ ૩/૮૬ **देवान्भावयतानेन** ૧૧ ૩/૮૬ **इष्टान्भोगान्हि** ૧૨ ૩/૮૬ આ વચનોથી સિદ્ધ છે. ઇષ્ટભોગપ્રાપ્તિના સાધનત્વે વર્ણાશ્રમવિહિત કર્મવિના બીજાનો બ્રહ્મદેવે નિર્દેશ ન કરીને વર્ણાશ્રમવિહિત કર્મરૂપ યજ્ઞાનુષ્ઠાનનોજ નિર્દેશ કર્યાનો જે ભગવાન્

શ્રીકૃષ્ણ અર્જુનના મિષથી ત્રૈવર્ણિકને કહે છે તો યજ્ઞસહ ઉત્પન્ન થયેલા ત્રૈવર્ણિક યજ્ઞનો ત્યાગ કરવાથી સુખી કયાંથી થશે ? ઇંદ્રિયવિગલિત મનુષ્ય જીવતો હોય તોપણ જેમ મૃતવત્ છે તેમજ જન્મથીજ સહયજ્ઞ એવા ત્રૈવર્ણિક યજ્ઞનો ત્યાગ કરવાથી જીવતાં છતા મૃતવત્ છે. " આ રાષ્ટ્ર મૃત્યુપંથે ચડયું છે " એવાં જે ઉદ્ગાર હતાશ થયેલા વિદ્વાનો કાઢે છે તે ઉદ્ગારની યથાર્થતા ત્રૈવર્ણિકના ધર્મત્યાગ ઉપરજ અવલંબિને હોવાનું શ્રુત્યોક્તિ તથા ભગવદુક્તિ ઉપરથી સિદ્ધ થાય છે.

कर्मप्रशंसायोग નામક ત્રીજા અધ્યાયમાં ભગવદ્વચનો ચાળીસ છે. એ આખા અધ્યાયમાં કર્મયોગાનુષ્ઠાનના ઉપદેશ વિના બીજું કાંઇપણ નથી એ પ્રસિદ્ધ છે. આ અધ્યાય માંહેલું **लोकेऽस्मिन्द्विविधा निष्ठा पुरा प्रोक्ता मयाऽनघ । ज्ञानयोगेन सांख्यानां कर्मयोगेन योगिनाम्** ३-३ એ પેહેલું ભગવદ્વચન છે. અધિકારભેદથી પૂર્વે બેમાર્ગ મેં કથન કરેલાં છે. સાંખ્યો માટે એકમાર્ગ અને યોગીઓ માટે એકમાર્ગ. આ વચન માંહેલાં **सांख्य** શબ્દનો અર્થ આત્માનાત્મવિષયક વિવેકજન્યજ્ઞાન જેમને થયેલું છે, બ્રહ્મચર્યાશ્રમપછી તરતજ સંન્યાસ લઇને વેદાંતના શ્રવણમનનાદિકથી ઉત્પન્ન થયેલા સુનિશ્ચિતજ્ઞાનના યોગથી જેમને આત્મતત્ત્વનો સાક્ષાત્કાર થયેલો છે ને તેથીજ બ્રહ્મનિષ્ઠ થઇ રહેલા એવાં જે પરમહંસ પરિવ્રાજક તે સાંખ્ય એ છે. એમ હોવાથી એવાં જે સાંખ્ય નહી હશે તેમણે સ્વવર્ણાશ્રમવિહિત કર્મોનું અનુષ્ઠાન અવશ્ય કરવુંજ જોઇએ. સારાશ એજ કે, મહારાજ એ પદ્વીને સ્વેચ્છાચારી રાંડીરાંડોના મતે પાત્ર થયેલા અને ચતુર્થાશ્રમમાં છતાં પરોપકારના મિષથી મઠ અને અન્નસત્રાદિની ખટપટોમાં જોડાઇને ઘાસની ગંજી ઉપરના કુતરાનુ સાદશ્ય પામેલા નામધારી સંન્યાસાશ્રમી તથા ગુરૂપદથી શિશ્નોદરપરાયણ એવા પાખંડપ્રસારક ધર્મભ્રષ્ટોની ગણના સાંખ્યમાં થવી શકય ન હોઇને ગીતા–ભાષ્ય–કાર શ્રીહરિ–હરના મતે પતિતમાંજ થનારી છે એ સિદ્ધ છે.

હવે, ' ભગવાન્ શ્રીકૃષ્ણે અર્જુનને કર્મમાર્ગ કહ્યો હશે અને તે વખતે તે અભ્યુદયકારક પણ મનાયો હશે. પરંતુ વર્તમાનકાલ શ્રીકૃષ્ણાર્જુનના સમયના કાલ કરતા અત્યંત ભિન્ન પ્રકારનો હોવાથી સાંપ્રત કાલાનુરૂપ કર્મયોગાનુષ્ઠાનમાં કાંઇ ફેરફાર થવો અવશ્ય છે. પૂર્વના ધર્મશાસ્ત્રો કાંઇપણ સુધારો, વધારો કે ફેરફાર કર્યા વિના એવાને એવાંજ સાંપ્રત સ્વીકારવાં

એ આગગાડી, તારાયંત્ર ઇત્યાદિકનો લાભ ન મેળવીને પ્રત્યક્ષ કાસદ મોકલીને પત્રવ્યવહાર કરવાનો અને અતિઅલ્પ મૂલ્યમાં મળનારા છાપેલા પુસ્તક ન લેતા દેહ કષ્ટી કરીને પુસ્તકો લખવામાં આયુષ્ય ગમાવવાનો હઠ કરવા જેવો છે. ' એમ કેટલાએક આધુનિક સુશિક્ષિત આક્ષેપ લે છે; પરંતુ, આંખો ઉઘાડીને અને બુદ્ધિ ઠેકાણે રાખીને ગીતાશાસ્ત્ર અવલોકન કરતા એ આક્ષેપનું નિરસન ગીતાશાસ્ત્ર માંહલા વચનોથીજ થાય છે એ અનુભવમાં આવશે. અભ્યુદયકારક કર્મયોગ ભગવાન્ શ્રીકૃષ્ણે જે અર્જુને કથન કર્યો તે તે સમયે નવો નૂતન કલ્પીને કથન કરેલો ન હોઈને પૂર્વસિદ્ધ એવોજ કથન કરેલો છે. **लोकेऽस्मिन्द्विविधा** ૩.૨.૬ આ વચનમાં **पुरा प्रोक्ता** એ પદો સ્પષ્ટ છે. **लोकेऽस्मिन्** એ બે પદથી જગત્ માંહેલાં સર્વવર્ણને ઉપયોગી થનારા માર્ગ ભગવાન્ શ્રીકૃષ્ણે ગીતાશાસ્ત્રમાં દર્શાવ્યાનું સિદ્ધ છે અને **पुरा प्रोक्ता** એ બે પદથી તે માર્ગ નૂતન ન હોઈને પૂર્વસિદ્ધજ છે એ સિદ્ધ થાય છે. **पुरा प्रोक्ता मया** એ પદોનું વ્યાખ્યાન સૃષ્ટીના આરંભે પ્રજા ઉત્પન્ન કરીને તેમના અભ્યુદયના અને મોક્ષના પ્રાપ્તિનું સાધન એવા વેદાર્થસંપ્રદાય પ્રકટ કરનારા સર્વજ્ઞ ઈશ્વરે જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગ કથન કર્યા એમ છે. પૃથ્વીઉપર પ્રાણિઓનું વાસ્તવ્ય થઈને કેટલાએક લોકોના મતે બે અબ્જ વર્ષો થયા છે અને કેટલાએકના મતે દશકરોડ વર્ષ થયા છે. પરંતુ એટલો દીર્ઘકાળ ન માનતા 'ભલે દુર્જન રાજી થાઓ' એ ન્યાયે એક કરોડ કે એક લાખ વર્ષોજ જો કે આપણે માનીયે તો પણ સૃષ્ટીના આરંભથી કેશવાર્જુનસંવાદકાલપર્યંત્ વ્યતીત થયેલા કાળના લીધે જો ભગવાન્ શ્રીકૃષ્ણને પાંડવકાલાનુરૂપ કાંઈ પણ ફેરફાર તે માર્ગમાં કરવાનુ અવશ્ય લાગ્યું નથી તો કૃષ્ણાર્જુનસંવાદકાળથી વિક્રમ સંવતના ૧૯ ઓગણિસમી સદી સુધી થયેલા કાલગતીથી કર્મયોગાનુષ્ઠાનમાં ફેરફાર થવાની આવશ્યકતા કેમ યોગ્ય ઠરશે ? સૃષ્ટી ઉત્પન્ન કરીને બ્રહ્મદેવે પ્રજાજનના અભ્યુદય માટે જે ઉપદેશ ત્રૈવર્ણિક પ્રજાજનને કર્યો છે તે બ્રહ્મદેવના તે સૃષ્ટીના અંતકાલપર્યંત્ ઉપયોગનોજ છે. તે ઉપદેશમાં ફેરફાર કરવાની આવશ્યકતા અર્જુનોપદેશકાલપર્યંત્ અને અર્જુનોપદેશકાલે ભગવાન્ શ્રીકૃષ્ણને ન લાગવાથી તેમણે બ્રહ્મોક્તિનો કેવળ અનુવાદજ કરેલો છે. રેહંટ ઉપર મુકવામાં આ-

વતી ઘેડની માળામાં કાંણી, અરધી ભરેલી, છલકાતી, ગળા સુધી ભરેલી અને તદ્દન ઠાલી એવી ઘેડો જોવાનો પ્રસંગ નિત્ય આવે છે. અમુક એક વર્ષ પૂર્વે રેહેંટના ઘેડની માળામાં કાંણી કે ઓછી ભરનારી ઘેડ ન્હોતીજ એમ જેમ કહી શકાય નહી તેમજ સાંપ્રતની સ્થિતિ ભરતખંડને સૃષ્ટીના આરંભથી તે કૃષ્ણાર્જુનસંવાદકાલપર્યંત્ કોઈ વખતે આવીજ ન્હોતી એમ પણ કહી શકાશે નહી.

यज्ञशिष्टाशिनः सन्तः ૧૩ $\frac{૩}{૧૩}$ એ વચનમાં કેવળ ઉદરપોષણાર્થે પાકસિદ્ધિ કરીને ભોજનકરનાર પાપજ ખાય છે એમ કહેલું છે; ને પાપનું ફલ દુઃખજ છે. **इष्टान्भोगान्हि** ૧૨ $\frac{૩}{૧૨}$ એ વચનમાં નિત્યયજ્ઞના રૂપે દેવોને તેમણે આપેલા ભોગ અર્પણ ન કરતાં સેવનકરનાર ચોરજ છે એમ નિશ્ચયપૂર્વક કહેલું છે. એકવખતે ચોરીકરનારને અલ્પસ્વલ્પ શિક્ષા થાય છે. પરંતુ વારંવાર ચોરીનો ગુન્હો કરવો એજ જેનું શીલ થયેલું છે તે જીવતાં સુધી કારાગૃહનું દુઃખ ભોગે છે. દેવોના પ્રસાદના લીધે મળેલા અન્નનો ભાગ નિત્યયજ્ઞના રૂપે દેવોને અર્પણ ન કરતાં તે અન્ન સેવન કરવું એટલે રાજાના રક્ષણવ્યવસ્થાના લીધે ખેતરમાં પ્રાપ્ત થયેલો ઉપજનો ભાગ વિગોટી–રાજભાગ–ના રૂપે રાજાને અર્પણ ન કરતા જ ખેતરનો ઉપભોગ લેવા જેવું છે. પરંતુ, એવા મનુષ્યનું ખેતર–જીવનસાધન–જેમ સરકારદાખલ થાય છે તેમજ કેવલ ઉદરપોષણાર્થે પાકકરનારાનું જીવન સાધન અને સુખસાધન દેવો તરફથી જપ્ત કરવામાં આવે છે. પોતે રાજભાગ–વિગોટી–ન આપવી અને બીજાઓને પણ રાજભાગ–વિગોટી–ન આપવાનો ઉપદેશ કરવો એટલે રાજાના વિરૂદ્ધ બંડ કરવું છે. એવા બંડખોરને જો જન્મટીપની શિક્ષા કાયદામાં કહેલી હોય તો આ ભૂમંડલ ઉપરના અશેષ રાજાઓ ઉપર જેનો અમલ છે એવા વિશ્વપોષક અને વિશ્વપાલક દેવોના વિરૂદ્ધ બંડકરનારાને અનેકજન્મપર્યંત્ દુઃખ ભોગવવાની શિક્ષા થવી એજ યોગ્ય છે અને તેથીજ સ્વકર્મભ્રષ્ટ થયેલા અને થતાં લોકો ત્રિવિધ–અધ્યાત્મિક, અધિદૈવિક, અધિભોક્તિત–દુઃખોથી અત્યંતજર્જર થયેલાં જોઈએ છિયે.

एवं प्रवर्तितं चक्रं ૧૬ $\frac{૩}{૧૬}$ એ વચનમાં 'આ પ્રમાણે ઈશ્વરે યજ્ઞપૂર્વક શરૂ કરેલાં જગચ્ચક્રને અનુસરીને જે કર્માધિકારી છતાં પણ વ-

તેતો નથી તે વિષયલંપટ પાપી પુરૂષનું જીવવું પણ વ્યર્થજ થાય છે. એમ કહેલું છે. સૃષ્ટી એ એક પરમેશ્વરનું ક્ષેત્ર-ખેતર-છે. એ ક્ષેત્રમાં તેણે વિશિષ્ટફલપ્રાપ્તિના ઉદ્દેશથી બ્રાહ્મણાદિ વર્ણરૂપ રોપાવાવેલાં છે. જે ફલપ્રાપ્ત થવાના ઉદ્દેશથી ધાન્યાદિકનું વાવેતર ખેડુ કરે છે તે જેમનાથી પ્રાપ્ત થવાનો અસંભવ હોય છે તે રોપા ખેડુ તુણી કાઢે છે. ખેડુને નિષ્ફળ નિવડનારા રોપા ખેતરમાં રેહેવા દેવાથી આખું ખેતર લાશ જાય છે. તેથી તુણણી અને નિંદણી કરીને ખેડુ નિષ્ફળ થનારા રોપાનો નાશ કરે છે. તે રોપાં જો તુણી નાંખવામાં નહી આવે તો સારાપાકને માટે ખેતરમાં નાંખેલુ ખાતર એજ ખાઇ જાય છે અને ખેડુની મહેનત વ્યર્થ થાય છે. બગડતુ ખેતર તુણણીથી સુધરે છે અને સુધરેલું ખેતર રખાણ વિના લાશ જાય છે. વખતઉપર તુણણી કરનારો ખેડુ સ્વકાર્યદક્ષ ગણાય છે. નિષ્ફળ નિવડનારા રોપા યોગ્ય વખતે તુણી કાઢવા એ જો ખેડુનુ કર્તવ્ય છે તો દેવતૃપ્ત્યર્થે અને જગત્પાલનાર્થે પરમેશ્વરરૂપ ખેડુએ લગાડેલા બ્રાહ્મણાદિવર્ણરૂપ રોપા નિષ્ફળ થવા લાગતા તે શકય તેટલી ત્વરાથી ઝટપટ તુણી નાંખવા એ તેનું કર્તવ્ય જ છે ને તેથી જ કર્મભ્રષ્ટલોકો અનેક કારણોના લીધે ટપોટપ્ જગત્માંથી નષ્ઠ થતાં ભાળીએ છિએ. તસ્માત્ ઇશ્વરપ્રસાદથી પોતાનુ સંરક્ષણ થવા સારૂ ઇશ્વરની આજ્ઞા પ્રમાણે સ્વાધિકારાનુરૂપ ધર્માચરણ કરવું એજ શ્રેયસ્કર છે.

વર્ણાશ્રમવિહિતકર્મોનું અનુષ્ઠાન કોને આવશ્યક નથી એ **यस्त्वात्मरतिरेव** ૧૭ $\frac{3}{૯}$ ૫ આ વચનમાં કહેલું છે. અર્થાત્ આત્મનિષ્ઠ જે સંન્યાસી તેને વર્ણા મવિહિતકર્મોનું પ્રયોજન નથી એમ દર્શાવેલું છે. **સારાંશ** એજ કે, સાંખ્યશબ્દનુ કરેલું વ્યાખ્યાન જેમના વિષે યથાર્થ ધટે છે તેમના વિના બીજાઓએ વર્ણાશ્રમવિહિત કર્મોનું અનુષ્ઠાન અવસ્ય કરવુંજ જોઇએ. લોકાગ્રણીએ વર્ણાશ્રમવિહિતકર્મનો ત્યાગ કરતા લોકોનો નાશ થાય છે, વર્ણસંકર થાય છે અને પ્રજાજનનો પરિણામે ધાત થાય છે એમ ભગવાને **उत्सीदेयुः** ૨૪ $\frac{3}{૯}$ એ વચનથી સ્પષ્ટ કહેલું છે. **न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम्** ૨૬ $\frac{3}{૧૦}$ એ ચરણનો અર્થ કેટલાએક મૂર્ખશિરોમણી 'બ્રાહ્મણેતરને બ્રહ્મજ્ઞાન કહીને તેમની પૂર્વની અજ્ઞાનમૂલકમાન્યતા નષ્ટ કરવી નહી' એમ માને છે અને 'સ્વાર્થ સાધુ બ્રાહ્મણો બીજાઓને આ વચનથી જ્ઞાની થવા દેતા નથી' એવો આક્ષેપ પણ બ્રાહ્મણો ઉપર લે

છે. પરંતુ એ મૂર્ખશિરોમણિએ કલ્પેલો આ વચનનો અર્થ વિવેકીબ્રાહ્મણોના સ્વપ્ને પણ હોતો નથી. અજ્ઞાન સર્વથા નિવૃત્ત થઈને જ્ઞાનપ્રાપ્ત થયેલા પુરૂષને વર્ણાશ્રમવિહિત કર્માનુષ્ઠાનનું જો કે પ્રયોજન નથી તોપણ તે કર્માનુષ્ઠાનથી રહિત થતાં જ્ઞાન પ્રાપ્ત ન થયેલા અજ્ઞાનીઓ તેનું અનુકરણ કરીને સ્વકર્મનો ત્યાગ કરશે, તેથી તે જ્ઞાનીપુરૂષ તે અજ્ઞાનીલોકોની બુદ્ધિ ભ્રષ્ટ થવાને કારણ થશે. એટલુંજ નહીં તો, વર્ણસંકર અને લોકોનો નાશ એ તે જ્ઞાનીપુરૂષના કર્મત્યાગનો પરિણામ થશે તેથી જ્ઞાનીપુરૂષે લોકસંગ્રહાર્થે યજ્ઞાદિકર્મો દક્ષતાપૂર્વક કરવા એમ એ વચનમાં દર્શાવેલું છે. **उत्सीदेयुरिमे लोकाः** २४ [३] એ વચનમાં ભગવાને શ્રેષ્ઠપુરૂષે કરેલો વર્ણાશ્રમવિહિતકર્મત્યાગ વર્ણસંકરને અને વર્ણસંકરપરિણામરૂપ પ્રજાનાશને કારણરૂપ થઈ પડશે એમ સ્પષ્ટ કહેલું છતાં આધુનિક સુશિક્ષિત લોકો તે ઉપર લક્ષ્ય આપતાંજ નથી. સાંપ્રત જનમંડળમાં આગેવાન ગણાતા લોકોનો કર્મત્યાગ સ્પષ્ટ દેખાય છે અને કર્મત્યાગ જેટલી કબૂલત આપવાને તે આગેવાનો પાછીપાની ભરે એવા પણ નથી. આગળનું પગથીયું જે વર્ણસંકર તે પ્રત્યક્ષ પુરાવાથી કોઈથી તેમના ખોળામાં નાંખી શકાશે નહીં અને પોતે વર્ણસંકરજન્ય હોવાનું કોઈપણ કબુલ કરશે નહીં. પરંતુ એ વચનમાં દર્શાવેલું જે ત્રીજુપગથીયું એટલે પ્રજાનાશ તે તો સર્વત્ર અનુભવમાં આવે જ છે અને તે કોઈથી પણ ના પાડી શકાશે નહીં. પાયાથી પરથારસુધીની ઈમારત દેખાય છે અને ઉપરનું છાપરૂ પણ દેખાય છે. તેથી વચલોમાળ નથી એમ કહી શકાય નહીં. પાયો પોતે પુરવાની લોકો કબૂલત આપે છે અને છાપરૂં સર્વે પ્રત્યક્ષ દેખે છે. ત્યારે વચલોમાળ નથી એમ કેહેવું એ જેમ અગ્રાહ્ય છે તેમજ પ્રજાનાશનો મૂળપાયો વર્ણાશ્રમવિહિતકર્મત્યાગ કબુલ હોઈને હવેલીનું પ્રજાનાશરૂપ છાપરૂ પણ જો સર્વને કબૂલ છે તો વર્ણસંકરરૂપ ઈમારત-પાયો અને છાપરૂં એમના વચમાં-છેજ નહીં એમ કહેવું એ અત્યંત અગ્રાહ્ય છે. **अर्जुनविषादयोग** નામક પેહેલાઅધ્યાયમાં અર્જુને પ્રજાનાશકારણોની પરંપરા કહેલી છે. કુલનાશના લીધે સનાતનકુલધર્મનો નાશ, ધર્મનાશ થયા પછી કુલમાં અધર્મની પ્રવૃત્તિ, તેના લીધે કુલસ્ત્રિયોનું દૂષિત રહેવું, તેઓ દોષયુક્ત થતાં વર્ણસંકર થવો અને વર્ણસંકરના લીધે નરકવાસ પ્રાપ્ત

થવો એવી પરંપરા અર્જુને કહેલી હોઇને સનાતન કુલધર્મનો ઉચ્છેદ જેમના કુલમાં થયેલો હશે તે મનુષ્યોનું નરકમાં નિરંતર વાસ્તવ્ય હોયછે એમ તે વખતના મોટાલોકોનું કહેવું પણ તેણે **उत्सन्नकुलधर्माणां** ૪૪ ૧/૬ આ વચનમાં દર્શાવેલું છે. કુલધનનો નાશ અને નરકમાં વાસ્તવ્ય આ બે **उत्सन्नकुलधर्माणां** ૪૪ ૧/૫ એ વચનમાં કહેલા હોઇને **धर्मेनष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत** ૪૦ ૧/૪ **अधर्माभिभवात्कृष्ण प्रदुष्यंति कुलस्त्रियः। स्त्रीषुदुष्टासु वार्ष्णेय जायते वर्णसंकरः** ૪૧ ૧/૪ આ વચનોવડે વચલાપગથીયા પણ તેણે દર્શાવેલા છે. નરકમાં વાસ્તવ્ય અને પ્રજાનાશ એમાં વિશેષ ફરક નથી. હીનસ્થિતિ પ્રાપ્ત થવી એજ નાશ છે. પ્રથમાધ્યાયમાં અર્જુને જે પ્રજાનાશના કારણોની પરંપરા દર્શાવેલી છે તે ભગવાનને સંમત હોવાનુ **उत्सीदेयुरिमेलोकाः** ૨૪ ૩/૨૦ આ તેમના વચન ઉ. પરથી સિદ્ધ થાય છે. વળી અર્જુનના પ્રથમાધ્યાયમાંહેલાઉદ્ગાર ભગવાનને સંમત છે એમ માનીનેજ તેણે તે કાઢેલાં છે. **निहत्य धार्तराष्ट्रान्नः का प्रीतिः स्याज्जनार्दन । पापमेवाश्रयेदस्मान्हत्वैतानाततायिनः** ૩૬ ૧/૪ આ વચન માંહેલાં **नः** અને **अस्मान्** આ પદ, **तस्मान्नार्हा वयं हंतुं धार्तराष्ट्रान्स्वबांधवान् । स्वजनं हि कथं हत्वा सुखिनः स्याम माधव** ૩૭ ૧/૪ આ વચન માંહેલા **वयं** અને **स्याम्** આ પદ, **कथं न ज्ञेयमस्माभिः पापादस्मान्निवर्तितुम् । कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन** ૩૯ ૧/૪ આ વચન માંહેલું **अस्माभिः** એ પદ, **उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन । नरके नियतं वासोभवतीत्यनुशुश्रुम** ૪૪ ૧/૫ આ વચન માંહેલું **अनुशुश्रु** એ પદ અને **अहो बत महत्पापं कर्तुं व्यवसिता वयं । यद्राज्यसुखलोभेन हंतुं स्वजनमुद्यताः** ૪૫ ૧/૫ આ વચન માંહેલું **वयं** એ પદ લક્ષ્યમાં લેતાં પોતાનું કહેવું ભગવાનને સંમત હોવાનુ તે માનતો હતો એ પણ સિદ્ધ થાય છે. બીજાઅધ્યાયના આરંભે ભગવાન્ શ્રીકૃષ્ણે અર્જુનને મોહ થયાનુ તેને સ્પષ્ટ કહેલું છે. પરંતુ અર્જુનનુ તમામ કહેવું મોહમૂલક છે એમ ભગવાને ક્યાંય પણ દર્શાવેલું નથી. રાજ્યસુખલોભથી સ્વજનવધને અમો પ્રવૃત્ત થયા એ ખરેખર મહાપાપ કરવાને જ અમો તૈયાર થયા છીયે એમ જે અર્જુને **अहो बत महत्पापं** ૪૫ ૧/૫ એ વચનમાં કહેલું છે તે તેના ધારવા પ્રમાણે યોગ્ય જ

છે, અને ભગવાન્ શ્રીકૃષ્ણે પણ રાજ્યસુખ લોભથી સ્વજનવધને પ્રવૃત્ત થવું એટલે મહત્પાપ કરવાને ઉદ્યુક્ત થવું નથી એમ કહેલું નથી. ભગવાન્ શ્રીકૃષ્ણે અર્જુનના જે કહેવાનો નિષેધ કરેલો છે તે આ પ્રમાણેઃ—" રાજ્યસુખલોભથી સ્વજનવધને ઉદ્યુક્ત થવું એટલે મહત્પાપ કરવાને ઉદ્યુક્ત થવું એ બાબતમાં મારૂં મત ભિન્ન નથી. રાજ્યસુખલોભથી સ્વજનનો જ તે શું પરંતુ કોઈનો પણ વધ કરવો એ પાતક જ છે. ધર્મનાશનો પરિણામ નરકવાસમાં એટલે પ્રજાનાશમાં થાય છે એતો તને સંમત જ છે. કારણ કે **धर्मे नष्टे कुलं कृत्स्नमधर्मोऽभिभवत्युत** ૪૦⁄૧ ઈત્યાદિ પ્રકારના વિધાન તેં કરેલાં છે. રાજ્યસુખનો લોભ ધરીને સ્વજનનો વધ કર એમ કહેવા સારૂ જ હું પણ અહિં આવેલો નથી. રણમાં આવ્યા પછી પલાયન ન કરતા યુદ્ધ કરવું એ તું ક્ષત્રિય હોવાથી તારૂં વિહિત કર્મ છે એટલે તારો ધર્મ છે; અને ધર્મનાશ એ પ્રજાજનનો નરકમાં વાસ્તવ્ય થવાને કારણ થાય છે એ વાત તો તું જાણે જ છે. એમ હોવાથી પ્રાપ્ત થયેલા સ્વધર્માચરણથી તું વિમુખ થઈશમા એટલુંજ મારૂં કહેવું છે. સ્વજન વધનો ઉદ્દેશ મનમાં ધરીને હું અહિં આવ્યો નથી. હું વર્ણથી ક્ષત્રિય છું અને યુદ્ધનું નિમંત્રણ આવતાં તે સ્વીકારવું એ ક્ષત્રિયોનો ધર્મ છે. તેથી એ ક્ષાત્રધર્મ સ્મરીને તેં પોતાના પક્ષમાં આવવા માટે મને નિમંત્રણ કરવાથી હું આવ્યો છું. દુર્યોધનાદિક જેમ તને સ્વજન છે તેમ મને પણ તેઓ સ્વજન જ છે. દ્રોણાચાર્ય, કૃપાચાર્ય, ભીષ્મ ઈત્યાદિ મહાત્માઓ જેમ તને પૂજ્ય છે તેમ તેઓ મને પણ પૂજ્ય જ છે. તેમનો વધનો ઉદ્દેશ ધરવો એ જેટલું તને ખોટું છે તેટલું જ મને પણ ખોટું છે. સાંપ્રત અમુક જ એક પક્ષ વિજયી થશે એમ કાંઈ ઠરેલું નથી; અને તારા ગુરૂ દ્રોણાચાર્ય, કૃપાચાર્ય અને પિતામહ ભીષ્મ એમના કરતાં તું મોટો જ્ઞાતા છે એમ મને લાગતું નથી અને તારૂં માનવું પણ તેમ નથી. સ્વજનસંબંધી પ્રેમ અથવા દયા એ ગુણમાત્ર તારાજ વિષે હોઇને તારા વિરૂદ્ધપક્ષના ભીષ્માદિક અને તારા પક્ષનો હું, એ સર્વ નિર્દય છે એમ પણ નથી. દાદા અને ગુરૂ એમના ઉપર બાણ નાંખવા એ જેટલું તને દુર્ઘટ છે તેટલુંજ પૌત્ર ઉપર અને શિષ્ય ઉપર બાણ નાંખવા એ તેમને પણ દુર્ઘટજ છે. રાજ્યસુખ લોભથી પૌત્રનો અને શિષ્યનો વધ કરવાના ઉદ્દેશથી તેઓ અહિં આવેલા

નથી. પરંતુ, યુદ્ધથી અપલાયન એટલે યુદ્ધ માટે નિમંત્રણ થતાં ના ન પાડવી એ ક્ષત્રિયોનો ધર્મ હોવાથી તેઓ આહ આવેલા છે. સારાંશ એજ કે, યુદ્ધ એ ક્ષત્રિયોનો સ્વધર્મ છે, અને તે તેમણે નિષ્કામબુદ્ધિથી કરવો અવશ્યક છે. તું જો રાજ્યસુખનો લોભ ધરીને યુદ્ધ કરીશ તો તે સકામ કર્માનુષ્ઠાન થનારૂં હોવાથી તારા બંધને કારણ થશે. નિષ્કામબુદ્ધિથી તું સ્વધર્માચરણ કરીશ તો તે તારી ચિત્તશુદ્ધિને કારણ થશે. એમ હોવાથી, ચિત્તશુદ્ધ્યૈં તારે નિષ્કામબુદ્ધિથી સ્વધર્માનુષ્ઠાન જ અવસ્ય કરવું જોઇએ. બંને પક્ષ તરફના યોદ્ધાઓએ રણમાં આવીને સિંહનાદપૂર્વક યુદ્ધારંભસૂચક વાદ્યો વગાડ્યા; શસ્ત્રસંપાત શરૂ થયેલો છે, અને તું પણ ગાંડીવધનુષ્ય સજ્જ કરીને યુદ્ધ માટે ઉદ્યુક્ત થયેલો છે. તો એવી સ્થિતીમાં સંગ્રામ વિમુખ થવું એ સ્વકર્મત્યાગ જ હોવાથી તારાજ કેહેવા પ્રમાણે નરકમાં વાસ્તવ્ય કરવાનો પ્રસંગ તું પોતાના માથે ખેંચી લે છે. શસ્ત્રપાણી ધનરાષ્ટ્રપુત્રોએ શસ્ત્રરહિત થયેલા મારો રણમાં વધ કરતાં તેમાં મારૂંજ અતિશય કલ્યાણ થશે એમ કહીને અને સંગ્રામમાં હાથમાં લીધેલું બાણયુક્ત ધનુષ્ય પડતું મુકીને તું બેશી રહ્યા છે એ સારૂં નથી. એ મોહ છે અને જે નરકવાસનું ભય તું રાખે છે તેજ એવી રીતે સ્વીકારવાને તું અજાણતા તૈયાર થયો છે. કારણ કે, રણમાં વિમુખ થઇને વધ પામવાથી સ્વર્ગપ્રાપ્તિ ન હોઇને નરકપ્રાપ્તિજ થનારી છે. એમ હોવાથી એ મોહ મુકી દઇને તું પ્રાપ્ત થયેલા સ્વધર્મનુંજ નિષ્કામબુદ્ધિથી અવલંબન કર" આ પ્રમાણે ભગવાને કહેલું છે. ધર્મનાશના પરિણામ જે અર્જુને કહેલાં છે તે ભગવંતને અસંમત નથી. **उत्सन्न कुलधर्माणां** ૪૪ આ વચનમાં **अनुशुश्रुम** એ પદ યોજીને કુલધર્મહીનમનુષ્યોનું નરકમાં વાસ્તવ્ય થાય છે એમ આપણે સાંભળેલું છે એમ દર્શાવેલું છે. ભગવાને અર્જુનના આ સ્મૃતીનો નિષેધ કર્યો નથી. એટલુંજ નહી તો સ્વધર્મત્યાગનો પરિણામ વર્ણસંકરદ્વારા પ્રજાનાશમાં થાય છે એમ **उत्सीदेयुरिमे लोकाः** ૨૪ એ વચનથી કહીને અર્જુનના કેહેવાને તેમણે સંમતિજ આપેલી છે. **उत्सीदेयुः** ૨૪ આ વચનમાં ભગવાને સ્વકર્મત્યાગપછી વર્ણસંકર એ એક વચલું પગથીયું કહીને પ્રજાનાશ એ છેલ્લું પગથીયું કહેલું છે; અને અર્જુને ધર્મનાશ અને વર્ણસંકર ને તેમજ વર્ણસંકર અને પ્રજાનાશ એમના વચેની પગથીયાઓ કહેલાં

છે. સારાંશ એજકે, ભગવાન્ શ્રીકૃષ્ણ અને અર્જુન એ બનેના ભાષણમાં લેશમાત્ર પણ વિરોધ નથી. અર્જુને જે વિસ્તારથી કહેલું છે તેજ સક્ષેપથી ભગવાને કહ્યું છે. હવે વર્ણાશ્રમવિહિત કર્મનો ત્યાગ કરવાથી વર્ણસંકર થાય છે એમ જે શ્રીકૃષ્ણભગવાને કહેલું છે તેનું સ્પષ્ટીકરણ થવું જરૂરનું છે. કારણકે, સાંપ્રતના વર્ણાશ્રમવિહિતકર્મ વિમુખ લોકોને પોતાના દેશમાંહેલી પ્રજાનો નાશ થાય છે એટલે પ્રજાને રોગાદિ કારણોથી ઉત્તરોત્તર નિકૃષ્ટ અવસ્થા આવે છે એ વાત કબુલ છે. પરંતુ, એ નિકૃષ્ટ અવસ્થા પોતાના સ્વધર્મત્યાગથીજ આવે છે એમ તેમને લાગતું નથી, અને પોતાનો સ્વધર્મ ત્યાગ પ્રજાનાશક વર્ણસંકરનું કારણ છે એ વાત તો તેમના ધ્યાનમાં પણ નથી. એમ હોવાથી સ્વધર્મત્યાગના લીધે વર્ણસંકરદ્વારા રાષ્ટ્રમાંહેલી પ્રજાને શોચનીય અવસ્થા કેમ પ્રાપ્ત થઈ છે અને થાય છે એનો ખુલાસો થવાની જરૂર છે ને તે આ પ્રમાણેઃ—**अहरहः संध्यामुपासीत**—પ્રત્યેક દિવસે સંધ્યાવંદનકર્મ કરવું-એવી શ્રુતિ છે. હવે એ સંધ્યાવંદનકર્મ ન કરવાથી વર્ણસંકર થવાનો અને તેના લીધે કુલનો તથા તત્કુલસંબંધી પ્રજાજનનો નાશ થવાનો સંબંધ કેમ છે તે જુઓ. સંધ્યાવંદનકર્મમાં સ્વગોત્રપ્રવરોચ્ચારપૂર્વક અભિવંદનકર્મ આવશ્યક છે. પરગોત્રમાંહેલો દત્તક લેવો નહી એવી સ્મૃતિની આજ્ઞા છે. પરંતુ અત્યંત સંકટસમયે પરગોત્રમાંહેલો દત્તક લેવાને પણ કેટલીએક સ્મૃતીઓએ આજ્ઞા આપેલી છે. પરગોત્ર માંહેલા દત્તક સાંપ્રત ઘણા છે. પરગોત્ર માંહેલા દત્તક દ્વિગોત્ર થતો હોવાથી તેને જનક ગોત્ર અને પાલકગોત્ર એ બંને ગોત્ર જાળવવા પડે છે ને તેની સંતતી પણ દ્વિગોત્રી ગણાય છે. સંધ્યાવંદનકર્મમાંહેલા અભિવાદન પ્રસંગે દ્વિગોત્રી દત્તકોને બંને ગોત્રપ્રવરોનો ઉચ્ચાર કરવો પડે છે. પરંતુ સંધ્યાવંદનકર્મનોજ જો કુલમાં અભાવ થયો તો પોતે દ્વિગોત્રી છિયે એ તે કુલમાંહેલા પુરૂષોને યાદ રેહેતીજ નથી. ગોત્રો બે થાય છે: પરંતુ અવટંક એકજ કાયમ હોય છે. તેથી તે અવટંકનું જે એક ગોત્ર ઠરેલું હોય છે તેજ તે કુલમાં પ્રચલિત રેહે છે અને શરીરસંબંધ થવાના સમયે તેજ ગોત્રનો વિચાર થાય છે. એમ થયું એટલે કુલમાં જે પૂર્વજ દત્તક આવેલો હોય છે તેના જનકગોત્રમાં ઉત્પન્ન થયેલી કન્યા સાથે અથવા પુત્રના સાથે તે કુલમાંહેલા પુત્રનો અથવા કન્યાનો વિવાહ થાય છે અને એવી રીતે સમાનગોત્રપ્રવરમાં

વિવાહસંબંધ થવાથી તે કુલમાંહેલી તેમની સંતતી જાતિથી શાસ્ત્રદષ્ટિયે ચાંડાળ ઠરે છે. પરંતુ જાતિથી ચાંડાળ થયેલા એ વંશજ ઈતરલોકોની દ્રષ્ટીયે અને તેમની પોતાની માન્યતા પ્રમાણે બ્રાહ્મણ જ હોય છે અને એમના સાથે ઈતર બ્રાહ્મણોનો શરીરસંબંધ થઇને તે શુદ્ધ બ્રાહ્મણના કુલ પણ ચાંડાલ થાય છે. એવાં બ્રહ્મચાંડાલકુલ દેશમાં ઉત્પન્ન થના એ સામાન્યવર્ણસંકર ન હોઇને અત્યંતભયંકર વર્ણસંકર છે. વર્ણસંકર પ્રજાજનના નાશને કારણ થાય છે એ સિદ્ધાંત ભગવાને ગીતામાં નવો કહેલો ન હોઇને તે સ્મૃત્યુક્ત અતિપ્રાચિન છે. મનુસ્મૃતિ માંહેલા સ્ત્રીસંગ્રહણપ્રકરણમાં **परदाराभिमर्शेषु प्रवृत्तान्नॄन्महीपतिः । उद्वेजनकरैर्दण्डैश्छिन्नयित्वा प्रवासयेत् । तत्समुत्थो हि लोकस्य जायते वर्णसंकरः । येन मूलहरोऽधर्मः सर्वनाशाय कल्पते**—પરસ્ત્રીના સંભોગ માટે પ્રવૃત્ત થયેલાં પુરૂષોને, ઉદ્વેગ ઉપજાવે એવી રીતે તેમના નાક, હોઠ વિગેરે કાપીને રાજાએ દેશનિકાલ કરવા. વ્યભિચારથી જગતમાં વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય છે અને તેથી પ્રજાને ઉત્પન્ન કરનારાં મૂળનો નાશ કરનારો અધર્મ આખા જગતનો નાશ કરવાને સમર્થ થાય છે—૩૫૨, ૩૬૩ **अ. ८** એવાં વચન છે અને વર્ણસંકર જગતના નાશને કારણ હોવાનું તેમાં કહેલું છે. વર્ણસંકર સાંપ્રત અમુક અમુક કુલમાં થયેલો છે એમ રાજદરબારમાં પ્રચલિત કાયદાથી શાબીત કરાશે નહીં: પરંતુ, દેશવ્યંસકરોગ, દુષ્કાળ, પરસ્પરકલહ ઇત્યાદિકના લીધે રાષ્ટ્રને પ્રાપ્ત થનારી શોચનીય અવસ્થાના મૂળમાં વર્ણસંકર નહી હશે એમ માત્ર પ્રતિજ્ઞા ઉપર ખાત્રીથી કહી શકાશે નહી. કારણકે, વર્ણસંકર એ એક રાષ્ટ્રનાશનું પ્રબલ કારણ છે; અને આ રાષ્ટ્રનાશરૂપ કાર્ય ઉપરથી સંભવનીય કારણો અનુમિતકરણ અન્યાયનું જ થશે એમ જણાતું નથી. સાંપ્રત સ્વધર્મત્યાગમૂલક વર્ણસંકરનો સારી પેઠે પ્રસાર હોવાનું બીજા એક અનુમાનથી પણ સિદ્ધ થાય છે. તે આ પ્રમાણે:—ગુણકર્મવિભાગપૂર્વક ચાતુર્વર્ણ્યસૃષ્ટી પરમેશ્વરે નિર્માણ કરેલી છે. તે પૈકી બ્રાહ્મણને વિષે સત્ત્વપ્રાધાન્ય, ક્ષત્રિયના વિષે સત્ત્વમિશ્રિત રજોગુણનુ પ્રાધાન્ય, વૈસ્યને વિષે તમોમિશ્રિત રજોગુણનું પ્રાધાન્ય અને શૂદ્રને વિષે રજોમિશ્રિત તમોગુણનુ જ પ્રાધાન્ય હોવાનુ એવો નિયમ છે. જેના વિષે જે ગુણનું પ્રાધાન્ય હોય છે તેને તેવો આહાર પ્રિય હોય

છે એમ ગીતામાં ૭૪૬\|૧૬ કહેલું છે. **यातयामं गतरसं पूति पर्युषितं च यत् । उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम्**—અર્ધકાચું રંધાયેલું, નિરસ થયેલું, દુર્ગંધી, વાસી, ખાતાં વધેલું અને યાગને અયોગ્ય-અપવિત્ર-એવું અન્ન તમોગુણપ્રધાન પુરૂષને જ પ્રિય હોય છે ૧૦૭૧૬૪ એમ ભગવાને કહેલું છે. તે શૂદ્રવિના તમોગુણનુ પ્રાધાન્ય ચાતુર્વર્ણ્યપૈકી બીજા કોઈના પણ વિષે નથી. એમ હોવાથી તામસઆહારમાં અંતર્ભૂત થનારા જ પદાર્થો જેમને અતિપ્રિય છે અને તે સેવન કરવામાં જ જે નિરંતર દક્ષ હોય છે તે લોકપ્રસિદ્ધિમાં જો કે બ્રાહ્મણ હશે તો પણ તેમનો દેહ આ ભગવદુક્તિરૂપ શાસ્ત્રદૃષ્ટીથી વર્ણસંકરજન્ય હોવાનું અનુમાનથી સિદ્ધ થાય છે. વળી ત્રીજું અનુમાન આ પ્રમાણેઃ—વર્ણસંકર કેવળ વ્યભિચારથી જ થાય છે એમ ન હોઇને તે ત્રણ કારણોથી થાય છે. **व्यभिचारेण वर्णानामवेद्यावेदनेन च । स्वकर्मणां च त्यागेन जायंते वर्णसंकरः**—વર્ણોમાં પરસ્પર વ્યભિચાર, નિષિદ્ધ વિવાહ અને સ્વકર્મત્યાગ આ ત્રણ કારણના લીધે વર્ણસંકરની ઉત્પત્તિ થાય છે-૨૪ **અ. ૧૦**-એમ મનુસ્મૃતિમાં કહેલું છે. સ્વધર્મત્યાગ એ દોષ તો સાંપ્રત અનેકલોકો ખુલ્લી રીતે કરે છે; અને અવેદ્યાવેદનની તો પરમાવધી જ છે. તસ્માત્ સાંપ્રતની સ્થિતિ ઉપર લક્ષ્ય આપીને અજ્ઞાનનાશનું જે કારણ શ્રીકૃષ્ણાર્જુને સ્પષ્ટ કહેલું છે તે કારણથી, શક્ય તેટલો પ્રયાસ કરીને દૂર રેહેવું યોગ્ય છે. એમ હોવાથી વર્ણાશ્રમવિહિતકર્મ અવશ્ય કરવું જ જોઈએ. "આ મારા મતને અનુસરીને જે સર્વદા શ્રદ્ધા પૂર્વક વર્તે છે તે પણ કર્મ બંધનથી મુક્ત થાય છે" એમ **ये मे मतमिदं** ૩૧૩૦૨ એ વચનમાં ભગવાને કહેલું હોઈને "જે મારા મત પ્રમાણે વર્તતા નથી તે સર્વજ્ઞાનવિમૂઢ, અવિવેકી અને નષ્ટ જાણવા" એમ **ये त्वेतदभ्यसूयंतो** ૩૨૩૦૨ એ વચનમાં કહેલું છે. તેથી લોકો અજ્ઞાની અને શોચનીય હોવાનું કારણ સ્વધર્મત્યાગ એ જ છે. અર્જુન રાગદ્વેષાધીન અને શોકમોહગ્રસ્ત થઈને સ્વધર્મનો ત્યાગ કરવાને અને ભિક્ષાટનાદિ પરધર્મ સ્વીકારવાને તૈયાર થયો હતો. કારણ કે, ભિક્ષાથી નિર્વાહ કરવામાં વિશેષ પ્રયાસ પડશે નહી એમ તે ધારતો હતો. આ બાબતમાં **श्रेयान्स्वधर्मो विगुणः परधर्मात्स्वनुष्ठितात् । स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः** ૩૫૩૦૮ સાંગ પરધર્માનુષ્ઠાન કરતા અંગવૈકલ્યાદિ દોષથી યુક્ત

એવું સ્વધર્માનુષ્ઠાન શ્રેયસ્કર છે; એટલુંજ નહી, તો સ્વધર્મમાં રહીને મરણ પણ શ્રેયસ્કર હોઈને પરધર્માવલંબનથી જીવવું એ ભયાવહ જ છે એમ સ્પષ્ટ કહેલું છે. **श्रेयो भोक्तुं भैक्ष्यमपीहलोके** ५ $\frac{२}{१४}$ એમ જે અર્જુને ઉદ્ગાર કાઢ્યા હતા તેનું ઉત્તર આ વચનથી દિધેલું છે. વાસ્તવિક રીતે જોતાં અર્જુને એટલા બોલવા વિના અન્યપ્રકારે લેશમાત્ર પણ સ્વધર્મનો ત્યાગ કર્યો ન્હોતો અને પરધર્મનું અવલંબન પણ કર્યું ન્હોતું. એમ હોવાથી જે કોઈ પોતાને સમાજાગ્રણી માને છે તેમણે જો આહારવિહારાદિમાં કષ્ટપ્રદ હોવાથી સ્વધર્મનો ત્યાગ કર્યો હશે અને જો સુલભ હોવાથી પરધર્મનું અવલંબન કર્યું હશે તો એ પોતાનુ વર્તન મરણ કરતાં પણ પોતાને અને પ્રજાને ભયકર થશે એમ જાણીને તેમણે સ્વધર્માવલંબન કરવું એ જ શ્રેયસ્કર છે. એટલો ઉપદેશ સાંભળ્યાપછી હું સ્વધર્મત્યાગને એટલે પાપાચરણ કરવાને અજ્ઞાનના લીધે જ પ્રવૃત્ત થયો હતો એવી અર્જુનની ખાત્રી થઈ. ત્યારે સ્વધર્મ ત્યાગ કરીને પરધર્માવલંબનરૂપ પાપાચરણ કરવાનો મારો ઉદ્દેશ ન્હોતો; પરંતુ મારા મનની કેવી સ્થિતી થવાથી હું ઉદ્દેશ નહીં છતાં પણ પાપાચરણ કરવાને પ્રવૃત્ત થયો ? એ હું સમજતો નથી. તસ્માત્, ઉદ્દેશ નહીં છતાં પણ પાપાચરણમાં પુરૂષનું મન કયા કારણના લીધે પ્રવૃત્ત થાય છે એ આપ મને કહેશો એમ અર્જુને **अथ केन प्रयुक्तोऽयं** ३६ ${}_{१०५}$ એમ પુછેલું છે અને અર્જુનના આ પ્રશ્નનો ઉત્તર **काम एष क्रोध एष** ३७ $\frac{३}{१०६}$ **धूमेनाव्रियते** ३८ $\frac{३}{१०६}$ **आवृतं ज्ञानमेतेन** ३९ $\frac{३}{१०७}$ અને **इंद्रियाणि मनो बुद्धिः** ४० $\frac{३}{१०७}$ આ ચારે વચનોથી ભગવાને ખુલાસાથી આપેલો છે. અર્જુને પ્રશ્ન કરવાના વખતે ત્રાહીતની પેઠે તે કર્યો હતો એમ **अयं पुरुषः** એ તે વચન માહેલા પદો ઉપરથી જણાય છે. તો પણ ભગવાને પ્રશ્ન કરતા વખતની અર્જુનના મનની થયેલી સ્થિતિ જાણીને એ જોકે ઉપરથી ત્રાહિતની પેઠે પ્રશ્ન કરે છે તોપણ પ્રશ્ન માંહેલી સ્થિતિનો સંબંધ એનાજ વિષેનો છે એમ નિશ્ચિત કર્યું, અને તે પુરૂષે અમુક અમુક કરવું એમ ન કેહેતાં એમ જો છે તો તું જ પ્રથમ ઇંદ્રિયોનું સંયમન કરીને એ જ્ઞાનવિજ્ઞાનનાશક કામનો ત્યાગ કર **तस्मात्त्वमिन्द्रियाण्यादौ** ४१ $\frac{३}{१०८}$ એમ તેને કહ્યું છે. અથવા વક્તા પોતાના સંબંધે પણ **अयं जनः**—આ આપણો દાસ ઉભો છે—એમ પ્રયોગ

કરે છે. તેથી **अयं पुरुषः** એ પ્રયોગ અર્જુને પોતાના સંબંધેજ કર્યો છે એમ માનવામાં કાંઇપણુ હરકત નથી. અર્જુન ક્ષત્રિય હતો તેથી ભગવાને **कर्मणैव हि संसिद्धिः** २० ३/अ આ વચનથી તેને ક્ષત્રિયનું ઉદાહરણ આપેલું છે. ક્ષત્રિયોમાં જનક જેવો જ્ઞાતા કોઇપણ ન્હોતો. જનક જીવન્મુક્ત હતો. તોપણુ લોકસંગ્રહાર્થં તેણે સ્વધર્માનુષ્ઠાન મુકેલું ન્હોતું. એવા જનક જેવા જીવન્મુકત જો અંતસુધ કર્મ કરતા રહ્યા હતા તો પછી તારી તે શિ વાત ? એમ ભગવાને અર્જુનને સુચવ્યું છે. એમ હોવાથી જનકની પેઠે પોતાની જીવન્મુક્તતા વિષે જો કે કેટલાએકની ખાત્રી થયાનું માનિયે તોપણુ વર્ણાશ્રમવિહિતકર્મનો ત્યાગ તેમનાથી દેહપાતપર્યંત્ કરી શકાશે નહી એ સિદ્ધ છે.

कर्मसंन्यासयोग નામક ચોથાઅધ્યાયના આરંભમાં અર્જુનનો પ્રશ્ન નહી છતાં ભગવાને પોતાની મેળે કર્મયોગોપદેશપરંપરા કહેલી છે. તૃતીયાધ્યાયના અંતે અર્જુનનો કોઇપણુ પ્રશ્ન શેષ રહેલો નથી. તેના પ્રશ્નનો ઉત્તર પૂર્ણ થયેલો છે. એમ હોવાથી ભગવાને પોતાની મેળે જો કર્મયોગોપદેશપરંપરા અર્જુનને ન કહી હત તો ગીતાશાસ્ત્રમાં ચોથા અધ્યાયથી આગળના અધ્યાય હોતજ નહી. વિવસ્વાનને પૂર્વે એ કર્મયોગ મેં કથન કર્યો એમ ભગવાને કહ્યાથી અર્જુને પોતાની સમજણુના અનુસારે પ્રશ્નબીજ ઉપસ્થિત થવાથી પ્રશ્ન કરેલો છે. વાસ્તવિકરિતે જોતાં તૃતીયાધ્યાયના આરંભે ત્રીજાશ્લોકમાં કિંચિત્ પ્રશ્નબીજ છે. પરંતુ તે ચોથા અધ્યાયના પેહેલા અને ત્રીજાશ્લોક જેટલું સ્પષ્ટ નથી. **इमं विवस्वते योगं** १ ४/अ એ વચનમાં **इमं** એ દર્શક સર્વનામ છે. એ સર્વનામ ત્રીજા અધ્યાયમાં કહેલા અભ્યુદયકારક કર્મયોગનું દર્શક છે. **एतादृशं** અથવા **ईदृशं** એવું પદ ન હોઇને જે અર્થે **इमं** એ પદ છે તે અર્થે અર્જુનને ભારતીયુદ્ધના વખતે જે કર્મયોગ ભગવાને કથન કર્યો તે સૃષ્ટીના આરંભે વિવસ્વાનને કહેલોજ કર્મયોગ હતો; તેમાં અત્યંત પ્રચંડકાળ વ્યતીત થયા છતાં લેશમાત્ર પણુ ફેરફાર કર્યો નથી એ સિદ્ધ થાય છે. **इमं विवस्वते योग प्रोक्तवानहमव्ययम्** १ ४/अ આ વચનમાં **अव्ययं** એ વિશેષણુ યોગ.ને આપેલું છે અને **स कालेनेह महता योगो नष्टः परंतप** २ ४/अ આ વચનમાં તે યોગ નષ્ટ થયો એમ પણુ કહેલું છે. સિધીદૃષ્ટીએ શ-

भ्दार्थ ઉપર લક્ષ્ય આપતાં અવ્યયયોગ નષ્ટ થયો એમ કેહેવું અમર મુવો એ કેહેવા જેવું જ વિરૂદ્ધ દેખાય છે. પરંતુ આ વચનો અસંબદ્ધ ભાષણ કરનારા સામાન્યવ્યક્તીના ન હોઈને ભગવાન્ શ્રીકૃષ્ણના છે એ લક્ષ્યમાં લઈને તેમનો અર્થ કરવો જોઈએ. યોગ જો નષ્ટ થયો હતો તો અર્જુનને ભગવાને તે જ કયાંથી કથન કર્યો ? ઈત્યાદિ પ્રકારની શંકા અહિં સંભવનીય છે. પરંતુ **भक्तोसि मे सखाचेति** उ ४।३ એ વચન ઉપર લક્ષ્ય આપતાં તે શંકાનું નિરસન થાય છે. તુ મારો ભક્ત હોઈને સખા છો તેથી મેં તને યોગ કથન કર્યો છે. **स एवायं** उ ४।३ એવા પદ એ વચનમાં હોવાથી વિવસ્વાનને જે યોગ કેહેવામાં આવ્યો હતો તેજ એમનેએમ અર્જુનને કેહેવામાં આવ્યો એમ ઠરે છે. તો પણ **पुरातनः** એ આ વચન માંહેલું પદ શા માટે છે એ શંકા રહે છે; કારણકે, સૂર્યને જે મેં યોગ કથન કર્યો તે જ આજ મેં તને કહ્યો એટલું જ કેહેવાથી કાર્ય નિસરે છે. તથાપી સૂર્યને જે યોગ મેં કહ્યો તે તે સમયે નવો કરીને કહેલો ન હોઈને તે સમયે પણ તે પુરાતન જ હતો એમ દર્શાવવા સારૂ **पुरातनः** એ પદ છે. સારાંશ એજ કે, પૂર્વકલ્પમાં જે અભ્યુદયકારક કર્મયોગ હતો તેજ આ કલ્પના આરંભે સૂર્યને કથન કર્યો અને તેજ એમનોએમ અર્જુનને ભગવાને કહ્યો એમ **इमं विवस्वते योगं** १ ४।१. અને **स एवायंमयातद्य** उ ४।३ આ વચનોથી સિદ્ધ થાય છે. અર્જુન ભક્ત અને સખા હોવાથી તેને એ યોગ ભગવાને કહ્યો એમ જો **भक्तोसि मे सखाचेति** उ ४।३ આ વચનમાં કહેલું છે તો તે યોગ નષ્ટ થવાનું કારણ ઉપદેશને પાત્ર એવા શિષ્યનો અભાવ એજ ઠરે છે. ભગવાન્ શ્રીકૃષ્ણે સત્પાત્ર મળતા સુધી ઉપદેશદાન કર્યું નથી. ઉપદેશસંપ્રદાય વિચ્છિન્ન થવા દીધો એ વિશેષ લક્ષ્યમાં રાખવા જેવું છે. **इदं ते नातपस्काय नाभक्ताय कदाचन । न चाशुश्रूषवे वाच्यं न च मां योऽभ्यसूयति** ६७ १८।६५ આ વચનમાં આ શાસ્ત્ર અતપસ્ક, અભક્ત, અશુશ્રુષુ અને ઈશ્વર ઉપર દોષારોપકરનાર એમને કેહેવું નહી એમ ભગવાને કહેલું છે. અર્થાત્, અભ્યુદયકારકશાસ્ત્રનો ઉપદેશ જો કે કરવાનો છે તો પણ ઉપદેશગ્રહણને યોગ્ય એવું સત્પાત્ર નહી હોય તો કરવો નહી અને એમ કરવાથી જો તે શાસ્ત્રની ઉપદેશપરંપરા વિચ્છિન્ન થશે તોપણ કાંઈ હરકત નથી એમ ભગવાનનું મત નિશ્ચિત થાય

ઇ. શુશ્રૂષા, ભક્તિ અને તપ એમનાથી સંપન્ન એવાનેજ ગીતાશાસ્ત્રનો ઉપદેશ કરવો. શુશ્રૂષા, ભક્તિ અને મેધા એમનાથી યુક્ત હશે તોજ તેને ગીતાશાસ્ત્રનો ઉપદેશ કરવો. શુશ્રૂષા ભક્તિરહિત તપસ્વીને ગીતાશાસ્ત્રનો ઉપદેશ કરવો નહી. શુશ્રૂષા ભક્તિરહિત મેધાવી-બુદ્ધિમાન-ને ગીતાશાસ્ત્રનો ઉપદેશ કરવો નહી. શુશ્રૂષા, ભક્તિ તપ અને બુદ્ધિ આ સર્વગુણોથી સંપન્ન છતાં પણ ભગવાન્ શ્રીકૃષ્ણને વિષે દોષારોપ કરનારો હોય તો તેને પણ ગીતાશાસ્ત્રનો ઉપદેશ કરવો નહી. સારાંશ એજ કે, ભગવાનના વિષે દોષ દૃષ્ટી ન કરનારો, તપસ્વી, ભક્ત અને શુશ્રૂષુ એવો જે હોય તે મેધાવી હો અથવા નહો તેનેજ ગીતાશાસ્ત્રનો ઉપદેશ કરવો. એ શાસ્ત્રસંપ્રદાયવિધિ ભગવત્સંમત છે. અર્જુન એ ભક્ત અને સખા હોવાના લીધે તેને ગીતાશાસ્ત્રોપદેશ ભગવાને કર્યો એમ આરંભે જ $૩\frac{૪}{૨૬}$ કહેલું છે. અર્જુન એ સખા હોવાથી ભગવાનના વિષે દોષારોપ કરનારો ન્હોતો. તેથી ભક્તિ અને અનસૂયા આ બે ગુણ તેના વિષે હોવાનું **भक्तोऽसि मे सखाचेति** $૩\frac{૪}{૨૧}$ આ વચનથી સિદ્ધ છે. **शिष्यस्तेऽहंशाधि मां त्वां प्रपन्नम्** $૭\frac{૨}{૨}$ એમ અર્જુને પ્રાર્થના કરેલી હોવાથી તે શુશ્રૂષુ હોવાનું નિશ્ચિત થાય છે. મેધા એ ગુણ અર્જુનના વિષે પરિપૂર્ણ હતો અને વર્ણાશ્રમધર્મરૂપ તપથી તે ચ્યુત થયેલો ન્હોતો. વિદ્યોપદેશને પાત્ર કોણ છે એનું સ્પષ્ટીકરણ **विद्ययैव समं कामं मर्तव्यंब्रह्मवादिना । आपद्यापि हि घोरायां न त्वेनामिरिणे वपेत्**-અધ્યાપકે વિદ્યાની સાથેજ મરી જવું એ સારૂં છે પરંતુ ભયંકર આપત્તિમાં પણ કુપાત્રમાં વિદ્યારૂપી બીજને રોપવું નહિ; અર્થાત્ કુપાત્રને વિદ્યા ભણાવવી નહી-૧૧૩, **विद्या ब्राह्मणमेत्याह शेवधिष्टेऽस्मि रक्ष माम् । असूयकाय मां मा दास्तथा स्यां वीर्यवत्तमा**-વિદ્યા બ્રાહ્મણોની પાસે આવીને બોલી કે હું તારો ભંડાર છું, તું મારૂં રક્ષણ કર. દોષારોપકરનારના સ્વાધીન તું મને કરીશ મા એટલે હું અતિશય વીર્યસંપન્ન થઇશ-૧૧૪, **यमेव तु शुचिं विद्यान्नियतं ब्रह्मचारिणम् । तस्मै मां ब्रूहि विप्राय निधिपायाप्रमादिने**-શુચિ, બ્રહ્મચારી અને જીતેંદ્રિય હોવા વિષે જેના માટે તારી ખાત્રી હશે તે વિદ્યારૂપ નિધીનુંજ રક્ષણ કરનારા દક્ષ વિપ્રને તુ મને અર્પણ કર ૧૧૫ અ. ૨ આ પ્રમાણે મનુસ્મૃતિમાં કહેલું છે. શુચિ, બ્રહ્મચારી, અપ્રમાદી, શુશ્રૂષુ, ભક્ત, તપસ્વી, અનસૂયુ ઈ-

સાદિ વિશેષણોને પાત્ર બનાનારા શિષ્યની આવશ્યકતા હોવાથી ગીતાઆદિ ગ્રંથ કોઇને શ્રવણ અધ્યયન કરવાં હોય તો શુદ્ધ સ્થલે, શુદ્ધવસ્ત્રપરિધાન કરેલા અને સ્નાનાદિકથી શુદ્ધ થયેલા શ્રદ્ધાવાન્ અધિકારીનેજ તે સંભળાવવાનો શિષ્ટાચાર છે એ પણ લક્ષ્યમાં લેવા જેવો છે. પૂર્વકલ્પમાંહેલા કર્મયોગનો ઉપદેશ વિવસ્વાનને આ કલ્પના આરંભે પરમેશ્વરે કર્યો. તે વખતે તે ઉપદેશમાં ફેરફાર કરવાનું કારણ ન્હોતું; અને કલ્પારંભથી તે અર્જુનોપદેશપર્યંત્ થઇ ગયેલા કાલના લાંબે પણ કાંઈ ફેરફાર કરવો એ પરમેશ્વરને આવશ્યક જણાયું નહી તો પછી, અર્જુનોપદેશથી આજ સુધી વ્યતીત થયેલા કાલનુ માન પૂર્વે વ્યતીત થયેલા કાલમાન કરતા અત્યંત અલ્પ હોવાથી સાંપ્રત કર્માનુષ્ઠાનમાં દેશકાલસ્થિત્યનુરૂપ કાંઇપણ ફેરફાર કરવો જોઇએ એ પંડિતમન્યોનું બોલવું વ્યર્થ ઠરે છે. અધિકારી શિષ્ય તૈયાર હોય એટલે ઉપદેશક ગુરૂ નિરંતર સંનિધ છે. એમ હોવાથી અભ્યુદયકારક વિદ્યાનો ઉપદેશ કરનારો ગુરૂ કલ્પારંભે તૈયાર થયેલા સૂર્યરૂપ શિષ્યથી તે શિષ્યરૂપે અર્જુન તૈયાર થતાં સુધી વિદ્યમાન હોવાનું જો આ વચનો ઉપરથી સિદ્ધ છે તો ગુરૂસાંપ્રત નષ્ટ થયો છે એમ માનીને અભ્યુદયકારક વિદ્યા પ્રાપ્ત કરવા સારૂ ધર્મશાસ્ત્રસંસ્થાપિત પવિત્ર દેશની મર્યાદાનું ઉલ્લંઘન કરીને પરદેશગમન કરવું એ અત્યંત મૂર્ખતાજ છે.

यदा यदा हि धर्मस्य ७$\frac{४}{६}$ આ વચનમાં અવતાર ધારણ ક્યારે થાય છે એ કહેલું હોઇને **परित्राणाय साधूनां** ८$\frac{४}{६}$ આ વચનમાં અવતારધારણ કરવાનો ઉદ્દેશ કહેલો છે. જ્યારે જ્યારે ધર્મગ્લાનિ થઇને અધર્મનુંજ પ્રાબલ્ય થાય છે ત્યારે ત્યારે હું અવતાર ધારણ કરૂંછું એ **यदा यदा हि धर्मस्य** આ વચનનો આશય છે. એ વચનમાંહેલા **धर्म** શબ્દનો અર્થ પ્રાણિઓના ભુક્તિમુક્તિનુ સાધન એવો વર્ણાશ્રમાદિ લક્ષણ ધર્મ એ છે. એમ હોવાથી સંધ્યા, બ્રહ્મયજ્ઞ, પિતૃકર્મ, યજન, વેદાધ્યયન ઇત્યાદિ વર્ણાશ્રમવિહિત કર્મથી પૂર્ણરીતે અલિપ્ત રહિને પોતાને ત્રૈવર્ણીક માંહેલો માનવો એ અત્યંત અયોગ્ય છે. સાધૂના રક્ષણાર્થે, દુષ્કૃતોના નાશાર્થે અને ધર્મસંસ્થાપનાર્થે હું વખતોવખતે અવતીર્ણ થઉછું એ **परित्राणाय साधूनां** આ વચનનો આશય છે. ગ્રંથિકજ્વર-પ્લેગ, મહામારી-કૉલેરા, દુષ્કાળ, સર્પવ્યાઘ્રાદિનો ઉપદ્રવ ઇત્યાદિ કારણોના લીધે ત્રસ્ત થયેલા અનેક લોકો

'ઇશ્વરને અમારી કરણા આવીને તે ગીતામાં કહ્યા પ્રમાણે અવતીર્ણ કેમ થતો નથી?' એવા ઉદ્ગાર વારંવાર કાઢે છે. પરંતુ, દુઃખગ્રસ્ત લોકોને દુઃખમાંથી છોડાવવાસારૂ હું અવતીર્ણ થઇશ એમ ભગવાને ગીતામાં ક્યાંય કહેલું નથી. ચોર, લુટારૂ, ધાડપાડુ, ખુની, ઇત્યાદિ લોકો 'અમોને નિરંતર ભોગવવા પડતા કારાગૃહવાસાદિ દુઃખો જોઇને ઇશ્વરને અમારી દયા કેમ આવતી નથી? અને અમારી એ દુઃખોથી મુક્તતા કરવા સારૂ તે અવતીર્ણ કેમ થતો નથી?' એમ જો કહે તો ઇશ્વરે એવા લોકોના રક્ષણાર્થે હું અવતીર્ણ થઇશ એમ ક્યાંય કહ્યું નથી એટલુંજ આપણે કહીશું. સાંપ્રતના ત્રૈવર્ણીક લોકો અને વિશેષતઃ દ્વિજાગ્રણીઓ ગીતાશાસ્ત્રમાં નિર્દિષ્ટ કરેલા ભગવતમત પ્રમાણે જોવા જતાં ઉપર કહેલા લોકો કરતાં ઓછા અપરાધી નથી. ઇશ્વરે આપણા સારૂ અવતાર ધારણ કરવો નહી એમ અમારૂં કેવું નથી અને તે અમારા માટે અવતીર્ણ થયેલો નથી એમ પણ અમારૂં માનવું નથી. દુષ્કૃતોના નાશને માટે હું અવતીર્ણ થઇશ એમ તેમણે અભિવચન આપેલું છે અને ગીતાશાસ્ત્રમાં તેમણે કરેલી આજ્ઞાથી વિરૂદ્ધ જાણી જોઇને વર્તનારા પાપીઓના વિનાશને માટે તે અતિસૂક્ષ્મ કીટકાદિકના રૂપે અવતીર્ણ થયેલો પણ છે. **परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्** (૪।૮) આ વચનમાંહેલા **साधूनां** એ પદનો અર્થ શાસ્ત્રાનુવર્તીના એમ છે અને **दुष्कृताम्** એ પદનો અર્થ પ્રતિષિદ્ધકારીના એમ છે. પરંતુ એટલા સ્પષ્ટિકરણથી સાંપ્રતના લોકોને તેમાં નિર્વાહ થશે નહી. કારણકે પ્રચલિત કાયદાની જેને હરકત આવતી નથી તે બાબદો સન્માર્ગમાં અને જેને તે આવે છે તે બાબદો કુમાર્ગમાં સાંપ્રત અંતર્ભૂત થાય છે. એ રાજદષ્ટિયે સન્માર્ગકુમાર્ગનું લક્ષણ છે. લોકધુરીણોની દષ્ટીયે સમાજને હિતકારક થનારી બાબદોનો અંતર્ભાવ સન્માર્ગમાં અને હિતાવહ થનારી બાબદોનો અંતર્ભાવ કુમાર્ગમાં થાય છે. પરંતુ સમાજને હિતાવહ બાબદ કઇ અને અહિતાવહ બાબત કઇ એ વિષેજ મહાન્ મતભેદ છે. આ ગીતાશાસ્ત્રમાં સાધુ અને પાપી એ શબ્દથી જે વિવક્ષિત છે તેમના લક્ષણો રાજદષ્ટીના સાથે કીંવા લોકધુરીણોની દષ્ટીના સાથે ભળતાજ થશે એમ નથી કારણકે, સતી થવું એ બાબદ શાસ્ત્રદષ્ટીએ સન્માર્ગમાં અંતર્ભૂત થનારી છે; પરંતુ રાજદષ્ટીથી અને આધુનિકલોકદષ્ટીથી તે સમજ

વિઘાતક હોવાથી કુમાર્ગમાં અંતર્ભૂત થનારી છે. ત્રૈવર્ણિકોમાં વિધવાવિવાહ એ બાબદ શાસ્ત્રદષ્ટીયે કુમાર્ગ છે; પરંતુ સુધરેલાના મતે સન્માર્ગ છે. આહારવિહારાદિકમાં વિધિનિષેધ ન પાળવો એ સુધરેલાના મતે સન્માર્ગ છે; પરંતુ શાસ્ત્રદષ્ટીયે એ મહાન્ કુમાર્ગ છે. એમ હોવાથી ભગવાન્ શ્રીકૃષ્ણના મતે સાંપ્રત સાધુનો એટલે શાસ્ત્રાનુયાયી સન્માર્ગસ્થ લોકોનો અભાવ થયેલો હોઇને દુષ્કૃતોનો એટલે શાસ્ત્રનિષિદ્ધકર્મકરનારા પાપી લોકોનુજ પ્રાબલ્ય થયેલું હોવાથી ભગવદ્વચનાનુસારે ઇશ્વરાવતારની આવશ્યકતા હોય તો તે રક્ષણ માટે ન હોઇને નાશ માટેજ હોવાની એ અત્યંત સ્પષ્ટ છે. અને તે આપણે પ્રત્યક્ષ અનુભવિયે પણ છિયે.

ઇહલોકે કર્મફલ પ્રાપ્ત થવાની ઇચ્છા કરનારા લોકો દેવતાઓનું પૂજન કરે છે; કારણકે, મનુષ્યલોકમાં કર્મજન્યસિદ્ધિ સત્વર થાય છે એમ **कांक्षंतः कर्मणां सिद्धिं** १२$\frac{४}{६}$५ આ વચનમાં કહેલું છે. એટલે ઇહલોકમાં અથવા આ જન્મમાંજ કરેલાં કર્મોનું ફળ મળે એવી ઇચ્છાથી કર્મકરનારા લોકોએ દેવતાઓનો યાગ અવશ્ય કરવો જોઇએ એમ ભગવાને અહિં દર્શાવેલું છે. અને મનુષ્યલોકમાં એટલે વર્ણાશ્રમાદિ કર્માધિકારીલોકો જે દેશમાં છે તે દેશમાં કર્મજન્યસિદ્ધિ સત્વર થાય છે એ લોકાનુભવ પણ ભગવાન કહે છે. પરંતુ હાથમાં લીધેલું કામ સિદ્ધ થવા સારૂ દેવતાપ્રસાદ સંપાદન કરવો જોઇયે એ સાંપ્રતના લોકો ભુલી ગયા છે કિંવા તે વાત ઉપર તેમનો બિલકુલ વિશ્વાસ નથી એમ જાણાય છે. કર્મસિદ્ધિનો દેવતાપ્રસાદની સાથે સંબંધ છે એ સાંપ્રતના પંડિતમન્યો માનતાજ નથી. પરંતુ એ તેમની મોટી ભૂલ છે. અમુક અમુક ચિકિત્સા કરતા અમુક અમુક રોગ દૂર થાય છે એમ ચિકિત્સાગ્રંથમાં કહેલું હોય છે; પરંતુ ચિકિત્સાફલ પ્રાપ્ત થવા સારૂ દેવતાપ્રસાદની આવશ્યકતા જે પ્રાચીન આર્યવૈદ્યકપ્રવર્તક મહર્ષીઓએ કહેલી છે તેના ઉપર કોઇપણ લક્ષ્ય આપતા નથી. ચરકસંહિતા માહેલી જ્વરચિકિત્સામાં મહર્ષિ પતંજલીએ અનેક ઔષધો કહેલાં છે; પરંતુ તેમાં તેમણે **सोमं सानुचरं देवं समातृगणमीश्वरम् । पूजयन्प्रयतः शीघ्रं मुच्यते विषमज्वरात् ॥ ३०६ ॥ विष्णुंसहस्रमूर्धानं चराचरपतिं विभुम् । स्तुवन्नामसहस्रेण ज्वरान्सर्वानपोहति ॥३०७॥ ब्रह्माणमश्विनाविंद्रं हुतभक्षं हिमाचलं । गंगां मरुद्गणांश्चेष्ट्वा पूजय-**

जयति ज्वरान् ॥ २०७ ॥ भक्त्या मातापितॄणां च गुरुणां पूजनेन च । ब्रह्मचर्येण तपसा सत्येन नियमेन च ॥ २०८ ॥ जपहोमप्रदानेन वेदानां श्रवणेन च । ज्वराद्विमुच्यते शीघ्रं साधूनां दर्शनेन च ॥ २०९ ॥ એમ કહેલું છે તે ઉપર કોઇનું પણ લક્ષ્ય જતું નથી અને વિત્તાપહારી વૈદ્ય પણ તે કહેતાં નથી. દેવતાપ્રસાદ પ્રાપ્ત થવાનો યત્ન કર્યા વિના ઇષ્ટફળસિદ્ધર્થે કર્મારંભ પૂર્વના ધાર્મિકલોકો કરતા ન્હોતાં. પ્રવાસે નિકળેલો મનુષ્ય નિર્વિઘ્ન પાછા આવવાની ઇચ્છા કરે છે, અને જે કાર્ય માટે તે પ્રવાસ કરે છે તે કાર્ય સિદ્ધ થાય એવી તેની ઇચ્છા હોય છે. એટલું જ નહી તો, તે કાર્ય સિદ્ધ થવા સારૂ તે શક્ય એવો ઉદ્યોગ પણ કરે છે; પરંતુ તે ઉદ્યોગનું ફલ પ્રાપ્ત થવાને દેવતાપ્રસાદ સંપાદન કરતો નથી. **संपूषन्नध्वनः** આ સૂકતનો જપ પ્રયાણ સમયે કરતાં પ્રયાણકર્તા નિર્વિઘ્ન પાછો આવે છે અને તેનું ઉદ્દિષ્ટકાર્ય સિદ્ધ થાય છે એમ શૌનકમહર્ષિયે કહેલું છે. શૌનકમહર્ષિને એમ કહીને કાંઇ દ્રવ્યપ્રાપ્તિ કરવાની ન્હોતી. તેમણે લોકકલ્યાણ થવા સારૂ કર્મફલસિદ્ધ્યર્થ દેવતાપ્રસાદના ઉપાય કહેલાં છે. પરંતુ પંડિતમન્યોનો તે ઉપર વિશ્વાસ બેસતો નથી. ચોરી થતાં પોલિસમાં વર્દી આપવી જોઇએ અને ચોર શોધિ કાઢવાનો પ્રયત્ન કરવો જોઇએ. પરંતુ તે પ્રયત્ન સફલ થવા સારૂ **संपूषन्विदुषा** એ સૂક્તનો કોઇપણ જપ કરતો નથી. એમ હોવાથી ઉદ્દિષ્ટ કાર્ય સિદ્ધ થવાની અપેક્ષા રાખવી એ મૂર્ખતા જ છે. કર્મફલસિદ્ધ્યર્થે ઇશ્વરારાધન પોતપોતાના અધિકારાનુસારે કરવું જોઇએ એ દર્શાવવા સારૂ **चातुर्वर्ण्यं मया सृष्टं गुणकर्मविभागशः** ૧૩ ૪/૧૧૬ આ વચનમાં ચાતુર્વર્ણ્ય સૃષ્ટિ કહી છે. આ વચન માંહેલા **मया सृष्टं** એ પદો ઉપર પંડિતમંન્યો લક્ષ્ય આપતા નથી. **गुणकर्मविभागशः** એ પદનો અર્થ મતભેદથી ચાહે તે માને તોપણ ચાતુર્વર્ણ્યસૃષ્ટીનો અધિકાર પરમાત્માએ પોતાના જ હાથમાં રાખેલો છે; તે બીજાને સોંપેલો નથી. **गुणकर्मविभागेन चातुर्वर्ण्यं कृतं मया** એમ છંદોભંગ ન થવા દેતાં સમસ્તગુરૂઓના ગુરૂ ભગવાન્ શ્રીકૃષ્ણથી કહી શકાત. કિંવા **सृष्टं** એ પદના એવજે **कृतं** એ પદ પણ યોજી શકાત. પરંતુ પરમેશ્વરે ચાતુર્વર્ણ્ય ઉત્પત્તિ સિદ્ધ ઠરાવેલું હોવાથી **मया सृष्टं** એજ પદો તેમણે મુકેલા છે. એમ હોવાથી દ્વિજમાતાપિતરોથી ઉત્પન્ન ન થયેલી વ્યક્તિ કર્મોથી દ્વિજ ઠરે છે

એમ ઉબકવું વ્યર્થ છે. **एवं ज्ञात्वा कृतं कर्म** ૧૬ ૪/૧૮ આ વચનમાં પૂ-ર્વેના મુમુક્ષુઓએ વર્ણાશ્રમવિહિત કર્મ કર્યું છે. એમ હોવાથી, તું પૂર્વેનાં મુમુક્ષુઓએ કરેલુંજ પૂર્વતર કર્મ કર, એમ કહેલું છે. આ વચન માંહેલું **पूर्वतरं** એ પદ અત્યંત મહત્વનું છે. મુમુક્ષુએ વર્ણાશ્રમવિહિત કર્મ અવશ્ય કરવું જોઇએ એ વાત ખરી છે પરંતુ પૂર્વેના મુમુક્ષુએ જે કર્મ કર્યું તે તે વખતે કોઇએ નવું જ કહેલું કર્મ તેમણે કર્યું કે પરંપરાગત ચાલતું આવેલું જ કર્મ તેમણે કર્યું ? તે વખતે કોઇએ નવું જ કહેલું કર્મ જો તેમણે કર્યું હશે તો આપ પૂર્વશાસ્ત્રથી વિહિત એવું કર્મ કરવાનો આગ્રહ શા માટે કરો છો ? એવો અર્જુનનો પ્રશ્ન સંભવનીય હોવાથી તેના સમાધાનાર્થે ભગવાને **पूर्वतरं** એ પદ યોજેલું છે. સારાંશ એજ કે, કાલગતીના લીધે કર્માનુષ્ઠાન-માં ફેરફાર કરવાનું કારણ નથી અને તેવો ફેરફાર કરવાનો અધિકાર કો-ઇને પણ નથી, એ આ વચનમાં દર્શાવેલું છે. ત્યારપછી, નિષ્કામબુદ્ધિથી ઇશ્વરારાધનાર્થે વર્ણાશ્રમવિહિત કર્મકરનારો બદ્ધ થતો નથી એમ કહીને દ્રવ્યયજ્ઞ, તપોયજ્ઞ, યોગયજ્ઞ, સ્વાધ્યાયયજ્ઞ અને જ્ઞાનયજ્ઞ એવા અનેક પ્રકા-રના યજ્ઞ કહેલાં છે; અને યજ્ઞરહિત પુરૂષને ઇહલોક પણ સાધ્ય થતો ન-થી તો પછી પરલોકની પ્રાપ્તિ તો દૂરજ રહી એમ **नायं लोकोस्त्ययज्ञस्य** ૩૧ ૪/૭ આ વચનમાં કહેલું છે. સાંપ્રતના ત્રૈવર્ણિક આ ભગવદુક્તિ ઉ-પર લક્ષ્ય આપતાંજ નથી. પોતે માનેલી દ્રવ્યપ્રાપ્તિની યોગ્યતા કરતાં ઓછું દ્રવ્ય મેળવવું અથવા અલ્પદ્રવ્ય ઉપર સંતુષ્ટ રહેવું એ યજ્ઞ કેટલાએક પં-ડિતમન્યોને સાંપ્રત પ્રિય થયેલો છે અને તેને તેઓ સ્વાર્થત્યાગ અર્થાત્ આત્મયજ્ઞ માને છે. પરંતુ એનો ઉલ્લેખ ભગવાને ક્યાંય પણ કરેલો નથી. પોતાને પ્રિય એવી સંસ્થાને મદત કરવી એ દ્રવ્યયજ્ઞ છે એમ કેટલાએક માને છે. પરંતુ **द्रव्ययज्ञाः** શબ્દનો અર્થ **तीर्थेषु द्रव्यविनियोगं यज्ञबुद्ध्या कुर्वन्ति ये ते द्रव्ययज्ञाः**—તીર્થને વિષે એટલે સત્પાત્રને વિષે યજ્ઞબુદ્ધિથી જે દ્રવ્યનો વિનિયોગ કરે છે તે દ્રવ્યયજ્ઞ છે—એમ ભગવાન્ ભાષ્યકારે દર્શા-વેલો છે. સ્વાધ્યાયયજ્ઞ એટલે યથાવિધિ ઋગાદિ વેદોનું અધ્યયન કરવું. સાંપ્રતના પંડિતમન્યો પાપનિરસનાર્થે આવશ્યક એવા આ યજ્ઞો પૈકી એકે યજ્ઞ કરતા નથી. તેથી તેમને ઇહલોક સાધ્ય થતો નથી એટલે ઐહિક સુખાર્થે કરેલા પ્રયત્નોનું ફળ પણ મળતું નથી એ યોગ્ય જ છે. એમ હો-

વાથી પોતાના પ્રયત્નનુ ઇષ્ટ ફલ પ્રાપ્ત ન થવાનું કારણ ભગવાને કહેલી યજ્ઞહીનતા જ છે. તેથી આપણે સહયજ્ઞ ઉત્પન્ન થયેલા છિયે એ ત્રૈવર્ણિકોએ ધ્યાનમાં રાખીને હસ્તપાદાદિ અવયવોનું સાંનિધ્ય જ્યાંસુધી છે ત્યાંસુધી યજ્ઞનુ પણ સાંનિધ્ય અવશ્ય રાખવું જ જોઈએ. દ્રવ્યમયયજ્ઞ કરતા જ્ઞાનયજ્ઞ શ્રેષ્ઠ છે એમ **श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप** ૩૩ [૪] એ વચનમાં કહેલું છે. પરંતુ એ વચનનો અર્થ દ્રવ્યલોભી કૃપણ લોકો વિપરીત કરે છે. અને સમ્યક્જ્ઞાન પોતાને નહી થયેલું છતાં પણ પોતાને બ્રહ્મવિદ્વરિષ્ઠ માનીને આશ્રમવિહિત કર્મોથી અલિપ્ત રહે છે. આ સર્વ જડ છે; આત્મા અમર છે; જડની પાછળ પડવામાં કાંઈ અર્થ નથી; આ સર્વ માયાનો વિલાસ છે ઇત્યાદિ પ્રકારની લવરી અધિકાર નહી છતાં કરીને પિંડપોષણૈકતત્પર રહેનારા લોકો સાંપ્રત ઘણા છે પરંતુ જ્ઞાન કોને થયેલું છે એ જાણવાનો માર્ગ **यज्ज्ञात्वा न पुनर्मोहमेवं** ૩૬ [૪] એ વચનમાં ભગવાને કહેલો છે. જ્ઞાન પ્રાપ્ત થતાં પુનરપિ મોહ થતો નથી. બ્રહ્મથી તે સ્તંભપર્યંતના સર્વભૂતો પોતાના વિષે અને પરમેશ્વરના વિષે હોવાનો પ્રત્યય આવે છે. એ જ્ઞાન જેમની પાસે નથી તે જ્ઞાનરૂપ યજ્ઞથી સંપન્ન નથી એ ખુલ્લું જ છે. એમ હોવાથી એવું સમ્યક્જ્ઞાન પ્રાપ્ત થતાં સુધી વર્ણાશ્રમ વિહિત કર્મનો ત્યાગ કરી શકાય જ નહી. આ પ્રમાણે ચોથા અધ્યાયનો વિચાર કરતા ભુક્તિમુક્તિનું પ્રત્યક્ષ અને પરંપરાના સાધનત્વે અર્જુનને ભગવાન્ શ્રીકૃષ્ણે કર્મયોગોપદેશ કર્યાનું સિદ્ધ થાય છે.

संन्यासयोग નામક પાંચમા અધ્યાયના **तयोस्तु कर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते** ૨ [૫] એ વચનમાં કર્મસંન્યાસ કરતા કર્મયોગ શ્રેષ્ઠ છે એમ ભગવાને કહ્યું છે. કર્મયોગના લીધે જ્ઞાનનિષ્ઠાધિકાર સત્વર પ્રાપ્ત થાય છે એમ **योगयुक्तो मुनिर्ब्रह्म न चिरेणाधिगच्छति** ૬ [૫] એ વચનમાં કહેલું છે. ઈશ્વરાર્પણ બુદ્ધિથી કર્મો કરનાર બદ્ધ થતો નથી એમ **ब्रह्मण्याध्याय कर्माणि** ૧૦ [૫] આ વચનમાં કહેલું છે. કર્માધિકારીપુરૂષોએ અંતઃકરણશુદ્ધિ સારૂ વિહિત કર્મ કરવું જ જોઈએ એમ **कायेन मनसा बुद्ध्या** ૧૧ [૫] એ વચનમાં કહેલું છે. પાપક્ષાલન થયેલાં રૂપીને મોક્ષપ્રાપ્તિ થાય છે એમ **लभंते ब्रह्मनिर्वाणमृषयः** ૨૬ [૫] એ વચનમાં દર્શાવેલું છે અને પાપક્ષાલનને યજ્ઞાનુષ્ઠાન અવશ્ય છે એમ ચોથા

અધ્યાયમાં કહેલું જ છે. ત્યાર પછી મોક્ષાધિકારી કોણ એ દર્શાવેલું છે. અંતે **भोक्तारं यज्ञतपसां** ૨૯ ૫ એ વચનમાં તપ અને યજ્ઞ એમનો ભોક્તા જે પરમેશ્વર તેનું જ્ઞાન થયેલાને મોક્ષ પ્રાપ્ત થાય છે એમ કહેલું છે. યજ્ઞ અને તપ એમનો ભોક્તા જે પરમેશ્વર-**भोक्तारं यज्ञतपसां**- એવા સ્પષ્ટ શબ્દ હોવાથી મુમુક્ષુએ યજ્ઞ અને તપ એમનો ત્યાગ કરતા **भोक्तारं यज्ञतपसां** એ ચરણ વ્યર્થ થઈ પડશે. **भोक्तारं यज्ञतपसां** ૨૯ ૫ **नायं लोकोऽस्त्ययज्ञस्य** ૩૧ ૪ **सहयज्ञाः प्रजाः सृष्ट्वा** ૧૦ ૩ **यज्ञशिष्टाशिनः सन्तः** ૧૩ ૩ **यज्ञशिष्टामृतभुजः** ૩૧ ૪ ઈત્યાદિ વચનો ઉપરથી કર્મ એટલે વર્ણાશ્રમવિહિતકર્મ એજ ભગવાનને અભિમત હોવાનું સિદ્ધ છે.

अभ्यासयोग નામક ૬ઠ્ઠા અધ્યાયમાં કર્તવ્યકર્મ એટલે વર્ણાશ્રમવિહિત નિત્યકર્મ ફલાકાંક્ષા ન કરીને કરનારો પુરૂષ સંન્યાસી અને યોગી છે એમ **अनाश्रितः कर्मफलं कार्यं कर्म करोति यः** ૧ ૬ આ વચનમાં કહેલું છે. એમાં **कार्यं कर्म** એવા પદ છે. તે પૈકી **कर्म** શબ્દનો અર્થ દેશહિતકારક જણાતી ખટપટ એમ કરતા **कार्यं** એ કર્મવિશેષણ હોવાથી અને તેનો અર્થ કર્તવ્ય એમ હોવાથી તે ખટપટ પ્રત્યેક વ્યક્તિના મતે ભિન્ન ભિન્ન થઈ પડશે. કારણ કે, એકવ્યક્તિને એકમાર્ગ દેશહિતકારક લાગે છે તો બીજીવ્યક્તિને બીજો જ માર્ગ સારો જણાય છે. વળી સ્વકર્મભ્રંશ એ દોષ પણ કોઈના ઉપર આવશે નહી. કારણ કે **न हि कश्चित्क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत्** ૫ ૩ એ સિદ્ધાંતના અનુસારે પ્રત્યેક મનુષ્ય જાગ્રદવસ્થામાં કાયિક, વાચિક અથવા માનસિક એવું કર્મ કરે છે. તેથી **स्वकर्म, स्वधर्म, परधर्म** ઈત્યાદિ જે શબ્દ ગીતામાં અનેકવાર આવેલાં છે તે વ્યર્થ થઈ પડશે. અને હિત થશે એવી મિથ્યાબુદ્ધિથી અત્યાચાર કરનારા આતતાયિલોકો પણ સ્વકર્મનિષ્ટ ગણાશે અને તેના લીધે મહાન્ હાની ભોગવવી પડશે. એમ હોવાથી **कर्म** શબ્દનો અર્થ પોતાના મનને જણાતું હિતકારકકર્મ એમ થવો અત્યંત અશક્ય છે. કર્મ એ કાંઈ નવું કરવાનુ ન હોઈને પૂર્વના લોકોએ જે તેમના પણ સમયે પરંપરાગત ચાલતું આવેલું કર્મ કર્યું હતું તે જ કરવાનું છે એમ અનેક સ્થળે સ્પષ્ટતાપૂર્વક કહેલું છે. **आरुरुक्षोर्मुनेर्योगं** ૩ ૬ એ વચનમાં કર્મયોગ એ

ધ્યાનયોગનું સાધન છે એમ કહેલું છે. ત્યાર પછી આત્મોદ્ધરણર્થે ઉપદેશ કરેલો છે ને તે કર્મયોગોપદેશના સંનિધ હોવાથી કર્મયોગવિના આત્મોદ્ધાર થવો શક્ય નથી એ ભગવાન શ્રીકૃષ્ણનુ મત છે એ વાત આ અધ્યાયથી પણ સિદ્ધ છે.

ज्ञानविज्ञानयोग નામક સાતમા અધ્યાયમાં પરા અને અપરા એમ બે પ્રકારની પ્રકૃતિ કહેલી છે. **अपरा** એટલે નિકૃષ્ટ અને **परा** એટલે ઉત્કૃષ્ટ. **रसोऽहमस्मि** ८ ७/२१६ **पुण्योगंध** ९ ७/२१७ **बीजं मां** १० ७/२१७ અને **बलं बलवता** ११ ७/२१८ આ વચનમાં કહેલી વિભુતિઓ લક્ષ્યમાં લેતાં જલ, ચંદ્ર, સૂર્ય, પ્રણવ, આકાશ, પૃથ્વી અને અગ્નિ એમની ઉપાસના . લોકો શા માટે કરે છે તે ધ્યાનમાં આવશે. ઇશ્વર સર્વત્ર વ્યાપીને રહેલો છે; તથાપી, તેમની પૂજ્યવિભૂતિ જ આ સ્થળે કહેલી છે. પૃથ્વી માંહેલો સુગંધ એ ઇશ્વરની પૂજ્યવિભૂતિ છે. બુદ્ધિમાનોની બુદ્ધિ એટલે વિવેકીલોકોનો વિવેક એ પરમેશ્વરની વિભૂનિ છે. બલાઢ્ય પુરૂષનું કામરાગરહિત બલ અને ભૂતો વિષેના ધર્મને વિરૂદ્ધ ન થનારો કામ એ પરમેશ્વરની વિભૂતિ છે. **मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव** ७ ७/२१६ એમ કહ્યા પછી આ વિભૂતિ કહેલી છે. અર્થાત્, જગતની સારી સ્થિતિ થવાને આવશ્યક એવી જ કેટલીએક વિભૂતિ અહિં કહેલી છે. જલસારભૂત રસ, ચંદ્ર સૂર્યની પ્રભા, પ્રણવ, પુણ્યગંધ, અગ્નિનું તેજ, કામરાગરહિત બલ અને ધર્માવિરૂદ્ધ કામ આ વિભૂતિ જગતની સુસ્થિતિને આવશ્યક છે એમ પરમેશ્વરે દર્શાવેલું છે. તેથી પોતાના અને જગતના કલ્યાણ માટે પરમાત્માની એ વિભૂતિનો આશ્રય કરવો આવશ્યક છે. **न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः** १६ ७/२२० દુષ્કૃતિ એટલે પાપીલોકોને મારી પ્રાપ્તિ થતી નથી એમ આ વચનમાં કહેલું છે. **आसुरं भावमाश्रिताः** –આસુરી સ્વભાવનો આશ્રય કરેલા–એવું વિશેષણ પાપીલોકોને આપેલું છે. પરમેશ્વરે અર્જુનને કરેલો કર્મયોગોપદેશ તે સમયે પણ નૂતન ન હોઇને કલ્પપરંપરાથી ચાલતો આવેલો પુરાતન જ હતો. તેથી, કાલગતીના લીધે તેમાં ફેરફાર કરવાનું લેશમાત્ર પણ કારણ નથી એ પૂર્વે સ્પષ્ટ કરીને દર્શાવેલુંજ છે. તથાપી, દેશને આગળ જતાં અમુક અમુક સ્થિતિ પ્રાપ્ત થશે એ ભવિષ્ય ગીતાશાસ્ત્રકર્તાને તે સમયે જાણવામાં હોવાનો સંભવ

નહી હોવાથી દેશકાલસ્થિત્યનુરૂપ કર્મયોગમાં ફેરફાર થવો આવશ્યક છે એમ કેટલાએક પંડિતમન્યો કહે છે. પરંતુ એ તેમનું કહેવું **वेदाहं समतीतानि** ૨૬ ૭/૨૪ એ ભગવદ્વચન લક્ષ્યમાં લેતાં વ્યર્થ છે. **बहूनि मे** ૬ ૪/૧૨ એ વચનં પણ એવુંજ મહત્વનું છે. પૂર્વે થઇ ગયેલા, સાંપ્રત વિદ્યમાન એવાં અને ભાવીમાં થનારા પ્રાણી હું જાણું છું એમ આ વચનમાં જેત ભગવાન સ્પષ્ટ કહે છે તો પછી આ વિક્રમાદિત્યની ઓગણીસમી સદી માંહેલા પ્રાણિઓની સ્થિતિનું જ્ઞાન પરમેશ્વરને ન્હોતું એમ કહેવું એ શુદ્ધ મૂર્ખતાજ છે. **येषां त्वन्तगतं पापं** ૨૮ ૭/૨૬ એ વચનમાં જે પુણ્યકર્મી પુરૂષોનું પાપ ખુટી ગયેલું હોય છે તે પુરૂષ દ્વંદ્વમોહનિર્મુક્ત અને નિશ્ચિત વિજ્ઞાનસંપન્ન થઇને પરમાત્માને ભજે છે એમ કહેલું છે. આ વચન માંહેલા **पुण्यकर्म** એ પદનો અર્થ અંતઃકરણશુદ્ધિને કારણ એવું પુણ્યકર્મ એમ છે અને અંતઃકરણશુદ્ધિકારક પુણ્યકર્મ એટલે વર્ણાશ્રમવિહિતકર્મએ સિદ્ધાંત છે. **जरामरणमोक्षाय** ૨૯ ७/२६ અને **साधिभूताधिदैवं मां** ૩૦ ७/२६ આ બે છેલ્લા વચનમાં ભગવાનેં કેટલાએક પ્રશ્નબીજ અર્જુનને કહેલાં છે અને તેનેજ અનુસરીને તેણે આગળના અધ્યાયના આરંભે પ્રશ્ન કરેલો છે.

ब्रह्माक्षरनिर्देशयोग નામક આઠમા અધ્યાયના આરંભે, સાતમા અધ્યાયના ૨૯ અને ૩૦ એ વચન માંહેલા પ્રશ્નબીજને અનુસરીને અર્જુને પ્રશ્ન કરેલો છે અને તે પ્રશ્નના ઉત્તરમાંજ આઠમો અધ્યાય સમાપ્ત થયેલો છે. **अंतकाले च मामेव** ૬ ૮/૨૦ આ વચનમાં અંતકાલે ઇશ્વરસ્મરણકરતા દેહત્યાગ કરીને જનારો ઇશ્વર પ્રત્યે નિઃસંશય પ્રાપ્ત થાય છે એમ કહેલું છે અને એ નિયમ ઇશ્વરવિષયક જ ન હોઇને સાર્વત્રિક છે એમ **यं यं वा ऽपि स्मरन्भावं** ૬ ८/२० એ વચનથી દર્શાવેલું છે. અંતકાલે મનમાં ઉદ્ભવનારી ભાવનાને અનુરૂપ દેહપ્રાપ્તિ થાય છે એવો સિદ્ધાંત હોવાથી અને ઇશ્વરરૂપપ્રાપ્તિ થયા વિના આત્યંતિકદુઃખનિર્મુક્તિ થવી એ શકય નહી હોવાથી અંતકાલે ઇશ્વરસ્મરણ થવા માટે જ ગીતાશાસ્ત્રમાં કર્મતાનયોગોનો ઉપદેશ કરેલો છે. અંતકાલે દેહત્યાગ કરવાના સમયે ઇશ્વરસ્મરણ કરવું એટલું જ સાધન મોક્ષપ્રાપ્તિને ઘણું છે. પરંતુ અંતકાલે ઇશ્વરસ્મરણ થવું એ માત્ર પૂર્વસુકૃતસંચયવિના શકય નથી. અનનુભૂતવસ્તૂનુ સ્મરણ થતુંજ નથી. એમ હોવાથી મોક્ષપ્રાપ્તિ જો-

ઇતી હોય તો **અંતકાલે** ઇશ્વરસ્મરણ આવશ્યક હોઇને તે **અંતકાલે** થવા સારૂ પૂર્વથી તેનો અખંડઅભ્યાસ અવશ્ય હોવો જોઇએ. જે વાતનો અભ્યાસ વિશેષ હોય છે તે વાતનું સ્મરણ થવાનો સંભવ પણ વિશેષ હોય છે. એમ હોવાથી ઇશ્વરને વિષે ચિત રાખીને કર્તવ્યકર્મ કરવાનો ઉપદેશ ભગવાને વારંવાર કરેલો છે. વિશેષ અનુભવેલી વાતનું સ્મરણ થવાનો સંભવ વિશેષ હોય છે એ વિધાન પ્રકૃતિસ્વાસ્થ્ય હશે તોજ યથાર્થ કરનારૂં છે. પરંતુ પ્રાણપ્રયાણ સમયે કફવાતપિત્તથી કંઠાવરોધ થઇને પ્રાણિ સર્વથા પરાધીન થતાં ઇશ્વરસ્મરણ થવું એ વાત અત્યંત દુર્ઘટ છે; અને ઇશ્વરચિંતન વિના સર્વઆયુષ્યમાં જેનો એક નિમેષમાત્ર પણ કાલ અન્ય વસ્તુના ચિંતનમાં નહી ગયો હોય તેનેજ અંતકાલે ઇશ્વરસ્મરણ થવું શકય છે. અંતકાલે ઇશ્વરસ્મરણ કરનારને ઇશ્વરપ્રાપ્તિ થાય છે એ **एतां त्वन्तगतं पापं** २८ ७/२ એમ કહ્યા પછી તેના સંનિધમાંજ કહેલું હોવાથી ઇશ્વરપ્રાપ્તિ માટે અંતકાલે ઇશ્વરચિંતન જેમ આવશ્યક છે તેમજ ઇશ્વરચિંતનને ઇશ્વરભજન અને ઇશ્વરભજનને સત્વશુદ્ધિકારકવિહિતકર્માનુષ્ઠાન આવશ્યક હોવાનું ભગવાને દર્શાવેલું છે. **तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युध्यच। मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयः** ७/८ આ વચનને જોઇને કેટલાએક મંદબુદ્ધિ પંડિતમન્યો **युध्यच** એ વિધિ છે એમ માને છે પરંતુ એ તેમની અત્યંત મૂર્ખતાજ છે. ગીતાશાસ્ત્રમાં **युध्यस्व** એ પદ ત્રણ સ્થળે આવેલું હોઇને તેવાજ અર્થનું **युध्य** એ પદ એકજ વાર આવેલું છે. પરંતુ, અર્જુનના નિમિત્તથી ભગવાન્ શ્રીકૃષ્ણે જે આ ગીતાશાસ્ત્રોપદેશ ત્રૈવર્ણિકોને કરેલો છે તે માહેલાં **युध्यस्व** અને **युध्य** એ પદના યોગથી તેમણે વિધિ કહેલો નથી. અર્થાત્ યુદ્ધકરવાની કે શસ્ત્રધારણની આજ્ઞા ત્રૈવર્ણિકને આપેલી નથી. એ વાત ભગવાન્ ભાષ્યકારે તે સ્થળે સ્પષ્ટ કરીને દર્શાવેલી છે. **अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः। अनाशिनोऽप्रमेयस्य तस्माद्युध्यस्व भारत** १८ २/५ એ વચનમાં **युध्यस्व** એ શબ્દ પ્રથમ આવેલો છે. તેનું સ્પષ્ટિકરણ 'આ શ્લોક માંહેલું **युध्यस्व** આ પદથી યુદ્ધકર્મનું વિધાન કરેલું નથી. કારણકે, યુદ્ધ કરવા માટે અર્જુન પૂર્વથીજ તૈયાર થયેલો હતો તે શોક અને મોહ એમણે ઘેરાયેલ હોવાથી તે ચુપકી સાધિને બેઠો હતો. તેથી તેણે હાથમાં લિધેલું જે કર્તવ્ય તેને

આવેલો પ્રતિબંધ માત્ર ભગવાન્ દૂર કરે છે. તસ્માત્, **युध्यस्व**-યુદ્ધ કર-એ કેવળ પૂર્વથી પ્રવૃત્ત થયેલી વાતનો અનુવાદ માત્ર છે: વિધિ નથી; **આ** પ્રમાણે છે. **मयि सर्वाणि कर्माणि संन्यस्याध्यात्मचेतसा । निराशी निर्ममोभूत्वा युध्यस्व विगतज्वरः** ૩૦$_{\text{૬}}^{\text{૩}}$$_{\text{૬}}$ આ વચનમાં **युध्यस्व** એવું પદ છે. પરંતુ આ વચનનું અવતરણ 'અત્ર હોવાથી કર્માધિકારી પરંતુ મુમુક્ષુ એવા પુરૂષે કેવી રીતે કર્મ કરવું ? તો સાંભળ' એમ છે. સારાંશ એજ કે, મુમુક્ષુએ વર્ણાશ્રમવિહિત કર્મ કરવાનો પ્રકાર એ વચનમાં કહેલો છે. અર્જુન ક્ષત્રિય હતો અને તે સ્વવર્ણવિહિત કર્મથી પરાઙ્મુખ થયેલો હતો. તેથી સ્વધર્મત્યાગ કરિશમા એટલુંજ ભગવાને તેને દર્શાવેલું છે. ભગવદ્ભક્ત જો કોઈ અર્જુનથી ભિન્ન હોત તો તેના ધર્મને અનુસરીને ભગવાને તેને ઉપદેશ કર્યો હોત.

ધારો કે, માંસવિક્રય કરનારો કોઈ કસાઈ જો સ્વકર્મથી પરાવૃત્ત થઈને ઉપદેશ માટે ભગવાન્ શ્રીકૃષ્ણની પાસે આવ્યો હોત તો તું સ્વકર્મથી પરાઙ્મુખ થઈશમાં; તું પોતે માંસ વેચતો રહેજે; એમ તે જ્ઞાનહીન પરંતુ મુમુક્ષુ કસાઈને ભગવાને કહ્યું હોત. અંતકાલે ઈશ્વરસ્મરણ કરતા કરતા દેહત્યાગ કરનારો નિઃસંશય ઈશ્વરસ્વરૂપ પ્રત્યે મળે છે કારણ કે અંતકાલે જે ભાવના મનમાં હોય છે તેજ પ્રાપ્ત થાય છે એવો નિયમ છે એ સિદ્ધાંત કહ્યા પછી **तस्मात् सर्वेषु कालेषु** ૮$_{\text{૨}}$$^{\text{૩}}_{\text{૦}}$ એ વચન છે. અર્થાત્ સર્વકાલ એટલે કોઈપણ વખતે તું ઈશ્વરચિંતન વિના રહિશમા. તું સર્વકાલ ઈશ્વરચિંતન કરતો રહિશ એટલે અંતકાલમાં પણ તને ઈશ્વરનું જ સ્મરણ થશે અને તું ઈશ્વરસ્વરૂપને જ મળીશ. એમ આ વચનમાં મુખ્યતઃ ભગવાને અર્જુનને કહેલું છે. સારાંશ એ જ કે, ઈશ્વરપ્રાપ્તિનો ઉપાય એ વચનમાં કહેલો છે. યુદ્ધનું વિધાન કરવા સારૂ એ વચન નથી. કારણ કે, યુદ્ધ કરવું એ ઈશ્વરપ્રાપ્તિનું સાધન છે એમ ક્યાંય પણ કહેલું નથી. યુદ્ધ એજ ઈશ્વરપ્રાપ્તિનું સાધન છે એમ ભગવાનને માન્ય છે એમ જો માનિયે તો વઢવાડ, મારામારી એ મુમુક્ષુના આદ્યકર્તવ્ય થઈ પડશે. પરંતુ શુક, વામદેવ, જડભરત ઇત્યાદિ જે નિવૃત્તિમાર્ગનિષ્ઠ મહાત્માઓ થઈ ગયા અને સાંપ્રત વિદ્યમાન છે તેઓ વઢવાડ, મારામારી કલહ કરવામાં તત્પર હતા કે છે અથવા તે પૈકી કોઈએ પણ કલહ એ જ મુક્તિમાર્ગ છે એમ માનીને તે કર્યો હતો કિંવા કરે છે એમ ક્યાંય્

પણ જોવામાં આવતું નથી અને આવ્યું પણ નથી. તેમજ કુતરાં, બિલા- ડાં, ભૂંડ ઈત્યાદિ કલહપ્રિય પ્રાણિઓ મોક્ષમાર્ગારૂઢ થયેલા છે એમ કોઈ પણ માનતો નથી .અને કોઈએ પણ તેમ કહેલું નથી. વળી, **सर्वकालेषु** એ પદ તે વચનમાં સ્પષ્ટ છે અને તેનો અન્વય **अनुस्मर** એ પદના સાથે થવો શકય છે. **युध्य** એ પદની સાથે થવો શકય નથી. કારણ કે, અનુ- સ્મરણ એ માનસિક કર્મ છે ને મનને કોઈ વખતે પણ થાક આવતો નથી. યુદ્ધ એ શારીરિકકર્મ છે. સારાંશ એજ કે, વિહિતકર્મથી પરાવૃત્ત થ- ઈશ મા એજ **युध्य** એ પદનું તાત્પર્ય છે. અંતકાલે ઈશ્વરસ્મરણ કર- નારો મુક્ત થાય છે એમ કહ્યા પછી અને તેનો ખુલાસો આગળના વચ- નમાં કર્યા પછી **तस्मात्सर्वेषु कालेषु** એ વચન તરત જ કહીને ભગવાન્ શ્રીકૃષ્ણે વર્ણાશ્રમવિહિતકર્મથી પરાઙ્મુખ ન થતાં સર્વકાલ ઈશ્વરચિંતન કરતા રેહેવું એજ અંતકાલે ઈશ્વરસ્મરણ થવાનું સાધન છે એમ કહ્યાનું સિદ્ધ થાય છે.

अग्निर्ज्योतिरहः शुक्लः ૨૪$\frac{8}{24}$ અને **धूमो रात्रिस्तथा कृष्णः** ૨૬$\frac{8}{24}$ આ વચનથી શુક્લકૃષ્ણમાર્ગ કહેલા છે અને તે માર્ગ વારંવાર બદલનારા ન હોઈને નિરંતર એકસરખાં જ હોવાનું **शुक्ल कृष्णे गती ह्येते जगतः शाश्वते मते** ૨૬$\frac{8}{24}$ આ વચન માંહેલા **शाश्वते मते** એ પદોથી સ્પષ્ટ દર્શાવેલું છે. ' ચાહે તેણે ચાહે તે કર્મ કરવું. બ્રાહ્મણેતરે અમુક જ કર્મ કરવું, બ્રાહ્મણોએ અમુક જ કર્મ કરવું એવો પંક્તિપ્રપંચ સમદર્શી પરમેશ્વરના વિષે ઘટે નહી ' એમ બકનારા પંડિતમન્યોએ આ વ- ચન માંહેલા **जगतः** એ પદના ભગવાન્ ભાષ્યકારકૃત સ્પષ્ટિકરણ ઉપર અવશ્ય લક્ષ્ય આપવું જોઈએ. **जगत इत्यधिकृतानां ज्ञानकर्मणोर्न जगतः सर्वस्यैवैते गती संभवतः—जगतः** એ પદનો અર્થ સર્વ જગ- તને એમ ન હોઈને જ્ઞાન અને કર્મ એમનો જેને અધિકાર છે તે પુરૂષોને એમ છે. સર્વ જગતને આ માર્ગ સંભવતા નથી-એમ તે સ્પષ્ટિકરણ છે. અર્થાત્ જ્ઞાનાધિકારી અને કર્માધિકારીપુરૂષ જ જગત્પદથી વિવક્ષિત છે. કારણ કે, જગમાહેલાં સર્વપ્રાણી માત્રને આ ગતી સંભવનીય નથી એ તે સ્પષ્ટીકરણનો આશય છે. **वेदेषु यज्ञेषु** ૨૮$\frac{8}{28}$ એ વચનનું વિવેચન પૂર્વે થઈ ગયેલું જ છે.

राजविद्याराजगुह्ययोग નામક નવમા અધ્યાયના **इदं तु ते** ૧ इ॰ એ વચનમાં **अनसूयवे** એ વિશેષણ અર્જુનને ભગવાને આપેલું છે અને ભક્ત તથા સખા હોવાનુ ચોથા અધ્યાયમાં ભગવાને કહેલું છે. **अनसूयवे** એ વિશેષણ યોજીને ભગવાને વક્તાને વિષે પૂજ્યબુદ્ધિરહિતને વક્તાએ ગુહ્યવાત કેહેવી નહી એમ દર્શાવેલું છે. આ અધ્યાયમાં જે કાંઈ કહેલું છે તે **राजविद्या राजगुह्यं** ૨ इ॰ છે, તે પવિત્ર છે, ઉત્કૃષ્ટ છે, અત્યંત ગુપ્ત છે, વિદ્યાઓમાં શ્રેષ્ઠ છે, પ્રત્યક્ષ અનુભવમાં આવનારૂં છે, ધર્મ્ય છે, અનાયાસે થવા જેવું છે અને કોઈવિખતેપણ નિષ્ફળ થનારૂં નથી એમ જે આ વચનમાં કહેલું છે તે લક્ષ્યમાં લઈને આ અધ્યાય માંહેલા વિષયનો વિચાર કરવો. ત્યારપછી ભૂતો મારા વિષે શીરીતે છે; હું ભૂતસમુદાય કેમ ઉત્પન્ન કરૂં છું ઈત્યાદિ કહેલું છે. અને **मोघाशा मोघकर्माणो** ૧૨ इ॰ એ વચનમાં રાક્ષસી અને આસુરી પ્રકૃતિનો આશ્રય કરેલા પુરૂષોની આંશા વ્યર્થ થાય છે; તેમના કર્મો નિષ્ફળ થાય છે, તેમનું જ્ઞાન પણ નિષ્ફળજ થાય છે અને તે વિવેકશૂન્ય થાય છે એમ કહેલું હોઈને દૈવીપ્રકૃતિનો આશ્રય કરેલા મહાત્માઓ મને ભજે છે એમ **महात्मनस्तु मां पार्थ** ૧૩ इ॰ એમ કહેલું છે. ત્યારપછી અનેક પ્રકારે દૈવીપ્રકૃતિનુ અવલંબન કરેલા લોકો મારી ઉપાસના કરે છે એમ કહીને **अहं क्रतुरहं यज्ञ** ૧૬ इ॰ એ વચનમાં ક્રતુ, યજ્ઞ, અન્ન, ઔષધ, મંત્ર, આજ્ય, અગ્નિ, હુત, પ્રણવ, ઋક્, સામ અને યજુ એ પરમેશ્વરના જ રૂપ છે એમ કહેલું છે. અર્થાત્ શ્રૌતસ્માર્તકર્મો, અગ્ન્યુપાસના, વેદાધ્યયન ઈત્યાદિ ભગવત્પ્રાપ્તિના સાધન છે એ સિદ્ધ થાય છે. **गतिर्भर्ता प्रभुः साक्षी** ૧૮ इ॰ એ વચનમાં કર્મફળપોષણકરનારો, સાક્ષી, દુઃખીનુ દુઃખ દૂર કરનારો પરમેશ્વર જ છે એમ કહેલું છે. અર્થાત્ કર્મફલપ્રાપ્તિ, દુઃખનિવૃત્તિ ઇત્યાદિ માટે ઈશ્વરારાધનની અત્યંત આવશ્યકતા હોવાનું સિદ્ધ થાય છે. **तपाम्यहं** ૧૯ इ॰ આ વચનમાં તપનારો, પર્જન્ય વરસાવનારો, પર્જન્ય ખેંચી રાખનારો, અમૃત અને મૃત્યુ ઇશ્વર જ છે એમ કહેલું છે. અર્થાત્ હિતાવહપર્જન્યવૃષ્ટિ, મૃત્યુપરિહાર ઇત્યાદિ બાબદો ઇશ્વરારાધનઉપર અવલંબીને હોવાનું સિદ્ધ થાય છે, **यत्करोषि यदश्नासि** ૨૭ इ॰ આ વચનમાં અર્જુનને ઉદ્દેશીને ભગવાને ' તું જે કરે છે, તું જે ખાય છે, તું જે શ્રૌતસ્માર્તહવન

કરે છે, બ્રાહ્મણાદિકને જે હિરણ્યપ્રભૃતિ દાન તું આપે છે અને તું જે તપ કરે છે તે સર્વ મને અર્પણ કર, એમ કહેલું છે. સારાંશ એ જ કે, અઢારમાં અધ્યાયમાં ભગવાને અવશ્યકર્તવ્યત્વે કહેલુ યજ્ઞદાનતપો રૂપ ત્રિવિધકર્મ અર્જુન કરતો જ હતો એમ આ ઉપરથી જણાય છે. યજનાદિ શાસ્ત્રવિહિતકર્મોનોજ નિર્દેશ આ સ્થળે કરેલો છે. તું જે નિદ્રા-લે છે, જે કાંઇ ક્રોધથી બોલે છે તે મને અર્પણ કર એમ આમાં કહેલું નથી. એમ હોવાથી, ઇશ્વરાર્પણબુદ્ધિથી હવનાદિ વિહિતકર્મો કરવાનોજ ઉપદેશ આ સ્થળે ભગવાને કર્યાનું સિદ્ધ થાય છે. **राजविद्या राजगुह्यं** ૨$_{\frac{૯}{૪}}$ આ વચનમાં કહેલું ધ્યાનમાં લઇને આ વિષયઉપર લક્ષ્ય આપતા વર્ણાશ્રમવિહિતકર્માચરણ એજ જ્ઞાનનિષ્ઠાધિકાર પ્રાપ્ત ન થયેલા પુરૂષોને ઇશ્વરપ્રાપ્તિનો મુખ્યઉપાય છે એ સ્પષ્ટ જણાઇ આવે છે. **अपि चेत्सुदुराचारो** ૩૦$_{\frac{૯}{૫}}$ આ વચનનો આશય કેટલાએકલેકો વિપરીત સમજે છે. વિધિનિષેધની પર્વા ન કરતા રાગદ્વેષાદિકોથી ગ્રસ્ત થયેલો એવો કોઇ મનુષ્ય વાંકુચુકુ ઇશ્વરનામ ઉચ્ચારતો પેટના માટે ભિક્ષા માગતો રખડતો હોય અથવા દેવનાં મંદિરમ‍ા રહિને તેનાથી પોતાનો નિવાહ ચલાવતો હોય તો તે યથાશક્તિ વિહિતકર્મકરનારા બ્રાહ્મણ કરતાં શ્રેષ્ઠ છે એમ તેઓ માને છે. પરંતુ આ વચન માહેલા પદ ભ્રમોત્પાદક નથી. **भजते मामनन्यभाक्** એવાં તે પદ છે. એ માહેલું **अनन्यभाक्** એ પદ અત્યંત મહત્વનું છે. ઇશ્વરભકિતવિના જેનું ચિત્ત બીજાકોઇપણ વિષયમાં એકનિમિષમાત્ર પણ જતું નથી તે પૂર્વે જોકે અતિદુરાચારી હશે તે. પણ સાધુ જ માનવો જોઇયે. કારણકે, ઇશ્વરભજનવિના બીજું કાંઇપણ કરવું નથી એ તેનો નિશ્ચય સારો છે અને તે તેને સાધુત્વ પ્રાપ્ત કરનારો છે. એવો એ વચનનો આશય છે. વળી **मंतव्यः** એ પદ પણ મહત્વનું છે. સાધુત્વપ્રાપ્તિના પગથીયા ઉપર એ ઉભો હોવાથી એને સાધુ જ માનવો એમ એ પદવડે દર્શાવેલું છે. આ વચનમાં ભકિતમાહાત્મ્ય કહેલું છે એ પણ ધ્યાનમાં રાખવાનું છે. અને **क्षिप्रं भवति धर्मात्मा** ૩૧$_{\frac{૯}{૫૮}}$ એ તેના આગળનું વચન છે તેમાં ‘ તે સત્વર ધર્માત્મા થાય છે; એટલે ધર્મવિષેજ તેનું અંતઃકરણ તત્પર થઇ રહે છે અને એવીરીતે ધર્મના તરફ તેના અંતઃકરણનું લય લાગતા તે સર્વદા ઉપરમ પામે છે એટલે દુરાચરણ તે કાયમનું જ મુકી દે છે ’ એમ કહેલું

છે. સારાંશ એજ કે, ઇશ્વરની અનન્યભક્તિના લીધે તેનું ચિત્ત ધર્મને વિષે લાગે છે તેથી તેને સાધુ જ જાણવો એમ આ વચનમાં દર્શાવેલું છે. **कौंतेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति** ૩૧ ૯।૮ એ વચન સારી પેઠે ધ્યાનમાં રાખજો. 'ઇશ્વરભક્ત નાશ પામતો નથી એવી નિશ્ચિતપ્રતિજ્ઞા કર' એમ ભગવાને અર્જુનને આ સ્થળે કહેલું છે. સભામાં જા, અને તું છાતિ ઉપર હાથ મુકિને અમુક અમુક પ્રતિજ્ઞા કર, એમ જે બીજાને વિશ્વાસથી કહે છે તે મનુષ્ય સામાન્ય જોકે હશે તોપણ તેના કહેવા ઉપરથી પ્રતિજ્ઞાકરનારો જુડો ન ગણાય એટલા માટે તે નિરંતર દક્ષ રહે છે. તો પછી, અર્જુનને એટલે ત્રૈવર્ણિકોને એવી પ્રતિજ્ઞા કરવાને જે કહે છે તે પોતાનુ વચન જુઠું કેમ થવા દેશે? કોઇવખતે પણ જુઠું થવા દેશે જ નહી. એવો વિચાર લક્ષ્યમાં લઇને, પોતાની પડતીનો અનુભવ લેનારાએ સ્વધર્મરૂપ યજ્ઞથી આપણે ઇશ્વરને ભજતા નથી તેનોજ એ પરિણામ છે એમ જાણીને ઇશ્વરાજ્ઞાનુસારે સ્વધર્મતત્પર થવું જોઇએ. **मां हि पार्थ व्यपाश्रित्य** ૩૨ ૯।૮ એ ભક્તિમાહાત્મ્યપ્રકરણ માંહેલું વચન છે અને એ વચનમાં **अपि** શબ્દનો પ્રયોગ એ વખત કરેલો છે. પાપયોનીમાં અવતરેલા મુક્ત થાય છે એમ કહેવામાં આ વચનનું તાત્પર્ય ન હોઇને ઇશ્વરની અનન્યભક્તિ એ મુક્તિનું સાધન છે એમ દર્શાવવામાં છે. કારણ કે, પાપયોનીમાં અવતરેલા મુક્ત થાય છે એમ કહેવું એજ જો આ વચનમાં વિવક્ષિત છે એમ માનીએ તો **किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा** ૩૩ ૯।૮ એમ આગળ કહેવાનું પ્રયોજન જ નથી. તાનસેનના છોકરાઓનું રોવું પણ તાલસુરમાં હતું, તો પછી તાનસેનની તે વાત શી? કાલીદાસના ઘરની દાસીઓ પણ કવિતા કરતી એમ સાંભળવામાં આવે છે. પરંતુ, રોવું અને તાલસુરમાં ગાવું એમા ગુણસામ્ય જેમ શક્ય નથી; અને જેમ દાસીનુ કવિત્વ અને કાલિદાસનુ કવિત્વ એમાં ગુણસામ્ય હોવું સંભવનીય નથી. એમજ પાપયોની માંહેલા પ્રાણી અને ભક્તિસંપન્નબ્રાહ્મણ તથા રાજર્ષી એમની મુક્તિમાં સામ્ય હોવાનો કોટીકલ્પે પણ સંભવ નથી. આ વચનમાં **पापयोनयः** એવું પદ યોજીને વૈશ્યશૂદ્રોનો ઉલ્લેખ કરેલો છે. તેથી બ્રાહ્મણાદિવર્ણ ઉત્પત્તિસિદ્ધ હોવાનું જ સિદ્ધ થાય છે. સ્ત્રિયો, વૈશ્ય અને શૂદ્ર એ પાપયોનીનો નિર્દેશ કર્યા પછી પુણ્યયોનીનો

નિર્દેશ **किं पुनर्ब्राह्मणाः पुण्याः** ૩૩ અ. ૯ એ વચનમાં કરેલો છે અને ઈશ્વરની સેવા મુક્તિ માટે અવશ્ય કરવી જોઈએ એમ કહેલું છે. ત્યારપછી તે સેવા શી રીતે કરવી એ **मन्मना भव** ૩૪ અ. ૯ એ વચનમાં કહેલું છે. આ વચન માંહેલા **मद्याजी** એ પદનુ વ્યાખ્યાન મદ્યજનશીલ એમ છે. તેથી આ અધ્યાયોપસંહરકવચનમાં મુક્તિના સાધનત્વે સ્વધર્મરૂપ યજ્ઞથી ઈશ્વરારાધન કરવું એજ મુખ્ય છે એમ કહ્યાનું સિદ્ધ થાય છે.

विभूतियोग નામક દશમા અધ્યાયના આરંભે **भूय एव महाबाहो** ૧ અ. ૧૦ એ વચન છે. અર્જુનની પ્રાર્થના નહી છતાં ભગવાને પોતાની મેળે તેનું હિત થાય એ ઇચ્છાથી ઉત્કૃષ્ટઉપદેશ કરવાને આ સ્થળે આરંભ કરેલો છે; અને એમ કરવાનું કારણ **प्रीयमाणाय** એ વિશેષણથી દર્શાવેલું છે. ઈશ્વરનુ ભાષણ અર્જુનને અમૃતપાનવત્ આનંદદાયક થતુ હતું તેથી ભગવાને પોતાની મેળે તેને હિતોપદેશ કર્યો. કારણ કે, તે શુશ્રૂષુ અને અનસૂય હતો એ **प्रीयमाणाय** એ વિશેષણથી સ્પષ્ટ જણાઈ આવે છે. કઈ કઈ વસ્તૂને વિષે મેં આપનું ચિંતન કરવું આવશ્યક છે? એવો અર્જુને **केषु केषु च भावेषु चिन्त्योऽसि भगवन्मया** ૧૭ અ. ૧૦ પ્રશ્ન કર્યા પછી ભગવાને પોતાની મુખ્ય દિવ્યઆત્મવિભૂતિઓ અર્જુનને કહી છે. વિષ્ણુ, સૂર્ય, મરીચિ, ચંદ્ર, સામવેદ, ઇંદ્ર, મન, ચૈતન્ય, શંકર, કુબેર, પાવક, મેરૂ, બૃહસ્પતિ, સ્કંદ, સાગર, ભૃગુ, ઓમ્કાર, જપયજ્ઞ, હિમાલય, અશ્વત્થ, નારદ, ચિત્રરથગંધર્વ, કપિલમુનિ, ઉચ્ચૈઃશ્રવા, ઐરાવત, રાજા, વજ્ર, કામધેનુ, મદન, વાસુકી, અનંતનાગ, વરૂણ, અર્યમા, યમ, પ્રલ્હાદ, કાલ, મૃગેંદ્ર, વૈનતેય, વાયુ, રામ, મકર, જાન્હવી, અધ્યાત્મવિદ્યા, મૃત્યુ, કીર્તિ, શ્રી, વાણી, સ્મૃત્તિ, મેધા, ધૃતિ, ક્ષમા, બૃહત્સામ, ગાયત્રીછંદ, માર્ગશીર્ષ, વસંતઋતુ, તેજ, જય, વ્યવસાય, સત્ત્વ, વાસુદેવ, ધનંજય, વ્યાસ, ઉશના, દંડ, નીતિ, મૌન, જ્ઞાન ઇત્યાદિ વિભૂતિ પરમેશ્વરે અર્જુનને હિતબુદ્ધિથી કથન કરેલી છે. અર્થાત્ આ વિભૂતિની સેવા એ એક ચિત્તશુદ્ધિદ્વારા મોક્ષપ્રાપ્તિનુ સાધન છે. **विभूति** એ પદનુ વ્યાખ્યાન ધ્યેયપદાર્થ એમ છે. શ્રૌતસ્માર્ત કર્મોમાં આ વિભૂતિઓનું પૂજન કહેલું હોઇને તે કરવાનો આચાર પણ છે. વિષ્ણુ અને રવિ એમનું પૂજન પંચાયતનપૂજામાં નિત્યનું છે. મરૂદ્ગણ, નક્ષત્રો, સોમ, વેદ, ઇંદ્ર ઇત્યાદિકને ઉદ્દેશીને કેટલાએક શાખિયોને તર્પણ ક-

રવું પડે છે. શંકરનુ પૂજન તો પંચાયતનપૂજામાં નિત્યનું જ છે. કુબેરપૂજન સ્માર્તકર્મમાં છે. અષ્ટવસૂનું પૂજન અને યાગ અનેક કર્મોમાં આવશ્યક છે. મંડલદેવતાઓમાં મેરૂનુ પૂજન છે. શ્રૌતકર્મમાં બૃહસ્પતીનો યાગ છે. સ્કંદપૂજન ઘણા સ્થળે છે. સાગરપૂજન સ્માર્તકર્મમાં છે. ઋષિપૂજન અથવા ઋષિતર્પણ એ તો નિત્યકર્મ માંહેલું જ છે. અશ્વત્થપૂજન પ્રતિદિન સ્ત્રિયો કરે છે. નારદમુનીનું પૂજન સ્માર્તકર્મમાં છે. ગંધર્વોનું પૂજન અને યજન શ્રૌતસ્માર્તકર્મમાં અનેક સ્થળે છે. ધેનૂનું પૂજન કરવાનો આચાર તો યાવત્ ચાંડાલ જ્ઞાતજ છે. કામને ઉદ્દેશીને વૈશ્વદેવકર્મમાં બલિપ્રદાન અપાય છે. શ્રૌતસ્માર્તકર્મોમાં સર્પનુ પૂજન અનેક સ્થલે છે. નાગપૂજનનો તો શ્રાવણ શુદ્ધ પંચમીએ એક દિન પ્રસિદ્ધ જ છે. પિતરોનું પૂજન નિત્ય છે. અસુરોને ઉદ્દેશીને નિત્ય બલિપ્રદાન અપાય છે. કાલપૂજન ગ્રહયજ્ઞમાં છે. મૃગેંદ્રપૂજન દેવીના પૂજન સાથે થાય છે. ગરૂડપૂજા વિષ્ણુમંદિરમાં નિત્ય થાય જ છે. વાયુનુ પૂજન શ્રૌતસ્માર્તકર્મોમાં સ્થળે સ્થળે છે. રામપૂજન નિત્ય અનેક સ્થળે થાય છે. સ્માર્તકર્મમાં મકરપૂજન છે. ગંગાપૂજન અનેક સ્થળે છે. મૃત્યુપૂજન શ્રૌતસ્માર્તકર્મમાં છે. શ્રીપ્રભૃતિ દેવતાઓનું પૂજન અનેક સ્થળે છે ગાયત્ર્યુપાસન તો દ્વિજોને નિત્યજ છે. ઋતુદેવતાઓનું પૂજન શ્રૌતકર્મમાં છે તેમજ તેજોદેવતાઓનું પૂજન તેમાં છે અને ઈતર વિભૂતિઓનુ પૂજન પ્રસંગ વિશેષે છે. પરંતુ સાંપ્રતના પંડીતમન્યો આ વિભૂતિપૂજનથી અલગ રહે છે એટલુંજ નહી તો તેની મષ્કરી પણ કરે છે. આ દશમા અધ્યાયમાં કહેલી ઇશ્વરની પૂજ્યવિભૂતીનું પૂજન ઇશ્વરે વર્ણાશ્રમી લોકોનુ હિત થાય એ માટે કહેલું છે તેનો અધિકારાનુરૂપ સર્વત્ર પ્રસાર કરવો જ જોઇએ કેશવાર્જુનોને કાંઇપણ ઉદ્યોગ નહી હોવાથી તેમણે અસંબદ્ધવાકયોથી આ અધ્યાય ઉભો કરેલો નથી. તો ચિંત્ય અથવા ધ્યેય વિભૂતિનો ઉલ્લેખ, લોકોએ કલ્યાણ માટે સ્વાધિકારાનુરૂપ તે વિભૂતિનું પૂજન કરવું, એ ઉદ્દેશથી જ કહેલો છે એ ધ્યાનમાં રાખજો.

વિશ્વરૂપદર્શનયોગ નામક અગિયારમાં અધ્યાયમાં અર્જુનને ઇશ્વરે પોતાનુ રૂપ દર્શાવ્યું અને તે અવલોકન કરવા સારૂ ભગવાને તેને દિવ્યદષ્ટી આપી, એમ કહેલું છે. એમ હોવાથી રામચંદ્રાદિ દેવોનો સાક્ષાત્કાર તે તે દેવોના ઉપાસકોને દિવ્યદષ્ટીના અભાવના લીધે ન થતો હોય તો તેમણે

ઉતાવળા થઇને ઉપાસના પડતી મુકવાનું કારણ નથી. વેદયજ્ઞાધ્યયન, દાન, અગ્નિહોત્રાદિકર્મો અને ઘોરતપ એમના યોગથી પણ મારૂં એવું દર્શન કોઇને પણ થશે નહી એમ **न वेदयज्ञाध्ययनैर्न दानैः** ૪૮ $\frac{૧૧}{૨૯૬}$ આ વચનમાં કહેલું છે અને પૂર્વે એવું દર્શન કોઇને પણ થયું ન્હોતું એમ **यन्मे त्वदन्येन न दृष्टपूर्वम्** ૪૭ $\frac{૧૧}{૨૯૫}$ આ વચનમાં કહેલું છે. તેથી વિશ્વરૂપદર્શનાર્થે કરવામાં આવનારો પ્રયત્ન નિષ્ફળ જ નિવડશે. તેમજ ‘ મને અમુક સ્થળે અને અમુક પ્રસંગે દેવના સ્વરૂપનો સાક્ષાત્કાર થયો ’ એમ જો દિવ્ય દૃષ્ટીરહિત કોઈ કહેતો હોય તો તેનું તે બોલવું અવિશ્વાસનીય છે એમાં લેશમાત્ર પણ સંશય નથી. વેદાધ્યયન, યજ્ઞાધ્યયન, દાનો, અગ્નિહોત્રાદિ ક્રિયા એમનો ઉલ્લેખ જે અર્થે ભગવાને આ સ્થળે કરેલો છે અને જે અર્થે સાંપ્રતના શિશ્નોદરપરાયણ નિરક્ષરભટ્ટાચાર્ય સાધુડાઓના લૌકિકભજનાદિ કર્મોનો ઉલ્લેખ કરેલો નથી તે અર્થે વેદાધ્યયન, યજન, દાન ઈત્યાદિ કર્મો જ પુરૂષાર્થના સાધન હોઈને ઈતર કર્મો બ્રાહ્મણાદિ ત્રૈવર્ણિકોને પુરૂષાર્થના સાધનો નથી એમ ભગવાનનું મત સ્પષ્ટ દેખાય છે. ઈશ્વરદર્શન અથવા અલ્પસ્વલ્પ ઈશ્વરસાક્ષાત્કાર જો દ્વિજો પૈકી કોઈને થવો શક્ય હોય તો વેદાધ્યયનાદિ વિહિતકર્મોથી અલિપ્ત એવા જે લોકો છે તેમને તે કોઈ પણ વખતે થવો શક્ય ન હોઈને અધ્યયનાદિ વિહિત કર્મોનું આચરણ કરનારાને જ શક્ય છે. **मत्कर्मकृन्मत्परमो** ૬૬ $\frac{૧૧}{૨૯૮}$ આ વચનમાં ઈશ્વરપ્રાપ્તિ કોને થાય છે એ કહેલું છે. આ વચનારંભે **मत्कर्मकृत्** એ પદ છે ને તેનો અર્થ મારા સારૂ જે કર્મ તે **मत्कर्म** ને એવું કર્મ કરનારો જે પુરૂષ તે **मत्कर्मकृत्** એમ છે અને ઇશ્વરપ્રીત્યર્થે નિષ્કામબુદ્ધિથી વર્ણાશ્રમવિહિત કર્મ કરવું એજ અર્જુન જેવાનું મુખ્યપુરૂષાર્થ સાધન છે એમ અનેક સ્થળે આ ગીતાશાસ્ત્રમાં કહેલું છે. વળી આ વચનનું અવતરણ ‘ સાંપ્રત સર્વ ગીતાશાસ્ત્રનો સારભૂત જે મોક્ષદાયક અર્થ તે મુમુક્ષુએ અવલંબન કરવા સારૂ સમુચ્ચયથી આ શ્લોક વડે કહે છે ’ એમ છે. તસ્માત્ આ ગીતાશાસ્ત્રના સારરૂપે જે બાબદો કહેલી છે તેમાં ઇશ્વરપ્રીત્યર્થે વિહિતકર્માચરણ એજ બાબદ પ્રથમ કહેલી હોવાથી તેનુંજ સ્વહિતસંપાદનાર્થે આચરણ કરવું જોઇએ એ સિદ્ધ છે.

भक्तियोग નામક બારમા અધ્યાયમાં **एवं सततयुक्ता ये** ૧ $\frac{૧૨}{૦૦}$

એ વચનથી અક્ષરોપાસક અને સગુણોપાસક એમાં શ્રેષ્ઠ કોણ ? એવો અર્જુને પ્રશ્ન કરેલો છે અને **मय्यावेश्य मनो ये मां** ૨ ભ૦ગી૦ ૧૨ એ વચનથી ભગવાને વર્ણાશ્રમવિહિતકર્મોનું અવલંબન કરીને ઈશ્વરોપાસના કરનારા શ્રેષ્ઠ છે એમ ઉત્તર આપેલો છે. **ये त्वक्षरमनिर्देश्यं** ૩ ભ૦ગી૦ ૧૨ અને **संनियम्येंद्रियग्रामं** ૪ ભ૦ગી૦ ૧૨ આ વચનોથી અક્ષરબ્રહ્મોપાસક ઈશ્વરપ્રત્યે પ્રાપ્ત થાય છે એમ દર્શાવેલું છે. પરંતુ અક્ષરોપાસનાધિકાર પ્રાપ્ત થવો એ અત્યંત કઠણ છે એમ **अव्यक्ता हि गतिर्दुःखं** ૫ ભ૦ગી૦ ૧૨ એ વચનથી કહેલું છે. **ये तु सर्वाणि कर्माणि** ૬ ભ૦ગી૦ ૧૨ અને **तेषामहं समुद्धर्ता** ૭ ભ૦ગી૦ ૧૨ આ વચનમાં વર્ણાશ્રમવિહિતકર્મ મોક્ષસાધન છે એમ દર્શાવેલું છે અને સંસારસાગરથી તેમનો ઉદ્ધાર કરનારો હું છું એમ કહેલું છે. ઈશ્વરના વિષે ચિત્તસ્થૈર્ય થવું એ સંસારમાંથી ઉદ્ધાર થવાને આવશ્યક છે. પરંતુ ચિત્તસ્થૈર્ય ઈશ્વરના વિષે થવું શક્ય ન હોય તો ક્રમક્રમથી ચિત્તસ્થૈર્ય પ્રાપ્ત કરવાના માર્ગ **अथ चित्तं समाधातुं** ૯ ભ૦ગી૦ ૧૨, **अभ्यासेऽप्यसमर्थोऽसि** ૧૦ ભ૦ગી૦ ૧૨ અને **अथैतदप्यशक्तोऽसि** ૧૧ ભ૦ગી૦ ૧૨ આ વચનોમાં કહેલા છે. **अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः** એ વચન માંહેલા **मद्योगमाश्रितः** એ પદનું વ્યાખ્યાન હાથે થતાં કર્મો મારા વિષે અર્પણ કરીને જે કરવું એટલે જે તે કર્મોનું અનુષ્ઠાન કરવું તે **मद्योग**. તેનો આશ્રય કરીને એમ છે. ઈશ્વરાર્પણબુદ્ધિથી વિહિતકર્મોનું અનુષ્ઠાન કરવું એ તે વ્યાખ્યાનનો આશય છે. **अद्वेष्टा सर्वभूतानां** ૧૩ ભ૦ગી૦ ૧૨ એ વચનથી **तुल्यनिंदास्तुतिः** ૧૯ ભ૦ગી૦ ૧૨ એ વચનસુધીના સાતવચનોથી અક્ષરોપાસકોનું લક્ષણ કહેલું છે. **अद्वेष्टा सर्वभूतानां** એ વચનના અવતરણમાં ‘ અર્જુનના અત્યંત હિતની જ ઈચ્છા કરનારા ભગવાન સમ્યક્જ્ઞાનની સાથે સંયુક્ત નહી થનારા કર્મયોગનો આત્મા અને ઈશ્વર એમનામાં ભેદ માનનારા અર્જુનને જ ઉપદેશ કરે છે ’ એમ ભગવાન્ ભાષ્યકારે કહેલું છે અને હું ઈશ્વર છું એવું પ્રમાણસિદ્ધ નિશ્ચિતજ્ઞાન પ્રાપ્ત થયેલાં જ પુરુષો અક્ષરોપાસનાના અધિકારી છે એમ પણ દર્શાવેલું છે. **अद्वेष्टा सर्वभूतानां** એ વચનથી **तुल्यनिंदास्तुतिः** એ વચનના અંતપર્યંત્ના સાત વચનોમાં અક્ષરોપાસનાધિકાર પ્રાપ્ત થવાને આવશ્યક એવા જે ગુણ કહેલા છે તે પોતાના વિષે નહી છતાં વિહિતકર્મ ન કરનારાઓ પતિત જ છે એ ધ્યાનમાં રાખશો.

क्षेत्रक्षेत्रज्ञविवेकयोग નામક તેરમા અધ્યાયના આરંભે ક્ષેત્રક્ષેત્રજ્ઞ-વિષયક માહિતી કહ્યા પછી **अमानित्वमदंभित्व** ૭ ૧૩/૩ ૩/૨ એ વચનથી **अध्यात्मज्ञाननित्यत्वं** ૧૧ ૧૩/૩ ૩/૫ આ વચનપર્યંતના પાંચવચનોમાં જ્ઞાન-પ્રાપ્તિના સાધનો કહેલાં છે અને તે જેના વિષે હશે તે જ જ્ઞાનનિષ્ઠ એમ ભગવાન્ ભાષ્યકારે કહેલું છે. સાંપ્રત જ્ઞાનીઅનીને દુકાનદારી ચલાવનારા ગુરૂના વિષે આ જ્ઞાનસાધનગણનો ગંધ પણ હોતો નથી એ સારી પેઠે ધ્યાનમાં રાખશો. **अदंभित्व** એ પદ ઉપરથી વિહિતકર્માનુષ્ઠાન આવશ્યક કરે છે. આચાર્યોપાસન અને શૌચ્ય એમની આવશ્યકતા જ્ઞાનપ્રાપ્તિને છે. સ્વભાવથી સર્વત્ર પ્રવૃત્ત થયેલા દેહેંદ્રિયોનો સન્માર્ગનાજ વિષે નિરોધ એ-ટલે શાસ્ત્રવિહિતમાર્ગને જ વિષે નિગ્રમન એ આત્મવિનિગ્રહ શબ્દનો અર્થ છે. સાંપ્રત મદમાતી રાંડીરાંડો અને પ્રાકૃતજનો તેને સદ્ગુરૂ, મહારાજ માને છે તેમના વિષે શું શું હોય છે એ આ ગીતાવચનમાં કિંચિત્ ફેરફાર કરતાં સ્પષ્ટ થાય છે. તે ફેરફાર આ પ્રમાણેઃ—

हिंसा मानित्वदंभित्वमक्षमाऽनार्जवंतथा
आचार्यासेवनाशौचास्थैर्याण्यात्माविनिग्रहः ॥
इंद्रियार्थेष्ववैराग्यमहंकारस्तथैव च
जन्ममृत्युजराव्याधि दुःखदोषाप्रदर्शनम् ॥
तथा सक्तिरभिष्वङ्गःपुत्रदारगृहादिषु
सदा चासमचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥
ईशे नानन्ययोगेन भक्तिरव्यभिचारिणी
विकीर्ण देश सेवित्वं रतिश्च जनसंसदि ॥
नाध्यात्मज्ञाननित्यत्वं ज्ञानार्थादर्शनं तथा । इति ॥

અઢારમા વચન માંહેલા **मद्भक्तः** એ પદનું સ્પષ્ટીકરણ ઈશ્વર, સર્વજ્ઞ અને પરમગુરૂ જે હું વાસુદેવ તે મારા વિષે જેણે સર્વાત્મભાવ અર્પણ ક-રેલો છે અર્થાત્ પોતાની દૃષ્ટીએ જે પડે છે, જે પોતાના કાને આવે છે. અથવા જેને પોતે સ્પર્શ કરે છે તે સર્વ ભગવાન્ વાસુદેવ જ છે એમ જેની બુદ્ધિનો પૂર્ણગ્રહ થયેલો છે તે મારો ભક્ત છે એમ છે. એવો જે

ઈશ્વરભક્ત હશે તે જ્ઞાનાધિકારી એમ **इति क्षेत्रं तथा ज्ञानं** ૧૮ કુ ૧૩/૪૪ એ વચનમાં ભગવાને જ કહેલું છે. તેથી સાંપ્રત ભગવદ્‌ભક્તનામથી પ્રસિદ્ધ એવી વ્યક્તિઓને વિષે આ ભગવદ્‌ભક્તલક્ષણ દેખાય છે કે નહી એ વાતનો વિચાર કરીને ત્યારપછી તેમનો સંગ રાખવો ઘટે છે. **प्रकृतिं पुरुषं चैव** ૧૯ કુ ૧૩/૪૫ એ વચનમાં ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એજ ભૂતોની ઉત્પત્તિને કેમ કારણ થાય છે એ કહેલું છે. **कारणं गुणसंगोऽस्य** ૨૧ કુ ૧૩/૪૮ એ વચનમાં પુરૂષને કયા કારણના લીધે સંસારિત્વ પ્રાપ્ત થાય છે એ કહેલું છે. **य एवं वेत्ति पुरुषं** ૨૩ કુ ૧૩/૫૬ એ વચનમાં પ્રકૃતિપુરૂષજ્ઞાનનું ફળ દર્શાવેલું છે. ત્યારપછી આત્મજ્ઞાનના ઉપાય કહેલા હોઇને આત્મજ્ઞાનનું લક્ષણ પણ કહેલું છે.

गुणत्रयविभागयोग નામક ચૌદમા અધ્યાયના આરંભમાં **परं भूयः प्रवक्ष्यामि** ૧ કુ ૧૪/૬૫ એ વચનથી જ્ઞાનો માંહેલું સર્વોત્કૃષ્ટજ્ઞાન હું તને પુનરપી કહું છું એમ ભગવાને કહેલું હોઇને **इदं ज्ञानमुपाश्रित्य** ૨ કુ ૧૪/૬૬ એ વચનમાં તે જ્ઞાનનું ફળ પણ કહેલું છે. **मम योनिर्महद्ब्रह्म** ૩ કુ ૧૪/૬૬ અને **सर्व योनिषु कौंतेय** ૪ કુ ૧૪/૬૭ આ વચનોમાં કેવા પ્રકારનો ક્ષેત્રક્ષેત્રજ્ઞસંયોગ ભૂતોનું કારણ છે એ કહેલું છે. **सत्त्वं रजस्तम इति** ૫ કુ ૧૪/૬૭ એ વચનમાં ગુણ કયા અને તે જીવાત્માને કેમ બદ્ધ કરે છે એ કહેલું છે. **तत्र सत्त्वं निर्मलत्वात्** ૬ કુ ૧૪/૬૮ **रजो रागात्मकं विद्धि** ૭ કુ ૧૪/૬૯ અને **तमस्त्वज्ञानजं विद्धि** ૮ કુ ૧૪/૭૦ આ વચનોમાં યથાનુક્રમે સત્ત્વ, રજ અને તમ એ ગુણોના લક્ષણ કહેલાં છે તે લક્ષણો વિશેષતઃ લક્ષ્યમાં રાખવા જેવા છે. રજોગુણલક્ષણમાં **तन्निबध्नाति कौंतेय कर्मसंगेनदेहिनम्** ૭ કુ ૧૪/૬૯ એમાં **कर्मसंगेन** એ પદવડે દૃષ્ટાદૃષ્ટાર્થકર્મતત્પરતા એ રજોગુણકાર્ય જે દર્શાવેલું છે તે ધ્યાનમાં લેતા વર્તમાન કાલીનદ્વિજો રજોગુણી પણ ગણાય નહીં એમ સ્પષ્ટ જણાય છે. **सत्त्वं सुखे संजयति** ૯ કુ ૧૪/૭૦ એ વચનમાં ગુણોનું કાર્ય સંક્ષેપતઃ કહેલું છે. ને એ વચનના ઉત્તરાર્દ્ધમાં જે તમોગુણનું કાર્ય કહેલું છે તેનો અમલ સાંપ્રત સર્વ સ્થળે સ્પષ્ટ જણાઇ આવે છે. તમોગુણ અવિવેક ઉત્પન્ન કરનારો હોઇને પ્રમાદ, આલસ્ય અને નિદ્રા એ દુર્ગુણ તેના લીધે વળગી પડે છે એમ ભગવાને કહેલું છે ને તે સર્વદુર્ગુણો સાંપ્રત દ્વિજોના વિષે જોવામાં આ-

વે છે. પ્રમાદ એટલે પ્રાપ્તકર્તવ્યાકરણ અર્થાત્ પ્રાપ્ત થયેલું કર્તવ્ય ન કરવું એ પ્રમાદ શબ્દનો અર્થ છે એ સારી પેઠે ધ્યાનમાં રાખશો. પ્રમાદ, આલસ્ય અને નિદ્રા એ નાશકારક ત્રણે દુર્ગુણ જેના વિષે મુખ્યતઃ વાસ કરે છે તેમનો ઉદ્ધાર થવાના ઉપાયમાં એ દુર્ગુણનો નાશ કરવાનો યત્ન કરવો એજ મુખ્યઉપાય છે. એ અવશ્ય ધ્યાનમાં રાખશો. ગુણોની અભિવૃદ્ધિ અને હાની એ આહારવિહારઉપર વિશેષતઃ અવલંબિને છે. **सर्व द्वारेषु देहेऽस्मिन्** ૧૧ ૧૪ એ વચનમાં સત્વગુણાભિવૃદ્ધિનું લક્ષણ કહેલું છે તે અત્યંત ઉપયુક્ત છે. સાંપ્રત જ્ઞાનપ્રાપ્તિનું સ્વતંત્ર સાધન નષ્ટ થયા જેવું દેખાય છે અને આત્મજ્ઞાનવિના ઈતર કોઈપણ પ્રકારના વ્યવહારજ્ઞાનસંબંધે બીજાના મુખ તરફ જોવાનો પ્રસંગ પ્રાપ્ત થયેલો છે. એ સત્વગુણહાનીનો પરિણામ હોવાથી સત્વગુણાભિવૃદ્ધિનો યત્ન કરવો જોઈએ. લોભ, પ્રવૃત્તિ, કર્મવિષયક ઉદ્યોગ, અવિશ્રાંતિ અને તૃષ્ણા એ રજોગુણાભિવૃદ્ધિના ચિન્હ છે એમ **लोभः प्रवृत्तिरारंभः** ૧૨ ૧૪ એ વચનમાં કહેલું છે. સાંપ્રત સત્વગુણનું પ્રાબલ્ય ક્યાંય પણ નથી. રજોગુણનું જ પ્રાબલ્ય ધનાઢ્યોના વિષે દેખાય છે. સત્વગુણકરતા રજોગુણની યોગ્યતા જો કે ઓછી છે તોપણ તમોગુણ કરતા તે વિશેષ હોવાથી તમોગુણગ્રસ્ત લોકોએ એકદમ સત્વગુણાભિવૃદ્ધિ પોતાના વિષે કરવાનું અશક્ય જણાતા રજોગુણની અભિવૃદ્ધિ કરવાનો યત્ન કરવો એ તેમને શ્રેયસ્કર છે. અવિવેક, પ્રવૃત્તિનો અભાવ, પ્રમાદ અને મોહ એ તમોગુણની અભિવૃદ્ધિના લક્ષણ **अप्रकाशोऽप्रवृत्तिश्च** ૧૩ ૧૪ એ વચનમાં કહેલાં છે ને આ લક્ષણ સર્વત્ર નજરે પડે છે. અંતકાલે કયા ગુણના પ્રાબલ્યના લીધે કયો જન્મ ભાવીમાં આવે છે એ **यदा सत्त्वे प्रवृद्धे तु** ૧૪ ૧૪ અને **रजसी प्रलयं गत्वा** ૧૫ ૧૪ આ વચનોથી કહીને **कर्मणः सुकृतस्याहुः** ૧૬ ૧૪ એ વચનમાં ત્રિવિધકર્મોના ફલ કહેલાં છે. સુકૃતકર્મ એટલે સાત્વિકકર્મ. **सत्त्वात्संजायते ज्ञानं** ૧૭ ૧૪ એ વચનમાં જ્ઞાન અને લોભ એ યથાનુક્રમે સત્વ અને રજના કાર્યો કહેલા હોઈને પ્રમાદ, મોહ અને અજ્ઞાન એ તમના કાર્યો કહેલાં છે. તેથી સત્વગુણ, પુણ્ય અથવા ધર્મ અને જ્ઞાન એમનામાં કાર્યકારણભાવસંબંધ હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. ગુણાતીત થયાવિના મુક્તિ મળવાની જ નથી તો પણ સત્વગુણની અભિવૃદ્ધિ મેળવવી એ પણ

મુક્તિનું એક પગથીયું છે. રજોગુણની અભિવૃદ્ધિ એ લોભાદિ દુર્ગુણોનું મૂળ છે, પરંતુ તમોગુણની અભિવૃદ્ધિ એ અજ્ઞાનનું મૂળ હોવાથી નાશનું જ કારણ છે. તામસકર્મ એટલે અધર્મ. તમોગુણનું કાર્ય જે અજ્ઞાન એ સત્ત્વગુણકાર્યરૂપ જ્ઞાનથી અત્યંત વિરૂદ્ધ છે, તેથી પરસ્પરવિરૂદ્ધધર્મી કાર્યો જેમનાથી થાય છે તે કારણો પણ પરસ્પરવિરૂદ્ધ હોવા શક્ય હોવાથી સાત્ત્વિકકર્મ એટલે ધર્મ. ધર્માચરણ સુખનું કારણ છે, અધર્માચરણ દુઃખનું કારણ છે અને ધર્માધર્માચરણ સુખદુઃખોનું કારણ છે. સાંપ્રત લોકોની સ્થિતિ તરફ જોતાં તેઓ ઘણું કરીને દુઃખ જ ભોગવે છે તેથી અધર્માચરણ એ જ તેમના દુઃખનું કારણ હોવાથી સુખપ્રાપ્તિની ઈચ્છા કરનારાઓએ સુખપ્રાપ્તિનું સાધન જે ધર્મ તેનું જ અવલંબન કરવું જોઈએ. **प्रकाशञ्च प्रवृत्तिञ्च** (૧૪/૨૨) એ વચનથી ગુણાતીતના લક્ષણ કહેલાં છે અને **मां च योऽव्यभिचारेण** (૧૪/૨૬) એ વચનમાં ગુણાતીતત્ત્વ શાથી પ્રાપ્ત થાય છે તે કહેલું છે. **ब्रह्मणो हि प्रतिष्ठाहम्** (૧૪/૨૭) એ વચનમાં **शाश्वतस्य च धर्मस्य** આ જે પદ યોજેલાં છે તે ઉપરથી ધર્મ વારંવાર બદલનારો ન હોઈને તેનું સ્વરૂપ શાશ્વત હોવાનું સિદ્ધ થાય છે.

પંદરમો અધ્યાય **पुरुषोत्तमयोग** નામથી પ્રસિદ્ધ છે. અર્થાત્ ઈશ્વરપ્રાપ્તિનો ઉપાય આ અધ્યાયમાં કહેલો છે. વૃક્ષનું રૂપક બાંધીને પ્રથમ સંસારસ્વરૂપનું વર્ણન આ અધ્યાયમાં કરેલું છે. કારણકે, ભગવત્તત્ત્વજ્ઞાનનો અધિકાર સંસારથી વિરક્ત થયેલા પુરૂષ વિના ઈતરને નથી. તેથી વૈરાગ્ય પ્રાપ્તિ સારૂ સંસારસ્વરૂપ જાણવું એ આવશ્યક છે. એ જે સંસારનું વર્ણન કરેલું છે તેજ સંસાર માંહેલા આપણે સર્વે છીએ. તત્ત્વજ્ઞાન એ સંસાર કરતા અત્યંત શ્રેષ્ઠ છે. પરંતું તે જ્યાંસુધી પ્રાપ્ત થવાનો અધિકાર નથી ત્યાંસુધી આ અધ્યાયમાં કહેલી સંસારસ્થિતિ સારી છે. **छन्दांसि यस्य पर्णानि**—વેદ એ આ સંસારવૃક્ષના પાંદડાં છે એમ પ્રથમવચનમાં કહેલું છે. જેમ વૃક્ષના સંરક્ષણને માટે પાંદડાં હોય છે તેમજ આ સંસારવૃક્ષના સંરક્ષણ માટે વેદ એ પાંદડાં જેવા છે. એમ હોવાથી સંસાર સર્વોત્તમ થવા માટે વેદોના આવશ્યકતા છે. અર્થાત્ વેદાધ્યયન અને વેદવિહિતકર્મોનું અનુષ્ઠાન એ સંસાર સુખાવહ થવાને એટલે અભ્યુદય થવાને કારણ છે. એમ **ऊर्ध्वमूलमधःशाखं** (૧૫/૧) એ વચનથી સ્પષ્ટ જણાય છે. **निर्मानमोहा**

जितसंगदोषाः ૫ ૧૫/ફુટ૫૫ એ વચનમાં ઇશ્વરપ્રાપ્તિ કોને થાય છે એ કહેલું છે. **न तद्भासयते सूर्यो** ૬ ૧૫/ફુટ૫૫ આ વચનમાં ઇશ્વિરપદનું વર્ણન કરેલું છે. **ममैवांशो जीवलोके** ૭ ૧૫/ફુટ૫૬ **शरीरं यदवाप्नोति** ૮ ૧૫/ફુટ૫૭ **श्रोत्रं चक्षुः स्पर्शनं च** ૯ ૧૫/ફુટ૫૭ **उत्क्रामतं स्थितं वापि** ૧૦ ૧૫/ફુટ૫૮ અને **यतंतो योगिनश्चैनं** ૧૧ ૧૫/ફુટ૫૮ આ વચનોમાં જીવ એ સનાતન હોઇને તે ભિન્ન શરીર ધારણ ક્યારે કરે છે? વિષયનોનુ સેવન કેમ કરે છે? એનું જ્ઞાન કોને થાય છે? ઇત્યાદિ કથન કરેલું છે. **यदादित्यगतं तेजो** ૧૨ ૧૫/ફુટ૫૯ એ વચનમાં સૂર્ય, ચંદ્ર અને અગ્નિ એમના વિષેનું તેજ પરમેશ્વરનુંજ છે એમ કહેલું છે. **गामाविश्य च भूतानि** ૧૩ ૧૫/ફુટ૬૦ આ વચનમાં પૃથ્વી પોતાના સામર્થ્યથી હું ધારણ કરૂં છું એમ કહેલું છે **अहं वैश्वानरो भूत्वा** ૧૪ ૧૫/ફુટ૬૦ એ વચનમાં ચતુર્વિધઅન્ન પચાવનારો જઠરાગ્ની પરમેશ્વર હોવાનું અને **सर्वस्य चाहं** ૧૫ ૧૫/ફુટ૬૧ એ વચનમાં ઈશ્વરજ જ્ઞાનનુ અને અજ્ઞાનનુ કારણ હોવાનું દર્શાવિને સર્વવેદોના યોગથી ઈશ્વરજ વેદ્ય હોવાનું કહેલું છે. પુણ્યકર્માનુરોધે જ્ઞાન અને સ્મૃતિ પ્રાપ્ત થતા હોઇને પાપકર્માનુરોધે સ્મૃતિ અને જ્ઞાનનો ભ્રંશ થાય છે. **वेदैश्च सर्वै** ૧૫ ૧૫/ફુટ૬૧ એ વચન ઉપર લક્ષ્ય આપતા ઈશ્વરજ્ઞાન પ્રાપ્ત થવાને વેદાભ્યાસ એ મુખ્ય સાધન હોવાનું દર્શાવેલું છે. પરંતુ વર્તમાનકાલીન શિષ્યગણવ્યાપ્ત ગુરૂવર્ગમાં વેદાધ્યયનાદિ વિહિત કર્મોથી વિશેષતઃ સર્વે અલિપ્તજ છે એમ પ્રત્યક્ષ જોવામાં આવે છે. **द्वाविमौ पुरुषौ लोके** ૧૬ ૧૫/ફુટ૬૧ ઇત્યાદિ વચનોમાં ક્ષર, અક્ષર અને ઉત્તમ પુરૂષોનું લક્ષણ કહેલું છે. અંતે **एतद्बुध्वा बुद्धिमान्स्यात्** ૨૦ ૧૫/ફુટ૬૪ એ વચનમાં ભગવત્તત્ત્વજ્ઞાનાધિકારી કોણ એ કહેલું છે અને ભગવત્તત્ત્વજ્ઞાન થયા વિના કોઇનું પણ કર્તવ્ય સમાપ્ત થતું નથી એમ દર્શાવેલું છે. તેથી આ અધ્યાયમાં કહ્યા પ્રમાણે ભગવત્તત્ત્વજ્ઞાન થયા વિના વિહિતકર્મત્યાગ કોઇથી પણ કરી શકાતો નહી એ સિદ્ધ છે.

दैवासुरसंपद्विभागयोग નામક સોળમા અધ્યાયના આરંભે દૈવીસંપત્તિ કહેલી છે અને ત્યારપછી આસુરીસંપત્તિ કહેલી છે. દૈવીસંપત્તિ સંસારમુક્તિનું કારણ હોઇને આસુરી અને રાક્ષસીપ્રકૃતિથી બંધ થાય છે. નિર્ભયતા, શુદ્ધમનથી વ્યવહાર, આત્માદિ પદાર્થોનું જ્ઞાન અને તદ્વિષયક અનુભવ, દાન, ઇંદ્રિયદમન, શ્રૌતસ્માર્તયજ્ઞ, વેદાધ્યયન, શારીરાદિતપ, સર-

લતા, પ્રાણિપીડાવર્જન, અપ્રિય અને અનૃતના ત્યાગ પૂર્વક સત્યભાષણ, ક્રોધનું ઉપશમન, સંન્યાસ, મનોનિગ્રહ, પરરંધ્રપ્રકટીકરણથી અલિપ્તતા, દુઃખીના વિષે દયા, વિષયો સાંનિધ્ય છતા પણ ઇંદ્રિયોનું વિકારરહિતપણું, મૃદુતા, લજ્જા, કર્મેંદ્રિયોની નિષ્કારણ પ્રવૃત્તિનો અભાવ, પ્રસન્નતા, ક્ષમા, ધૈર્ય શૌચ, અદ્રોહ અને નિરભિમાનતા આ ગુણ દૈવીસંપત્તિ સેવનારા મનુષ્યને વિષે હોય છે. આ ગુણો પૈકી કેટલાએક ગુણનો અભાવ થતા તે મનુષ્ય મુક્તિને તદ્દન અયોગ્ય હોય છે. સાંપ્રતના બ્રાહ્મણો એક હજારે નવસોનવ્વાણું આ ગુણોથી અલિપ્ત છે. એમ છતાં પણ સર્વે પોતાને ગીતાનુયાયી કહેડાવનારા હોઇને દુઃખપરિહારાર્થે ખટપટ કરનારા છે. પરંતુ વિહિતકર્મોના અભાવના લીધે પોતે દુઃખ ભોગવીએ છિયે એ કોઇના પણ ધ્યાનમાં આવતું નથી. સાંપ્રતના બ્રાહ્મણોમાં હજારે નવસોનવ્વાણું આસુરી પ્રકૃતિના છે. તેથી પ્રત્યક્ષ ઉદાહરણો આપીને આસુરીપ્રકૃતિના કોણ છે તે દર્શાવવાની જરૂર નથી. આસુરીપ્રકૃતિમાં મારો અંતર્ભાવ થાય છે એમ ભારતસમાજમાં કોઇ પણ કબૂલ કરશે નહી. પરંતુ પોતાના અને સંસર્ગી લોકોના નાશને કારણરૂપ એવી જે આસુરીપ્રકૃતિવિષયકબાબતો **प्रवृत्तिं च निवृत्तिं च** $\frac{७}{१६}$ ઇત્યાદિ વચનોથી ભગવાને કહેલી છે તે પૈકી ઘણીખરી બાબતો પોતાના વિષે છે એમ શાંત ચિત્તે વિચાર કરતાં હજારે નવસો નવ્વાણું પુરૂષોને કબૂલ કર્યાવિના છુટકારો નથી. અર્થાત્ ગુરૂવર્ગ માંહેલા હજારે નવસો નવ્વાણું વ્યક્તિ જે લોકોમાં ભગવાન શ્રીકૃષ્ણના મત પ્રમાણે પોતાના અને જગતના નાશ માટે યત્ન કરે છે તે સમુદાય અભ્યુદિત થવાને ગુરૂવર્ગે પોતાનુ વર્તન સુધારવું એ અત્યંત આવશ્યક છે. પુરૂષાર્થ સાધનરૂપ કર્મોનું અવલંબન એ પ્રવૃત્તિ અને અનર્થોત્પાદક કર્મોથી અલિપ્તતા એ નિવૃત્તિ આસુરપ્રકૃતિલોકો જાણતા નથી એમ **प्रवृत्तिं च निवृत्तिं च** $\frac{७}{१६}$ એ વચનમાં કહેલું છે વિહિતકર્માનુષ્ઠાન અને નિષિદ્ધકર્માનવલંબન એ પ્રવૃત્તિનિવૃત્તિ શબ્દનો અર્થ છે. આસુરપ્રકૃતિ લોકો પ્રવૃત્તિનિવૃત્તિ જાણતા નથી એનો અર્થ પ્રવૃત્તિનિવૃત્તિ તરફ દુર્લક્ષ્ય કરે છે એમ થશે; પરંતુ, આપણે પ્રવૃત્તિનિવૃત્તિ તરફ દુર્લક્ષ્ય માત્ર કોઈ વખતે પણ કરતા નથી. તો જાણીબુજીને વિહિતકર્મ કરતા નથી અને નિષિદ્ધકર્મ કરિયે છિયે. અર્થાત્ આપણે આસુરજનો કરતાં પણ વિશેષ છિયે. શૌચ, આચાર અને સત્ય એમનો ખરેખરો

સંબંધ પોતાની સાથે કેટલો છે એ જેનું તે સારી પેઠે જાણે જ છે. **असत्यमप्रतिष्ठं ते** ८ १६/४०६ એ વચનમાં કહ્યા પ્રમાણે આપણે અક્ષરે અક્ષર વર્તિયે છિયે. **काममाश्रित्य दूष्पूरं** १० १६/४०६ એ વચનમાં કહ્યા પ્રમાણે આપણે દુર્ઘટવાસના સ્વીકારેલી નથી; પરંતુ જે કાંઈ પ્રાપ્ત થવા માટે આપણે માથાકૂટ કરીયે છિયે તે દંભ, માન, મદ એમનાથી યુક્ત થઈને અને અશુચીવ્રતેનું અવલંબન કરીને અને મોહના લીધે વિપરિત ગ્રહ મનમા દૃઢ કરીને કરિયે છિયે. **आशापाशशतैर्बद्धाः** १२ १६/४०७ અને **इदमद्य मया लब्धं** १३ १६/४०७ એ વચનોમાં કહ્યા પ્રમાણે દ્રવ્યસંચયાદિ કરનારા લોકો આપણામાં ઘણા છે. **असौ मया हतः शत्रुः** १४ १६/४०८ અને **आढ्योऽभिजनवानस्मि** १५ १६/४०८ આ વચનોમાં કહ્યા પ્રમાણે આપણા માહેલા આગેવાનોની સ્થિતિ થયેલી નથી. પરંતુ **अनेकचित्त-विभ्रान्ता** १६ १६/४०८ એ વચનમાં કહેલું વર્ણન આપણને લાગુ નથી એમ કોણ કહેશે? **आत्मसंभाविताः स्तब्धा** १७ १६/४०१ એ વચનના પૂર્વાર્દ્ધમાં કહ્યા પ્રમાણે ધનાઢ્ય લોકોની સ્થિતિ થયેલી છે; પરંતુ **यजंते नामयज्ञै-स्ते दंभेनाविधिपूर्वकम्** १७ १६/४०५ એ ઉત્તરાર્દ્ધ માત્ર તેમને અને અમોને લાગુ નથી કારણ કે આપણે દંભથી પણ યજ્ઞયાગ કરતા નથી. **अहंकारं बलं दर्पं** १८ १६/४०५ એ વચનમાં કરેલું વર્ણન આપણા વિષે અક્ષરેઅક્ષર ઘટે છે અને તે વર્તનનું ફલ આપણે ભોગવિયે પણ છિયે. **यः शास्त्र-विधिमुत्सृज्य** २३ १६/४०८ એ વચનમાં શાસ્ત્રવિધી તજીને વર્તનારાની શી અવસ્થા થાય છે તે કહેલું છે અને **तस्माच्छास्त्रं प्रमाणं ते** २४ १६/४०८ એ વચનથી ભગવાન્ શ્રીકૃષ્ણે શાસ્ત્રવિધાનોક્તકર્મ કરતા રેહેવાની આપણને આજ્ઞા કરેલી છે.

श्रद्धात्रयविभागयोग નામક સતરમા અધ્યાયના આરંભે **ये शा-स्त्रविधिमुत्सृज्य** १ १७/४०८ એ વચનથી શાસ્ત્રવિધિ જાણવામાં નહી હોવાથી જે શ્રદ્ધાપૂર્વક પૂજન કરે છે તેનું વર્તન સાત્વિક, રાજસ કે તામસ છે એવો પ્રશ્ન અર્જુને કર્યો છે અને **त्रिविधा भवति श्रद्धा** २ १७/४१० આ વચનમાં ભગવાને શ્રદ્ધાના ત્રણ પ્રકાર કહીને તે સત્ત્વાનુરૂપ હોવાનું **सत्त्वा-नुरूपा सर्वस्य** ३ १७/४१० એ વચનમાં કહેલું છે. **यजंते सात्त्विका देवान्** ४ १७/४११ એ વચનમાં સાત્વિક, રાજસ અને તામસલોકો દેવોનું, યક્ષરાક્ષ-

સોનું અને પ્રેત તથા ભૂતગણનું પૂજન કરે છે એમ કહેલું છે. પરંતુ એ માત્ર સાંપ્રતના લોકોને લાગુ નથી. કારણ કે હાલના શિશ્નોદરપરાયણ લોકો કોઈનુ પણ યજન કરતાં જ નથી. કેટલાએક લોકો તપશ્ચર્યા કરે છે ખરા, પરંતુ શાસ્ત્રવિહિત તપકરનારા ક્યાંય નજરે પડતા નથી. વેદાધ્યયન, શ્રૌતસ્માર્તાગ્નિસેવા, સંધ્યાવંદન, બ્રહ્મયજ્ઞ વિગેરે કાંઇપિણ ન કરીને પ્રાકૃતગ્રંથોનું પઠન કરવું એ અશાસ્ત્રવિહિત તપ છે. આહાર, યજ્ઞ, તપ અને દાન એમના ભેદ આગળ કહેલાં છે ને એવા ભેદકથનમાં જ સત્તરમો અધ્યાય સમાપ્ત થયેલો છે. આહારાદિકનો ધર્મના સાથે સંબંધ હોવાથી જ તેમનું કથન કરેલું છે. આયુષ્ય, સત્ત્વ, બલ, આરોગ્ય, સુખ અને પ્રેમ એ વૃદ્ધિગત થવું એ આહાર ઉપર અવલંબિને છે. એમ **आयुः सत्त्वबलारोग्य** (૧૭/૮) ઇત્યાદિ વચનોથી ભગવાને કહેલું છે. પરંતુ એ વચનો ઉપર કોઈ પણ લક્ષ્ય આપતો નથી. વર્તમાનકાલમાં આયુર્માન એક સરખુ ઘટતું જ જાય છે, જ્યાં જ્યાં દૃષ્ટી નાંખીયે ત્યાં ત્યાં નિઃસત્ત્વ પ્રજા નજરે પડે છે, બલ સાંભળવાને પણ દુર્લભ થયું છે, આરોગ્યતાનિ સ્થિતિ શોચનીય છે, સુખ અનુભવાતીત હોઈને સાંભળવામાં કે વાચવામાં જ છે, અને સુશિક્ષિતકરનારૂ શિક્ષણ મળતા છતાં પણ ન્યાયાધીશોની સંખ્યા પૂર્વ કરતા સોગણી વધી છે તો પણ પુરી પડતી નથી એ ઉપરથી પરસ્પરપ્રેમ કેટલા અંશે રહેલો છે એ કહી શકાતું નથી. મૂર્તિ તેટલી પ્રકૃતિ એવી એક કહેવત છે પરંતુ કોઈ પણ જ્ઞાતી માંહેલી મુર્તીઓ કરતા પરસ્પર કલહની સંખ્યા વધારે થાય છે. રસ્ય અને સ્નિગ્ધઆહાર આયુરાદિકની વૃદ્ધિને કારણ થનારા છે એમ જે અર્થે કહેલું છે તે અર્થે ગતરસ અને રૂક્ષઆહાર આયુરાદિકની હાની કરનારો છે એ ખુલ્લું જ છે. ને તેથી જ ચાહ પીવો, બીડી ફુંકવી, બિસ્કિટ વિગેરે ટાહડા પદાર્થ ખાવાથી આયુરાદિકની હાની થાય છે એ પ્રત્યક્ષ જોઇએ છિયે. પરંતુ તે તરફ કોઇ પણ લક્ષ્ય આપતો નથી. સત્ત્વ અને તમમાં પરસ્પર વિરોધ છે. તેથી સાત્વિક અને રાજસ આહારના પરિણામ કહીને તામસ આહારના પરિણામ કહેલા નથી. કારણ કે તે સાત્વિક આહારના પરિણામના વિરૂદ્ધ થવાના એ નિશ્ચિત છે. સાત્વિક અને રાજસ આહારના જે ફલો અહિં કહેલાં છે તે અત્યંત પરસ્પર વિરૂદ્ધ છે. **दुःखशोकामयप्रदा**

૯ अ. १७ દુ:ખ, શોક અને રોગ એ રાજસ આહારના ફલ કહેલાં છે અને સાત્વિક આહાર ફલોમાં आयुःसत्वबलारोग्यसुखप्रीति ૮ अ. १७ સુખ, પ્રીતિ અને આરોગ્ય એમનો નિર્દેશ કરેલો છે. આ ફલતો સ્પષ્ટરીતે પરસ્પર વિરુદ્ધજ છે. આયુષ્ય, સત્વ અને બલ એ ફલોના વિરૂદ્ધફલો રાજસઆહારફલવિષયક વચનમાં પ્રત્યક્ષ કહેલાં નથી.: તોપણ રોગ, દુ:ખ અને શોક એ ફલોનો પરિણામ આયુષ્ય, સત્વ અને બલ એમની હાની એજ છે. તીખું, ખાટું, ખારૂ, ઉનું, તીક્ષ્ણ, રૂક્ષ અને વિદાહિ આ રાજસ આહારનો પરિણામ જો આયુરાદિકની હાની એ નિશ્ચિત છે તો પછી અધકાચું, નીરસ, દુર્ગંધિ, વાસી, ઉચ્છિષ્ટ અને અપવિત્ર એવા તામસ આહારનો પરિણામ રાજસઆહાર કરતા પણ ભુંડો થવાનો જ એ સ્પષ્ટ કરીને કહેવાની કાંઈ જરૂર નથી. વર્તમાનકાલીન સ્થિતિ ઉપર લક્ષ્ય આપતા દુ:ખ, શોક અને રોગનું સામ્રાજ્ય સર્વત્ર હોવાનું દેખાય છે અને દીર્ઘ આયુષ્ય, સત્વ અને બલનો અભાવ જણાય છે. પરંતુ એ પરિણામ પોતાના રાજસતામસભોજનપ્રિયતાનો છે એ કોઈના પણ ધ્યાનમાં આવતું નથી. રાજસભોજનની વાત તો એક બાજૂપર રહી, વર્તમાનકાલીન બ્રાહ્મણવર્ગ તો તામસ ભોજન જ કરે છે. ડુંગળી, લસણ ઈત્યાદિ પદાર્થ પૂતિ છે. બ્રાહ્મણેતરસ્પૃષ્ટપદાર્થ અમેધ્ય છે, વીશી અને હોટેલ માં હેલું અન્ન ઉચ્છિષ્ટ છે, દુકાન, સ્ટેશન ઈત્યાદિ સ્થળે મળનારા ચહા, કૉફી, મિઠાઈ વિગેરે પદાર્થ એ સર્વ ઉચ્છિષ્ટ અને અમેધ્ય છે. પરદેશીય દ્રવરૂપ દવાઓ અમેધ્ય છે. તામસ આહારથી અલિપ્ત એવો લોકસમુદાય જો છેજ નહી તો પછી કોઈ પણ સમાજના વિષે દીર્ઘાયુષ્ય, ધૈર્ય, બલ, આરોગ્ય, સુખ, આનંદ અથવા પ્રેમ એમનો અભાવ જ હોય છે એ યોગ્ય જ છે. દવામાં રોગનો નાશ કરવાનુ સામર્થ્ય હશે, પરંતુ રોગવર્ધક કારણો નષ્ટ થયા વિના જેમ દવાનો પરિણામ હિતકારક થતો નથી તેમ જ આયુરાદિકની હાની થવાનું કારણ જે તામસભોજન તેનો ત્યાગ કર્યાં વિના આયુરાદિકોની વૃદ્ધિ થવા માટે ચલાવેલા ઉપાય સફલ અથવા હિતપરિણામી થવા શકય જ નથી. ચાળીસ વર્ષના પૂર્વે જે ચિકિત્સકો–વૈદ્ય અને ડાક્તર–ની સંખ્યા હતી તેના કરતા સાંપ્રત ચિકિત્સકોની સંખ્યા સોગણી વધેલી છે અને આરોગ્યરક્ષકખાતુ પણ સર્વત્ર સક્તિપૂર્વક જારી થયેલું છે.

તો પણ આયુર્માન એકદ્વિતીયાંશ ઉપર આવેલું હોઈને રોગાદિકોનું પ્રાબલ્ય સોગણું વધેલું છે. એનુ કારણ પૂર્વે તામસભોજનની સગવડો આજની પેઠે ન્હોતી અને તામસભોજનપ્રિય લોકો પણ ન્હોતા એ સ્પષ્ટ છતાં પંડિત મન્યોને તે ખરૂં છે એમ લાગતું નથી એટલું જ નહી તો દારૂ, બિસ્કુટ, ચાહે તે સ્થલનો ચાહ, રેલવેના ડબ્બામાં અને સ્ટેશનો ઉપર મળનાર અન્ન, મદ્યમાંસસંસૃષ્ટદવા, અમેધ્યવસ્થએ સંચાર કરવાના વખતે ધારણ કરેલા વસ્ત્રો એમનેએમ પેહેરેલાં છતાં અન્નાદિનું સેવન ઈત્યાદિકનો અલ્પકાલીન મરણના સાથે, ભિકણતાની સાથે, અશકતતાની સાથે, રોગી બનવાની સાથે, દુઃખાવહ પ્રસંગ પ્રાપ્ત થવાના સાથે અને કલહવૃદ્ધિના સાથે કાર્યકારણ ભાવસંબંધ છે એમ કહેતા ગ્રામસિંહની પેઠે તેઓ ખિજવાઈ ઉઠે છે માર્ગમાં અસંખ્ય અપવિત્ર પદાર્થોનો ગંધ લેતા અને અસંખ્ય અપવિત્ર પદાર્થોની સાથે તથા વ્યક્તિઓની સાથે સંસર્ગ કરતા કરતા પેહેરેલા અ-થવા બગલમાં રાખેલા અબોટીયા ધારણ કરીને નાતીભોજન કરનારા દ્વિજ-વર્ગોનો જ જો સુકાળ થઈ પડેલો છે તો પછી બીજાઓને તે શું કેહેવું? બ્રાહ્મણસમાજમાં સેકડે નવાણું ટકા નિત્ય અમેધ્ય ભોજન કરનારા છે. સ્વરૂપે અમેધ્ય એવા પદાર્થ સેવન કરવા એ જ અમેધ્ય ભોજન છે, મેધ્ય મનાયેલા પદાર્થ અમેધ્યવસ્તુસંસૃષ્ટ વસ્ત્ર વિગેરે છતાં સેવન કરવો એ અમેધ્યભોજન નહી એમ જો કોઈ માનતો હોય તો એ તેની મોટી ભૂલ છે.

યજ્ઞ, તપ અને દાન એ વિહિતકર્મો છે. એમનું યોગ્યાયોગ્ય અનુ-ષ્ઠાન જેમ સુખદુઃખને કારણ થનારૂં છે તેમ જ યોગ્યાયોગ્ય આહારનું સે-વન પણ સુખદુઃખને કારણ થનારૂં હોવાથી ભગવાને આહારનું પણ વિવેચન તેમની સાથે જ કરેલું છે. એટલું જ નહી તો નિષિદ્ધપદાર્થ સેવનકરનારો બ્રહ્મકર્મને અનધિકારી હોવાથી આહારને તેમણે આદ્યસ્થાન આપેલું છે. પરંતુ એ વાત દ્વિજવર્ગના ધ્યાનમાં આવતી નથી. નષ્ટચર્ય નિવૃત્ત થવાનો કાળ પ્રાપ્ત થયા વિના સત્તર અને અઢાર એ અધ્યાયોમાં આહારાદિ વિષયક જે ઉપદેશ શ્રીભગવાને કરેલો છે તે માન્ય થશે જ નહી. કારણ કે, જે પાતકો કરેલાં છે તે પાતકોનું ફળ ભોગવવું જ જોઈયે અને તે ફળોનો ઉપભોગ પરિપૂર્ણ થતાં સુધી શ્રીભગવાનના ઉપદેશ ઉપર લક્ષ્ય ન જ જવું જોઈયે.

ત્રૈવર્ણિકપ્રજાના ઉત્પત્તિ સહયજ્ઞ થયેલી હાવાથી વિહિતકર્મો પૈકી યજ્ઞનુ વિવેચન **अफलाकांक्षिभिर्यज्ञो** ૧૧$\frac{17}{4\,7}$ ઈત્યાદિ વચનોથી કરેલું છે. અગ્નિષ્ટોમાદિ ક્રતૂઓની વાત તો એક બાજૂપર રાખિયે, અને યજ્ઞશબ્દથી કેવળ પંચમહાયજ્ઞ જ લઈયે તો પણ તેનું અનુષ્ઠાન હજારે એક ઘરમાં થતું હોય કે નહીં તે ઈશ્વર જાણે. યજ્ઞાનુષ્ઠાન એટલે શ્રૌતસ્માર્તકર્માનુષ્ઠાન એમ જો કે માનિયે તો પણ તે સાત્વિકદૃષ્ટિયે કયાંય પણ થતું જોવામાં આવતું નથી. રાજસયજ્ઞાનુષ્ઠાન પણ ક્વચિત જ થાય છે; પરંતુ જે કાંઈ શ્રૌતસ્માર્તકર્માનુષ્ઠાન જોવામાં આવે છે તે **विधिहीनमसृष्टान्नं मंत्रहीनमदक्षिणम् । श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते** ૧૩$\frac{17}{4\,5}$ આ વચનમાં કહ્યા પ્રમાણે જ થાય છે. સાધારણ શાંતિકપૌષ્ટિકાદિ કર્મો બાજૂપર રાખીને ઉપનયન અને વિવાહ એ સંસ્કારરૂપ બે મહત્વના કર્મો જ ઉદાહરણાર્થે લઈયે. એટલે વર્તમાનકાલીન દ્વિજાતિના ઘેર કેવા પ્રકારનું કર્મ થાય છે તે સ્પષ્ટ થશે. મનુષ્યનો ઉત્કર્ષ અને અપકર્ષ કરનારા અનેક કારણો પૈકી જે સૂર્યમાલામાં આપણે વસિયે છિયે તે સૂર્યમાલા માહેલા ગ્રહોનું અને સૂર્યનુ સારૂ નરતુ આકર્ષણ એ એક મુખ્યકારણ છે. ગ્રહોનું અનુકૂલ્ય થવા સારૂ ઉપનયન અને વિવાહસંસ્કાર કરવાના પૂર્વે ગ્રહયજ્ઞ કરવાનો પરિપાક છે. ગ્રહોની પ્રતિકૂલતાના લીધે જમાઈને કે પુત્રને પ્રાણાંતિકવ્યાધિ પ્રાપ્ત થતાં તે નિવૃત્ત કરવા સારૂ ઔષધોપચારાદિકમાં તેના વિવાહસંસ્કારને થયેલાં ખર્ચ કરતાં પણ વિશેષરકમ ખર્ચ કરનારા લોકો સ્થળે સ્થળે વારંવાર જોવામાં આવે છે પરંતુ, જે ગ્રહોની પ્રતિકૂલતાના લીધે વ્યાધિ પ્રાપ્ત થાય છે તે ગ્રહોનું આનુકૂલ્ય સંપાદન કરવા સારૂ જે ગ્રહયજ્ઞ કરવામાં આવે છે તે માત્ર ગ્રહોના ક્રોધને જ કારણરૂપ થાય છે. **प्रथमग्रासे मक्षिकापातः—** પેહેલાકોળીયામાં જ માખી-એ ન્યાયે કર્મકરાવનારો પુરોહિત તો વેદવિક્રયી, દ્રવ્યલોભથી ઘાંચી મોચીના પૈસામાટે વેદવિક્રયકરનારો, ગુરૂતાપગામી કે ડાંભેસો મહાપાપી હોય છે. ગ્રહપ્રતિમા કોઈ પણ કરતો નથી. અક્ષતાપુંજઉપર ગ્રહસ્થાપના કરે છે. પરંતુ વિવાહમાં હજારો રૂપિયા ખર્ચ થાય તો પણ ગ્રહના નીચે અક્ષતપુંજ ન હોઈને ક્ષતતંડુલપુંજ અથવા ક્ષતકણપુંજ હોય છે. સુપારીઉપર દેવતાનું આવ્હાન કરે છે, પરંતુ એ સુપારીઓ તો એક પૈસાની સોળ માંહેલી ફર્માસી હોય છે. પૂર્ણપાત્ર, ક-

લશ, પંચરત્ન, વસ્ત્ર ઈત્યાદિકની વ્યવસ્થા ઉપહાસાસ્પદ જ હોય છે. દૂર્વાંકુર ગણીને પૂજાસામગ્રીમાં કાંઇ રાખેલું હોય છે. પરંતુ તે દૂર્વાંકુર ન હોઇને ચાહે તે સ્થળેથી કોઇએ પણ માટીસાથે તાણી આણેલું શીતલાવાહનને પ્રિય એવું ઘાસ હોય છે. પુષ્પાદિકનું અર્પણ એટલે જેમ કોઇ અપવિત્ર પદાર્થ હાથે ન ચોટે એવી રીતે નાંખી દેય છે તેના જેવી જ વ્યવસ્થા હોય છે. ગંધસમર્પણ એટલે પડીયામાં પળાલેલા કંકુના, છટ્, કંકુ તે કેવું ! વિલાયતી રાતા રંગના છાટાં દ્રોની જુડીથી ઉડાડવા. અથવા પૂજાકરનારો વિશેષશ્રદ્ધાવાળો હોય તો હાથની વચલી આંગળીનું અગ્ર તે રંગમાં બોળીને અંગુઠાના દબાણથી છાંટા ઉડાડવા. આ રંગના છાંટા ઉડાડવાના વખતે મંત્ર ગંધનો જ ચાલતો હોય એ પણ નિયમ હોતો નથી. પૂજાકરનારો ઝડપવાળો હોય તો આસનનો જ મંત્ર ચાલતો હોય છે અને પુરોહિતમહારાજ વિશેષઝડપવાળા હોય તો રંગના છાંટા ઉડાડવાના વખતે ધૂપદીપના મંત્ર બોલતા હોય છે. મંત્ર વૈદિક હોય તો તે શુદ્ધ ઉચ્ચારવામાં આવે છે. પરંતુ જો પૌરાણિક મંત્ર હોય તો પુરોહિતમહારાજના મુખમાંથી તે અમુક જ અર્થના નિકળશે એ નિયમ હોતો નથી. વળી, વૈદિક મંત્ર જોકે હોય તોપણ **अक्षतां समर्पयामी, पय नैवेद्यं समर्पयामी,** ઇત્યાદિ ગમ્મતો ચાલે જ છે, અને એવી રીતે થયેલા અહ્‌યજ્ઞથી ગ્રહાનુકૂલ્ય પ્રાપ્ત થવાનું હોય છે. હજાર કે ડોઢહજાર રૂપિઆ વિવાહ માટે ખર્ચ થાય છે. પરંતુ, વિવાહમાં બે બ્રાહ્મણોના ભોજનને પુરતું અન્ન જે નાંદીશ્રાદ્ધમાં પુરોહિતને નિષ્કયરૂપે અર્પવામાં આવે છે તે એકથી ડોઢ આના સુધી કિંમતનુંજ હોય છે. અને કરેલા કર્મની સાંગતાસિધ્યર્થે વિષ્ણુરૂપી પુરોહિત મહારાજને જે દક્ષિણા આપવાની હોય છે તે દક્ષિણા દ્રવ્યની સ્થિતિ તો બે કુતરાઓના વચમાં પડેલા રોટલા જેવી જ હોય છે. સાંગસંપૂર્ણવેદાધ્યયનથી રહિત અને કર્મના યથાર્થ વિધિને ન જાણનારા અજ્ઞાની પુરોહિતની સકલપ્રમાણશિરોમણી પરમપૂજ્યશ્રીવેદેજ નિંદા કરેલી છે **अथ ह तं व्येव कर्षन्ते यथा ह वा इदं निषादा वा सेळगा वा पापकृतो वा वित्तवन्तं पुरुषमरण्ये गृहीत्वा कर्तमन्वस्य वित्तमादाय द्रवन्त्येवमेव त ऋत्विजो यजमानं कर्तमन्वस्य वित्तमादाय द्रवन्ति यमनेवंविदो याजयन्ति**–નિષાદ–ભિલ્લ, સેળગા–દ્રવ્યાપહાર માટે

ધાડપાડનારા, અને પાપ કરનારા-હિંસા કરનારા-પાપી એ ત્રણ પ્રકારના દુષ્ટ લોકો જેમ અરણ્યમાં ધનવાળાને પકડીને અને ખાડ વિગેરેમાં નાંખીને તેનું ધન પડાવીને ભાગી જાય છે તેમ. અજ્ઞાની ઋત્વિજ યજમાનને અજ્ઞાનથી કરવામાં આવનારા નરકપ્રદ અનુષ્ઠાનમાં કરે છે અને દક્ષિણાના મિષથી તેના દ્રવ્યનો અપહાર કરીને પોતાના ઘેર જાય છે-(ઐતરેયબ્રાહ્મણ સપ્તમખંડ). વિધિહીન, અસૃષ્ટાન્ન અને અદક્ષિણ કર્મો કેવા હોય છે તે આ ઉદાહરણથી સ્પષ્ટ થાય છે. સંસ્કાર એ મંત્રોથી થવાના હોય છે. પરંતુ, સોમાં નવ્વાણુંજ નહી તો હજારે નવસો નવ્વાણું સંસ્કારકર્તા દ્વિજો સંસ્કારકરણસમયે તદ્દન અજ્ઞિમ હોવાથી સંસ્કારાદિ કર્મો મંત્રહીન થાય છે એ સિદ્ધ જ છે. જેમ ચાળવું, મસળવું અને ચોડાવવું આ ત્રણ સંસ્કાર યોગ્યસમયમાં અને યોગ્યપ્રમાણમાં યથાનુક્રમે કર્યા વિના રોટલો સારો થતો નથી તેમજ ગર્ભાધાનથી જાતકર્મસુધીના સંસ્કાર યોગ્યસમયમાં અને યોગ્યપ્રમાણમાં થયા વિના પ્રાપ્ત થનારી સંતતી સારી નિવડવાની આશા કરવી એ ફોકટ છે. યજ્ઞ કથન કર્યા પછી **देवद्विजगुरुप्राज्ञपूजनं** $\frac{17}{14-15}$ ઇત્યાદિ ત્રણવચનોમાં તપનુ વિવેચન કરેલું છે. દેવ, દ્વિજ, ગુરૂ અને જ્ઞાની એમનું પૂજન, શૌચ, સરલપણું, બ્રહ્મચર્ય અને અહિંસા એ શારીરતપ છે એમ કહેલું છે. આ પ્રમાણે શારીરતપ કરનારા તપસ્વી ક્યાંય જોવામાં આવતા નથી. અનુદ્વેગજનક, સત્ય, પ્રિય અને પરિણામે હિતકારક થનારૂં ભાષણ અને વેદાધ્યયન એ વાઙ્મયતપ છે. આ વાઙ્મયતપમાં નિમગ્ન થયેલો કોઇપણ દૃષ્ટીગોચર થતો નથી. **मनःप्रसादःसाम्यत्वं** $\frac{17}{16}$ એ વચનમાં કહેલા માનસતપનુ અવલંબન કરનારા કોણ છે તે તો શ્રીભગવાન જ જાણે! સારાંશ એજ કે, અભ્યુદયને આવશ્યક એવા કર્મપૈકી સાત્વિક આહાર, યજ્ઞ અને તપ એ કર્મો સાંપ્રત ક્યાંય થતાં જોવામાં આવતા નથી અને તેનાજ લીધે શોચનીય દશા પ્રાપ્ત થતાં તે શાથી આવેલી છે તેની આ કારણપરંપરા લક્ષ્યમાં ન લેતાં કાંઇ પણ કાલ્પનિક કારણપરંપરા મોહથી ઠરાવવી એ અત્યંત મૂર્ખતાજ છે. શ્રીભગવાને કહ્યા પ્રમાણે અભ્યુદયકારક આહાર, યજ્ઞ અને તપ એ ત્રયીથી અલિપ્ત અથવા હાનિકારક આહારાદિકોનુંજ અવલંબન કરનારાઓને આ ભગવદ્વચનો રૂચશે નહી એ સારી પેઠે જાણીયે છિયે. પરંતુ, જેમને ભગ-

વદૂચનો રૂચતા નથી તે વિધિનિષેધાતીત લોકોએ પોતાને વર્ણાશ્રમધર્મી ક-હીને સનાતન વર્ણાશ્રમધર્મપ્રવર્તક શ્રીભગવાનનો ઉપહાસ થવાનો પ્રસંગ ટાળવાનો ઉપકાર કરશે એવી અમારી પ્રાર્થના છે. તપ કથન પછી **दात-व्यमिति यद्दानं** ૨૦ ૧૭/૨૮ ઇત્યાદિ વચનોમાં દાનના પ્રકાર કહેલાં છે. એ પ્રકારોમાં સાંપ્રતના અંધશ્રદ્ધાવાળા અને પંડિતમન્યોએ સંસ્કારકર્મમાં આવ-શ્યક એવું દાન દ્રવ્યદ્વારા મંદિરોમાં અને ફંડોમાં મોકલવાનો ચલાવેલો દાન-પ્રકાર તામસપ્રકારમાં પણ અંતર્ભૂત થઈ શકતો નથી. કારણકે, અપાત્રે ક-રેલું દાન તામસદાન છે. અપાત્ર એટલે પ્રતિગ્રહાધિકાર જેને છે તે બ્રાહ્મણ-વર્ગ માહેલી અધમવ્યક્તિ. મંદિર, વર્ણાશ્રમધર્મથી પતિત થયેલા સાધુડા અને બ્રાહ્મણેતર લોકોનો અંતર્ભાવ પ્રતિગ્રહાધિકૃત વ્યક્તિમાં થવાનો અત્યંત અભાવ હોવાથી અંધશ્રદ્ધાવાળા અને પંડિતમંન્યોએ ચલાવેલો દાનપ્રકાર તામસદાન પણ નથી એ પાકું ધ્યાનમાં રાખવું. યજ્ઞદાનતપઃપ્રભૃતિ કર્મોનું સાફલ્ય સંપાદન કરવા સારૂ બ્રહ્મનો ત્રિવિધનિર્દેશ **ॐ तत्सदिति निर्देशो** ૨૩ ૧૭/૨૮ એ વચનમાં કહેલો છે; અને યજ્ઞ, દાન અને તપ એ કર્મો મુમુક્ષુ કરે છે એમ **तदित्यनभिसंधाय** ૨૫ ૧૭/૨૮ એ વચનમાં ભગવાને કહેલું છે. પરંતુ વર્તમાનકાલમાં જે મુમુક્ષુગણ અને ગુરૂસમુદાય સ્થળે સ્થળે ભટકતા જોવામાં આવે છે તેમનામાં આ મોક્ષસાધનરૂપ કર્મો પૈકી એકે ક-ર્મનું અવલંબન કરનારો એકે જણાતો નથી. તેથી યજ્ઞદાનતપોરૂપકર્મહીન થયેલાં જે કર્માધિકારીઓ મોક્ષગુરૂ અને મુમુક્ષુશિષ્ય બનેલા જોવામાં આવે છે તેઓ પોતાના અને રાષ્ટ્રના નાશને કારણ થનારા ઈશ્વરદ્રોહી ન-રાધમ જ છે. સચ્છબ્દનો પ્રયોગ ક્યાં કરવો યોગ્ય છે એ **सद्भावे साधु-भावे च** ૨૬ ૧૭/૨૮ આ વચનમાં કહેલું છે. તેમજ યજ્ઞ, તપ અને દાન એ વિષે તત્પરતા અને તત્સંબંધી કર્મ એમને સત્ એમ કહે છે એમ **यज्ञे तपसि दाने च** ૨૭ ૧૭/૨૮ આ વચનમાં કહેલું છે. તેથી સદાચારી, સજ્જન, સાધુજન, શિષ્ટ, સંત ઇત્યાદિ સંજ્ઞાઓને યજ્ઞદાનતપઃપ્રભૃતિવિ-હિતકર્મોનું અવલંબન કરનારા જ પાત્ર હોઇને બીજાઓ તદ્દન અપાત્ર છે એ સિદ્ધ થાય છે. એમ આ સતરમો અધ્યાય દ્વિજોને વિહિત એવા યજ્ઞ-દાનાદિ કર્મોના વિવેચનથી જ ભરેલો છે.

मोक्षसंन्यासयोग નામક અઢારમા અધ્યાયમાં આરંભે સંન્યાસ

અને ત્યાગ એમનું તત્વ **संन्यासस्य महाबाहो** ૧ $\frac{૧૮}{૪૬૨}$ એ પ્રથમવચ-નથી અર્જુને પુછેલું હોઇને **काम्यानां कर्मणां न्यासं** ૨ $\frac{૧૮}{૪૬૨}$ એ વચ-નમાં શ્રીભગવાને તે બંનેનુ તત્વ કહેલું છે. ત્યારપછી યજ્ઞદાનતપોરૂપકર્મ સંબંધે ઇતરોનું મત અને પોતાનુ નિશ્ચિત મત ભગવાને કહેલું છે. નિત્ય-કર્મોનો ત્યાગ મુમુક્ષુથી થઇ શકે નહી એમ **नियतस्य तु संन्यासः** ૭ $\frac{૧૮}{૪૬૯}$ એ વચનથી કહેલું છે. વિહિતકર્મ કર્તવ્યબુદ્ધિથી ફ્લાશા તજીને કરવું એ સાત્વિક ત્યાગનુ લક્ષણ **कार्यमित्येव यत्कर्म** ૯ $\frac{૧૮}{૪૬૯}$ એ વચનમાં કહેલું હોઇને ફ્લેચ્છા તજીને વિહિત કર્મ કરવું એ જ્ઞાનનિષ્ઠાધિકાર પ્રાપ્ત થવાનું સાધન દર્શાવ્યું છે. અને **न ही देहभृता शक्यं** ૧૧ $\frac{૧૮}{૪૭૨}$ એ વચનમાં ફ્લાકાંક્ષા તજીને વિહિતકર્મ કરનારોજ ત્યાગી છે એમ કહેલું છે. **अनिष्ट-मिष्टं मिश्रंच** ૧૨ $\frac{૧૮}{૪૭૨}$ એ વચનમાં કર્મોનું ત્રિવિધફળ કોને પ્રાપ્ત થાય છે અને કોને પ્રાપ્ત થતું નથી એ કહેલું હોઇને કર્મસિદ્ધિને આવશ્યક એવા પાંચ કારણો કયા તે દર્શાવેલું છે. ત્યારપછી દુર્મતિ અને સુમતિ પુરૂષના લક્ષણો કહેલા હોઇને કર્મચોદના અને કર્મસંગ્રહ એમનું ત્રૈવિધ્ય કહેલું છે. ત્યારપછી ગુણાનુરૂપ જ્ઞાનપ્રકાર કહેલા હોઇને તેવીજ રીતે કર્મપ્રકાર પણ કહેલાં છે. અને ત્યારપછી કર્તા, બુદ્ધિ અને ધૃતિ એમના પણ ત્રણ ત્રણ પ્રકાર કહેલાં છે. તેમાં સાત્વિકબુદ્ધિનું જે લક્ષણ **प्रवृतिं च निवृतिं च** ૩૦ $\frac{૧૮}{૪૪૭}$ એ વચનથી કહેલું છે તે સાંપ્રતના બુદ્ધિમાનત્વે પ્રસિદ્ધ એવા પુરૂષો પૈકી એકેના વિષે ઘટતું નથી. રાજદંડ જે ગુન્હાઓને નથી એવા ધાર્મિક ગુન્હાઓ કુલમાંહેલા અને સમાજમાંહેલા ગુરૂજનની પર્વા ન કરીને ખુલ્લી રીતે કરવા એ આજકાલના મૂર્ખશિરોમણીઓનું માનસિકધૈર્ય છે. પરંતુ **धृत्या यया धारयते** ૩૩ $\frac{૧૮}{૪૪૮}$ ઇત્યાદિ ત્રણવચનો વડે ધૈર્યના જે સાત્વિક, રાજસ અને તામસ ત્રણ પ્રકાર ભગવાને કહેલાં છે તે પૈકી પેહે-લાં બેમાં એ માનસિક ધૈર્યનો અંતર્ભાવ થવો એ અત્યંત અશક્ય છે. મન, પ્રાણ અને ઇંદ્રિયોની ગતી શાસ્ત્રવિરૂદ્ધ માર્ગમાં ન થવા દઇને નિત્ય સમાધાનવૃત્તિ રાખવી એ સાત્વિક ધૈર્ય છે ધર્મ, અર્થ અને કામ એ નિત્ય આચરવાં જોઇએ એમ સમજીને એ ત્રણે પૈકી જેનું જેનું અવલંબન કર-વાનો જ્યારે જ્યારે પ્રસંગ આવે છે ત્યારે ત્યારે તેમના ફ્લની જે ધૈર્યના યોગે આશા કરાય છે તે ધૈર્ય રાજસ છે. અને જે દુર્બુદ્ધિપુરૂષ નિદ્રા, ભય,

શોક, વિષાદ અને મદ ઉત્તમ માને છે અને શાસ્ત્રનિષિદ્ધ વિષયોપભોગ એજ પોતાનું કર્તવ્ય છે એમ માનીને તેને મુકતોજ નથી તે તેનું ધૈર્ય તામસ છે. **यत्तदग्रे विषमिव** ૩૭૪/૧૮ **विषयेंद्रियसंयोगात्** ૩૮૪/૧૮ અને **यदग्रे चानुबंधेच** ૩૯૪/૧૮ આ વચનેથી સુખના ત્રણ પ્રકાર કહેલાં છે. એ પૈકી સાત્વિકસુખની પાછળ લાગેલો કોઇપણ જણાતો નથી. રાજસ અને તામસસુખનાજ પાછળ લાગેલા નજરે પડે છે.

સંસારકારણની નિવૃત્તિ કેમ થશે એ કેહેવા સારૂ, સર્વગીતાશાસ્ત્રનો ઉપસંહાર કરવા સારૂ અને વેદ તથા સ્મૃતિનો સારભૂત અર્થ એટલોજ હોઇને પુરૂષાર્થપ્રાપ્તિની ઇચ્છાકરનારાએ એનુંજ અવલંબન કરવું યોગ્ય છે એ દર્શાવવા સારૂ **ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परंतप । कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवगुणैः** ૪૧/૧૮ એ પ્રકરણનો આરંભ થયેલો છે. આ વચનમાં **शूद्राणां** એ પદ ભિન્ન હોઇને **ब्राह्मणक्षत्रियविशां** એ પદ ભિન્ન હોવાનું કારણ એટલે એકસામાસિકપદમાં જેમ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એમનો સમાવેશ કરેલો છે તેમ શૂદ્રોનો સમાસમાં સમાવેશ નકરવાનું કારણ શૂદ્ર એકજાતિ હોવાથી તેને વેદનો અધિકાર નથી એ છે. **प्रविभक्तानि** એટલે ઇતરેતરવિભાગથી ઠરાવેલાં છે. ઇતરેતર વિભાગથી એટલે પૃથક્ પૃથક્ પ્રકારથી **स्वभावप्रभवैर्गुणैः** એ પદનુ વ્યાખ્યાન બે પ્રકારે થાય છે અને તે **स्वभाव** શબ્દનો અર્થ બે પ્રકારનો હોવાથી થાય છે. ઇશ્વરની ત્રિગુણાત્મિકા પ્રકૃતિ એ સ્વભાવશબ્દનો એક અર્થ છે અને પ્રાણિઓના વિદ્યમાનજન્મમાં સ્વકાર્યાભિમુખથઇને પ્રકટ થયેલો પૂર્વજન્માર્જીતસંસ્કાર એ સ્વભાવશબ્દનો બીજો અર્થ છે. એ સ્વભાવ અથવા પ્રકૃતિ જે ગુણોનું કારણ છે તે સ્વભાવપ્રભવગુણ **प्रभव** એટલે કારણ **स्वभावप्रभवैः** એ વિશેષણ છે. **प्रविभक्तानि** એ પદનો મુખ્યઅન્વય **गुणैः** એ પદના સાથે છે. **स्वभावप्रभवैः** એ પદના સાથે નથી. સારાંશ એજકે, બ્રાહ્મણાદિ વર્ણોના કર્મો ગુણોથી પૃથક્ પૃથક્ વિભાગીને ઠરાવેલા છે; એ સિદ્ધ થાય છે. એટલે ગુણોથી કર્મો ઠરાવેલાં છે એ નિરસંશય છે. ગુણોથી વર્ણ ઠરાવેલા નથી વર્ણ પૂર્વસિદ્ધજ છે. સિદ્ધ એવા બ્રાહ્મણાદિ વર્ણોના પૃથક્ પૃથક્ વિભાગથી એટલે બ્રાહ્મણના જુદા, ક્ષત્રિયના જુદા, વૈશ્યના જુદા અને શૂદ્રના જુદા એવી રીતે ગુણોથી કર્મો

ઠરાવેલાં છે. એ **ब्राह्मणक्षत्रियविशां शूद्राणां कर्माणि गुणैः प्रविभक्तानि** એ પદોનો આશય છે. હવે, બ્રાહ્મણાદિવર્ણોના કર્મોનું વ્યવસ્થાપક શાસ્ત્ર ? કે સત્વાદિ ગુણ ? એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે. પરંતુ, ક્ષત્રકર્મ પ્રતિપાદક વચનમાંહેલાં **क्षत्रकर्म** શબ્દનું વ્યાખ્યાન **क्षत्रियजातेर्विहितं कर्म क्षत्रकर्म**- ક્ષાત્રિયજાતિને વિહિત એવું કર્મ તે ક્ષત્રકર્મ-એમ છે. અર્થાત્ બ્રાહ્મણાદિવર્ણોને વિહિત એવાં કર્મોનો નિર્દેશ **शमोदमस्तपः शौचं** ૪૨ ૧૮/પૃ **शौर्यं तेजो धृतिर्दाक्ष्यं** ૪૩ ૧૮/પૃ અને **कृषिगोरक्ष्यवाणिज्यं** ૪૪ ૧૮/પૃ આ વચનોમાં ભગવાને કર્યાનું સિદ્ધ થાય છે. **शमो दमः** એ વચનમાંહેલા **ब्रह्मकर्म** શબ્દનો અર્થ **ब्राह्मणजातेः कर्म ब्रह्मकर्म**–બ્રાહ્મણ જાતિનું કર્મ તે બ્રહ્મકર્મ જ એવો હોઇને **कृषिगोरक्ष्य** એ વચનમાંહેલાં **वैश्यकर्म** શબ્દનો અર્થ **वैश्यजातेः कर्म वैश्यकर्म**–વૈશ્યજાતિનું જે કર્મ તે વૈશ્યકર્મ-એવો છે. સારાંશ એજકે, પૂર્વસિદ્ધવર્ણોને અનુલક્ષીને કર્મનું વિધાન આ સ્થળે કરેલું છે. અર્થાત્ સિદ્ધ એવા બ્રાહ્મણાદિ જાતના કર્મો કયા એ કહેલું છે. જાતિને અનુલક્ષીને વિહિત એવા કર્મોનો નિર્દેશ આ સ્થળે હોવાનું કબૂલ છે પરંતુ, આ કર્મો કોણે વિહિત ઠરવ્યા ? શાસ્ત્ર એ કર્મવિધાયક છે કે ગુણ એ કર્મવિધાયક છે ? એવી શંકા કોઇને થવાનો સંભવ છે. પરંતુ તે નિરર્થક છે કારણ કે **यः शास्त्रविधिमुत्सृज्य** ૨૩ ૧૬/૪૦૮ અને **तस्माच्छास्त्रं प्रमाणं ते** ૨૪ ૧૬/૪૦૮ એમ પૂર્વે કહેલુંજ છે. તેમાં **शास्त्रविधिं, शास्त्रंप्रमाणं, शास्त्रविधानोक्तं** એવા પદો સ્પષ્ટ હોવાથી કર્મોનું વિધાયકશાસ્ત્ર જ છે. 'બ્રાહ્મણાદિકોના શમાદિ કર્મો શાસ્ત્રવિહિત હોઇને તે શાસ્ત્રેજ જુદેજુદા વેચી આપેલાં છતાં **गुणैः प्रविभक्तानि**–સત્વાદિ ગુણને લીધે તે વિભક્ત છે–એમ શામાટે કહ્યું, એવી કોઇને શંકા થશે. પરંતુ એમ કેહેવામાં કોઇપણ દોષ નથી. કારણકે, શાસ્ત્રે બ્રાહ્મણાદિકોના શમદમાદિ કર્મો સત્વાદિ વિશેષગુણોને અનુલક્ષીનેજ જુદેજુદા વેચી આપેલા છે, ગુણોની અપેક્ષા નહી રાખતાં શાસ્ત્રે તે વિભાગી આપેલા નથી. તેથી શાસ્ત્રપ્રવિભક્તકર્મો છતાં પણ ગુણપ્રવિભક્ત છે એમ કહેલું છે. શમદમાદિકર્મો જેના વિષે દેખાય તે બ્રાહ્મણ, શૌર્યાદિકર્મો જેના વિષે હોય તે ક્ષત્રિય, કૃષિપ્રભૃતિકર્મો જેના વિષે હોય તે વૈશ્ય અને સેવાકર્મ જેના વિષે જોવામાં આવે તે શૂદ્ર એમ પંડિતમન્યો માને છે. પરંતુ, ગીતાવચનથી

તેમ સિદ્ધ થતું નથી. કારણકે, તેમ કહેવાનો જો ભગવાનનો ઉદ્દેશ હત તો બ્રહ્મકર્મ સ્વભાવજમ્ એમ ન કેહેતાં શમદમાદિભિર્ભવતિ બ્રાહ્મણઃ એમ કેહેત; પણ તેમ ક્યાંય કહેલું નથી. સારાંશ એજકે, શમદમાદિ ગુણોના યોગથી કોઇપણ બ્રાહ્મણ થાય છે એમ તેમણે કહ્યું હોત. પરંતુ તેમ ક્યાંય પણ કહેલું નથી. વળી, શમદમાદિક, શૌર્યાદિક, કૃષ્યાદિક અને સેવા એ ગુણ દેહની ઉત્પત્તિના સાથે માનવોના વિષે હોવા સંભવનીય નથી. ત્યારે શમદમાદિકથી જો વર્ણનિશ્ચય કરવાનો હોય તો જાતકર્માદિ સંસ્કાર જે અત્યંતાવશ્યક છે. તે ક્યારે કરવાના? કારણકે, બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ પૈકી પેહેલાત્રણના એ સંસ્કાર સમંત્રક કરવાના હોઇને છેલ્લાંના એટલે શૂદ્રના અમંત્રક થાય છે. ત્યારે પ્રૌઢવયમાં વ્યક્તિના મનની ગતી શૂદ્રકર્મમાં છે કે દ્વિજકર્મમાં છે એ કદાચિત ઠરવાનું; અને ત્યારપછી જાતકર્માદિસંસ્કાર થવાના. પરંતુ સંસ્કાર તો વખતનાવખત ઉપરજ થાય છે. વળી, પુંસવન અને સીમંતોન્નયન આ સંસ્કાર સંસ્કાર્યવ્યક્તિ ગર્ભાશયમાં છતાંજ થવાના હોય છે અને ગર્ભાધાનસંસ્કાર તો ગર્ભસ્થાપન સમયેજ થવાનો હોય છે. તેથી કયા કર્મમાં મનની રૂચી છે એ જોઇને જાતિ ઠરાવવાનુ અત્યંત અશક્ય છે. વળી, વર્ણચતુષ્ટયને અનુલક્ષીને જે કર્મો ભગવાને અહિં કહેલાં છે તે પૈકી કેટલાએક કર્મો તિર્યગ્યોની માંહેલા પ્રાણિઓ પણ કરે છે. તેથી તિર્યગ્યોની માંહેલા પ્રાણિ પણ ક્ષત્રિય, વૈશ્ય અથવા શૂદ્ર ઠરવા લાગશે. સિંહ, વ્યાઘ્ર ઇત્યાદિ શ્વાપદોના વિષે શૌર્ય, તેજ, ધૈર્ય, દક્ષતા અને યુદ્ધમાં વિમુખ ન થવાપણું આ ગુણો જોવામાં આવે છે. પરંતુ સિંહ, વ્યાઘ્ર, શ્વાન ઇત્યાદિકની ગણના ક્ષત્રિયમાં કોઇપણ કરતો નથી. કર્મપ્રવૃત્તિ ઉપરથી જો જાતિ નિશ્ચિત કરવાનું ઠરશે તો જગદાંધ્યપ્રસંગની પ્રાપ્તિ થશે. અને એકજ વ્યક્તિ અનેક જાતિની થઇ પડશે. નટોની જાતિ કઇએ ઠરાવવાનું દુર્ઘટ થશે અને ગુપ્ત રિતે બાતમી મેળવવાના ધંધા કરનારાઓની જાતિ અનેક થઇ પડશે. વળી, જેવી કર્મપ્રવૃત્તિ થશે તેને અનુસરીને જાતી જાણવી એમ માનતા સ્વકર્મરત, સ્વકર્મનિષ્ઠ સ્વકર્મભ્રષ્ટ ઇત્યાદિ શબ્દ વ્યર્થ થઈ પડશે.

અર્જુન યુદ્ધવિમુખ થઇને ભિક્ષા ઉપર જીવિકા ચલાવવા તૈયાર થયેલો હતો પરંતુ ભગવાન શ્રીકૃષ્ણે તું બ્રાહ્મણ થયો છે એમ ન કેહેતાં સ્વધર્મ-

ચ્યુત થાય છે એમજ કહેલું છે. આવેષધારણ કરીને અને ત્રાંગ્જાતને યોગ્ય એવું જ કર્મ કરીને વિરાટના ઘેર રહેલો અર્જુન સ્ત્રી ગણાયો નથી. વળી, વર્ણવ્યવસ્થા ઉત્પત્તિસિદ્ધ ન માનતાં **स्वे स्वे कर्मण्यभिरतः** ૪૫ ૧૮/૫૪ ઇત્યાદિ વચનો વ્યર્થ થઇ પડશે પોતપોતાના કર્મો વિષે તત્પર એવા મનુષ્યને સિદ્ધિ પ્રાપ્ત થાય છે એમ આ વચનમાં સ્પષ્ટ કહેલું છે. હવે, ' **संसिद्धि** એ શબ્દનો અર્થ જ્ઞાનનિષ્ઠાયોગ્યતા એમ આ સ્થળે કરેલો છે; ત્યારે, જ્ઞાનનિષ્ઠાયોગ્યતારૂપ સિદ્ધિને સ્વકર્મતત્પરતા આવશ્યક ભલે હો; જ્ઞાનનિષ્ઠાયોગ્યતા વિના બીજા કર્મોની સિદ્ધિ સ્વકર્મતત્પરતારહિત મનુષ્યને થવામાં કાંઇ પણ હરકત નથી' એમ જો કોઇ કહે તો **उत्सन्नकुलधर्माणां** ૪૪ ૧/૧૫ **एवं प्रवर्तितं चक्रं** ૧૬ ૩/૧૪ **नायं लोकोऽस्त्ययज्ञस्य** ૩૧ ૪/૧૭ આ વચનો ધ્યાનમાં લેતાં એ તેનું કહેવું કેવળ મૂર્ખપ્રલાપ જ છે. **यतः प्रवृत्तिर्भूतानां** ૪૬ ૧૮/૫૫ આ વચનમાં **स्वकर्मणा** એ પદ સ્પષ્ટ છે અર્થાત્ સ્વકર્મ એ જ ઈશ્વરાર્ચનના સાધનત્વે આ વચનમાં કહેલું છે. સારાંશ એ જ કે, સ્વકર્માનુષ્ઠાન એ જ સિદ્ધિરૂપ ફલઆપનારી ઈશ્વરારાધના છે એમ આ વચનથી સિદ્ધ થાય છે. **श्रेयान्स्वधर्मो विगुणः** ૪૭ ૧૮/૫૫ એ વચનમાં વિગુણ એવો પણ સ્વધર્મ ઉત્કૃષ્ટ રીતે આચરેલા પરધર્મથી શ્રેષ્ઠ છે. કારણ કે, સ્વભાવતઃ વિહિત એવું કર્મકરનારાને પાપ લાગતું નથી એમ કહીને **सहजं कर्म कौन्तेय** ૪૮ ૧૮/૫૫ એમ કહેલું છે **सहजं सह जन्म नैवोत्पन्नं सहजं** એટલે જન્મ સાથે જ ઉત્પન્ન થયેલું તે સહજ એમ હોવાથી ગીતાશાસ્ત્ર માંહેલા **कर्म** શબ્દનો અર્થ વર્ણાશ્રમવિહિતકર્મ એમ જ છે. તે કર્મ જન્મના સાથે જ ઉત્પન્ન થયેલું છે. સહજકર્મ એટલે જ સ્વધર્મ તે મુકી દઈને પરધર્માવલંબનથી પુરૂષ દોષોથી મુક્ત થતો નથી. વળી પરધર્મ ભયોત્પાદક પણ છે અને જે અથ અજ્ઞાનાવસ્થામાં નિઃશેષતઃ કર્મત્યાગ થવો શક્ય નથી તે અર્થે સ્વવર્ણાશ્રમવિહિતકર્મનો ત્યાગ કરવો નહી એ જ ગીતાશાસ્ત્રનું પ્રમેય છે એટલે ગીતાશાસ્ત્ર આપણને એ જ કહે છે કે **स्ववर्णाश्रमविहितकर्मनुं ज आचरण कर.**

હે પરમપ્રિય જીજ્ઞાસુ, " આ ગીતાશાસ્ત્રનું પ્રમેય શું ? " એ પ્રથમ પ્રશ્નનો ઉત્તર સંક્ષેપથી **श्रीमद्भगवद्गीतारहस्य**ના **प्रमेयकथननामक-प्रथमप्रकरण**રૂપે અહિં પૂર્ણ થયો છે. એમાં અનેક ઉપયુક્ત વિષયોનું વિવેચન

કરવાની જરૂર હતી, પરંતુ અધ્યાયવિષયક શંકાના સમાધાનમાં તે વિશેષ વિસ્તારપૂર્વક કહેવાનું હોવાથી નિરૂપાયે ટુંકામાં જ આ લેખન સમાપ્ત કર્યું છે. એથી ગીતાનું પ્રમેય ધ્યાનમાં આવશે જ; તથાપી તે સવિસ્તર જ્ઞાત થવા સારૂ એકાગ્ર ચિત્તે મનનપૂર્વક નિરંતર **શ્રીમદ્ભગવદ્ગીતાશાંકરભાષ્યાનુવાદ**નું જ અવલોકન કરશો.

॥ કોઈ ગાને પ્રમત્ત, તરૂણુહરિણુદૃગ્કેલિમાં લીન કોઇ,
કોઈ વાણીવિનોદે, હરિસ્મરણુ તજી લક્ષ્મિઆસક્ત કોઈ,
કોઈ ગો-શસ્ત્ર-વાજી-વ્રજ-ગજ-વસન-સ્વર્ણ-રત્નાદિકોમાં,
લાખોમાં એક ગીતામૃતરસ પીઇને તૃપ્ત જ્ઞાની જનોમાં ॥ ૧ ॥

* * * * *

॥ મીમાંસા ન ભણી, ન તે ઉપનિષત્ જોઈ કદી તત્ત્વથી
શ્રીમચ્છંકરભાષ્યથી ભગવતી ગીતા ભણી રે નથી
ધોળાં કે ભગવાં સુવસ્ત્ર ધરિને મિષ્ટાન્નપાને ચડે
ભગવદ્ભક્તિ મિષે હરે ધન-ધરા તો શ્રેય ક્યાંથી જડે ॥ ૨ ॥

* * * * *

॥ विमथ्य वेदोदधितः समुद्धृतं सुरैर्महाब्धेस्तु यथा महात्मभिः ।
तथामृतं ज्ञानमिदं हि यैः पुरा नमोगुरुभ्यः परमीक्षते च यैः ॥३॥

ઇતિશ્રી સ્માર્તમતોત્તેજકસભાઆસનાધિપ શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય સ્વામિશ્રી આત્માનંદસરસ્વતી વિરચિતે શ્રીમદ્ભગવદ્ગીતારહસ્યે પ્રમેયકથનાખ્યં પ્રથમપત્રં સમાપ્તમ્ ॥ ૧ ॥

સ્થલઃ—શ્રેયઃસત્ર મુ૦ નાંદોદ.	}	**पषा नारायणस्मृतय**

स्वल्पो जीवितकाल एष रचितो धात्रा पुनर्नश्वरं
दे... [illegible] ...नं च तत्र विविधा रोगाः पुनः कल्पिताः
एकस्यापि गुणस्य को ऽपि नियतं नो पारगो दृश्यते
तस्मात्सर्वमपास्य मानस भज गीतारहस्यामृतम् ॥ १ ॥

आत्मानंदसरस्वतीजी.

એકલા સંસ્કૃત બ્રહ્મસૂત્રશારીરકભાષ્યની કિંમત બાર રૂપિયા પડે છે તો પણ અમો સંપૂર્ણ સંસ્કૃત બ્રહ્મસૂત્રશારીરકભાષ્યસહ તેનું ભાષાંતર તથા બોધદાયક ટિપ્પણો સાથે, મૂળ સંસ્કૃત ગ્રંથ કરતા ત્રમણો ગ્રંથ દસ રૂપિયામાંજ આપવાનું જે સાહસ કરિયે છિયે તે કેવળ સર્વસાધારણલોકો શ્રીવેદના વ્યાસોક્તસિદ્ધાન્ત સમજીને અનાયાસે શ્રેય સંપાદન કરે એ સ્વાર્થબુદ્ધિનોજ પરિણામ છે એ અહિં સ્પષ્ટતા પૂર્વક દર્શાવિયે છિયે. એમ હોવાથી આ નિસ્વાર્થીકાર્યમાં પ્રત્યેક સ્વાર્થસાધુ પુરૂષે યથાશક્તિ સહાય કરીને સ્વાર્થ સાધવો એજ ઉચિત છે. આગાઉ ગ્રાહકમાં પોતાનું નામ નોંધાવ્યા વિના પાછળથી થનારા ગ્રાહકને માટે સંપૂર્ણ ગ્રંથનું મૂલ્ય ટપાલખર્ચવિના રૂપિયા પંદર.

શ્રીમદ્ભગવદ્ગીતાશાંકરભાષ્યાનુવાદઃ—શ્રીમન્મહેશ્વરાપરાવતાર જગદ્ગુરૂ શ્રીમદ્ભગવત્પૂજ્યપાદાચાર્ય-શ્રીશંકરાચાર્ય-ભગવાન્ પ્રણિત શ્રીમદ્ભગવદ્ગીતાશાંકરભાષ્યનો સરલ ગુજરાતીમાં અનુવાદ પત્ર સંખ્યા ૫૩૨, પાકુ પુઠું, સોનેરી નામ શ્રીશંકરાચાર્ય ભગવાનના ચિત્રચરિત્રસહ. મૂલ્ય પોષ્ટેજ સહ ત્રણ રૂપિયા.

શ્રીમદ્ભગવદ્ગીતારહસ્યઃ—ભગવદ્ભક્ત, શ્રદ્ધાવાન્ અને સ્વધર્મનિષ્ઠ પ્રત્યેક માનવ શ્રીમદ્ભગવદ્ગીતાનો નિત્ય નિયમથી આદરપુર્વક પાઠ કરે છે પરંતુ, શ્રીમદ્ભગવદ્ગીતાદ્વારા શ્રીભગવાને આપણને શો બોધ કર્યો છે અર્થાત્ શ્રીમદ્ભગવદ્ગીતા આપણને શું કહે છે એ જાણનારા ભગવત્કૃપાપાત્ર મનુજ થોડાં છે. આ આપણા પરમપૂજ્ય મહાગંભીર ગ્રંથનું રહસ્ય જાણવું અને તેમાં કહેલા માર્ગે વર્તવું એ પ્રત્યેક મનુષ્યનું આદ્યકર્તવ્ય છે પરંતુ, શ્રી ગીતાજી દેવવાણી સંસ્કૃત ભાષા-માં હોવાથી અને વર્તમાનકાલીન બહુજનસમાજ સંસ્કૃતભાષાથી અજ્ઞ હોવાથી પ્રત્યેક મનુષ્યને તીવ્ર ઇચ્છા છતાં પણ પોતાનું આદ્યકર્તવ્ય અજ્ઞાનતાના લીધે યથાયોગ્ય રીતે બજાવી શકાતું નથી. વળી, કેટલાએક અનધિકારી મિથ્યાસિદ્ધાન્તી લેભાગુ પંડિતમન્ય લોકો પરોપકારના મિષથી પ્રતિષ્ઠાદિ મેળવવા સારૂ નાના નામથી વ્યાખ્યાનો—ભજનો—કરીને શ્રદ્ધાવાન્ પરંતુ શાસ્ત્રસંસ્કારથી રહિત એવા માનવોને અવળા માર્ગે ચઢાવે છે અને તેના લીધે પોતાનું આદ્યકર્તવ્ય શ્રદ્ધા તથા સામર્થ્ય છતા પણ યથાયોગ્ય રીતે બજાવી શકાતું નથી. એમ હોવાથી આ સર્વ હરકતો દૂર થઇને શ્રી ગીતાજીનું યથાર્થ રહસ્ય સમજવા સારૂ, આપણે કેવી રીતે વર્તિયે છિયે અને શ્રીભગવાન્ આપણને કેવી રીતે વર્તવાનો શ્રી ગીતાજીમાં બોધ કરે છે એ સ્પષ્ટ જાણવા સારૂ સરલ ગુજરાતી ભાષામાં **શ્રીમદ્ભગવદ્ગીતારહસ્ય** નામક ગ્રંથ પ્રકટ થયો છે. આ ગ્રંથનું અવલોકન કરવાથી શ્રીગીતાજીના સ્વરૂપનો અને પોતાના કર્તવ્યનો યથાર્થ બોધ થશે તદનુસાર વર્તનારો માનવ ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ ચતુર્વિધ પુરૂષાર્થ મેળવી ઇહપરલોકમાં કૃતકૃત્ય થશે એમાં સંશય નથી. એવા આ અવશ્ય અવલોકનીય અત્યુત્તમ ગ્રંથનો સર્વને લાભ થવા સારૂ તેનું મૂલ્ય ૦ા આના રાખેલું હોવાથી પ્રત્યેક ગુજરાતી વાચક અવશ્યલાભ લેશે.

શ્રીમદ્ભગવદ્ગીતાશાંકરભાષ્યાનુવાદ એ ગ્રંથ મંગાવનારને શ્રી ભગવદ્ગીતારહસ્ય સાથે રૂપિયા ત્રણના વી. પી. થી મોકલવામાં આ

શ્રીધર્માખ્યાન:—આ ગ્રંથમાં માતાપિતાની સેવા, પાતિવ્રત–પતિસેવા, સ્વધર્મ, સદ અને નીતિનું કથન કરેલું હોવાથી સનાતન વેદધર્મના સ્વરૂપનો યથાર્થ થાય છે અને વાચક દુર્ગુણનો ત્યાગ કરીને સદ્ગુણી, સદાચરણી, સુશીલ સ્વધર્મનિષ્ઠ બનેછે. એમ હોવાથી પ્રત્યેક પુરુષે અવશ્ય એ ગ્રંથ વાંચવોજ છયે એટલુંજ નહીતો પોતાના પુત્રને, પુત્રીને, સ્ત્રીને બહેનોને અને મિત્રને વશ્ય વાચવાની ભલામણ કરવી જોઇએ. મૂલ્ય આના બે.

આત્માનંદી:—શ્રીકેશવમિશ્ર પ્રણિત **તર્કભાષા**નો બૃહદ્વિવેચનપૂર્વક અનુવાદ, આઠ આના.

ન્યાયકરાવલંબન:—શ્રીઅન્નંભટ્ટ પ્રણિત **તર્કસંગ્રહ-દીપિકા**:—ની બૃહદ્વિવેચન પૂર્વક ગુજરાતી ભાષામાં ટીકા. મૂલ્ય સવા રૂપિયો.

સૂચના:—અષાઢી પુનમ તા. ૨૯–૭–૧૯૧૨ સોમવાર સુધી મંગાવનાર ગ્રાહકને શ્રીમદ્ભગવદ્ગીતારહસ્ય અને શ્રીધર્માખ્યાન આ બંને ગ્રંથ આઠ આનાના વી. પી. થી મોકલવામાં આવશે.

આત્માનંદી અને **ન્યાયકરાવલંબન**:—બંને ગ્રંથ એકત્ર પાકા પુઠામાં, મૂલ્ય બે રૂપિયા.

•**આત્માનંદીયસાંખ્યદર્શન**:—શ્રીકપિલમુનિપ્રણિત સૂત્રસર્વસ્વબોધક શ્રી ઈશ્વર કૃષ્ણ વિરચિત **સાંખ્યકારીકા**ની બૃહદ્વિવેચનપૂર્વક ગુજરાતી ભાષામાં ટીકા.

•**આત્માનંદીયપૂર્વમીમાંસાદર્શન**:—શ્રીજૈમિનિપ્રણિત **પૂર્વમીમાંસાસૂત્ર** અને તે ઉપરના **શ્રીશાબરભાષ્ય**નો વિસ્તૃતટિપ્પણસહ ગુજરાતી ભાષામાં અનુવાદ.

સમશ્લોકમહિમ્નસ્તોત્ર:—શ્રીપુષ્પદંતાચાર્ય પ્રણિત શ્રીશિવમહિમ્નસ્તોત્રનો ગુજરાતીમાં સમવૃત્તાત્મક અનુવાદ મૂલ સહ. મૂલ્ય પોષ્ટેજ સહ બે આના.

•**સમશ્લોકી વેણુ-ગોપી-યુગલ-ભ્રમર-ગીત**:—શ્રીમન્મહાભાગવત દશમ પૂર્વાર્દ્ધાંતર્ગત વેણુગીતાદિગીતચતુષ્ટયનો ગુજરાતીમાં સમવૃત્તાત્મક અનુવાદ મૂલ સહ.

શંકરપદપદ્મભૃંગ:—શ્રીશંકરાચાર્ય પ્રણિત **સનત્સુજાતિયભાષ્ય**નો અનુવાદ, મૂલ્ય આના પાંચ.

આ પુસ્તક નં ચિન્હ સિવાયના સ્થળે કર્તા પાસેથી મળશે. • આ ચિન્હથી દર્શાવેલા પુસ્તકો છપાય છે.

સ્થળ:—**શ્રેયઃસત્ર, મુકામ ગોરોદ, સંસ્થાન રાજપીપળા.**
(રેવાકાંઠા એજન્સી.)